
વર્ષ: 02, અંક: 14

16-31 જાન્યુઆરી 2022

નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



## અતુલ્ય ભારત આત્મનિર્ભર ભારત

**કોવિડના સમયમાં ભારે ફટકો સહન કરનાર પર્યટન ક્ષેત્ર હવે વધુ સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કનેક્ટિવિટી અને ઝડપી રસીકરણને કારણે આત્મનિર્ભર ભારતમાં ભાગીદાર બની રહ્યું છે.**



# આત્મનિર્ભર ભારતનો મંત્રઃ

# "મોટું વિચારો, મોટાં સપના જૂઓ અને તેને પૂરાં કરવા માટે કઠીન મહેનત કરો"

**નવા વર્ષમાં દરેક વ્યક્તિ, દરેક સંસ્થા કંઇક સારું કરવાનો અને સારા બનવાનો સંકલ્પ લે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ 2021ની પોતાના અંતિમ 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા જનતા સાથેના સંવાદમાં કહ્યું કે, કઈ રીતે છેલ્લાં સાત વર્ષોથી આ યાત્રા વ્યક્તિ, સમાજ અને દેશનાં સારા પાસાને બહાર લાવવાની અને વધુ સારું કરવાની પ્રેરણા આપતી રહે છે. આ મંચ એવું સાધન બન્યું છે જે દરેક વ્યક્તિની શક્તિ છે. વીતેલા વર્ષના અંતિમ 'મન કી બાત'માં વડાપ્રધાને આઝાદી ના અમૃત મહોત્સવમાં ભારતીય સંસ્કૃતિ, સ્વચ્છતા, જીવનમાં પુસ્તકોનું મહત્વ અને ઉચ્ચ વિચારો સાથે મોટાં સપના જોવાનો અને તેને પૂરા કરવામાં જોડાઈ જવાનો સંદેશો આપ્યો હતો. પ્રસ્તુત છે તેના અંશોઃ**

- **કોવિડ અને લોકશક્તિઃ** લોકશક્તિની તાકાતને કારણે ભારત 100 વર્ષમાં સૌથી મોટી મહામારી સામે લડી શક્યું. આજે આપણે ભારતની સરખામણી વૈશ્વિક રસીકરણના આંકડા સાથે કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે દેશે કેટલી અભૂતપુર્વ સિધ્ધિ હાંસલ કરી છે.
- **સતર્કતાઃ** આપણે એ પણ યાદ રાખવાનું છે કે કોરોનાનો નવો વેરિયેન્ટ આવી ચૂક્યો છે. આવામાં, પોતાની સાવચેતી અને શિસ્ત જ આ વેરિએન્ટ સામે દેશની બહુ મોટી તાકાત છે. આપણી સામૂહિક શક્તિ જ કોરોનાને હરાવશે. આ જવાબદારી સાથે આપણે 2022માં પ્રવેશ કરવાનો છે.
- **ગ્રુપ કેપ્ટન વરૂણ સિંહઃ** તાજેતરમાં તામિલનાડુમાં એક દુર્ઘટનામાં આપણે દેશનાં પ્રથમ સીડીએસ જનરલ બિપીન રાવત સહિત અનેક વીરોને ગુમાવ્યા. તેમાં ગ્રુપ કેપ્ટન વરૂણ સિંહ પણ હતા. તેમણે પોતાના સ્કુલ પ્રિન્સિપાલને એક પત્ર લખ્યો હતો. પત્રમાં વરુણ સિંહે પોતાનાં પરાક્રમના વખાણ નહોતા કર્યા પણ પોતાની નિષ્ફળતાની વાત કરી હતી. તેમણે કઈ રીતે પોતાની ખામીઓને ક્ષમતામાં બદલી તેની વાત કરી.
- **પરીક્ષા પર ચર્ચાઃ** દર વર્ષે હું પરીક્ષા પર ચર્ચામાં પરીક્ષાના તણાવનો સામનો કરવા અંગેના વિષયો પર ચર્ચા કરું છું. આ વર્ષે પણ હું પરીક્ષા પહેલાં વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવાનું આયોજન કરી રહ્યો છું. ધોરણ 9થી 12 સુધીના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે ઓનલાઇન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવશે.
- **પુસ્તક અને વ્યક્તિત્વઃ** પુસ્તકો માત્ર જ્ઞાન જ નથી આપતાં, વ્યક્તિત્વનો વિકાસ પણ કરે છે, જીવનનું ઘડતર પણ કરે છે. અત્યારે જ્યારે આપણો સ્ક્રીન ટાઇમ વધી રહ્યો છે ત્યારે બુક રીડિંગ વધુને વધુ લોકપ્રિય બને તે માટે આપણે સાથે મળીને પ્રયાસ કરવો જોઈએ.
- **પ્રાચીન સંસ્કૃતિઃ** આજે વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિ અંગે જાણવાની રુચિ વધી રહી છે. જો દેશનાં લોકો નિર્ધાર કરી લે તો દેશભરમાં આપણી પ્રાચીન કળાની સજાવટ, સુશોભન અને તેની સાચવણીનો જુસ્સો લોકઆંદોલનનું સ્વરૂપ લઈ શકે છે. એક નાનો પ્રયાસ, એક નાનકડું પગલું આપણી સમૃધ્ધ કળાના સંરક્ષણમાં મોટું પ્રદાન કરી શકે છે.
- **પક્ષી સંરક્ષણઃ** અરૂણાચલ પ્રદેશમાં જંગલો અને પક્ષીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. આ સ્થિતિ સુધારવા માટે 'એરગન સરેન્ડર' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે અને આ વિસ્તારના 1600થી વધુ લોકોએ પક્ષીઓનાં શિકારને રોકવા માટે પોતાની બંદૂકો સરેન્ડર કરી દીધી છે.
- **સ્વચ્છતાથી નવો માર્ગઃ** સ્વચ્છતાના પ્રયાસમાં સંસ્થા હોય કે સરકાર, બધાંની મહત્વપૂર્ણ ભૂમિકા છે. આપણા સરકારી વિભાગો પણ સ્વચ્છતા જેવા વિષયો પર આટલાં ઇનોવેટિવ હોઈ શકે છે. કેટલાંક વર્ષો પહેલાં કોઈને આ અંગે વિશ્વાસ નહોતો. પોસ્ટ વિભાગે જંકયાર્ડને કોર્ટયાર્ડ-કેફેટેરિયામાં બદલી નાખ્યો છે. પર્યાવરણ મંત્રાલયે ખાલી પડેલી જગ્યામાં વેલનેસ સેન્ટર બનાવી દીધું છે. પુનીત સાગર અભિયાનમાં એનસીસી કેડેટ્સે પ્લાસ્ટિકનો કચરો હટાવ્યો. યુવાનોએ 'સાફ-વોટર' નામથી સ્ટાર્ટઅપ શરૂ કર્યું છે.
- **સંકલ્પઃ** આપણે દેશને વિકાસની નવી ઊંચાઇ પર લઈ જવાનો છે. તેથી, આપણે આપણાં દરેક સંસાધનનો સંપૂર્ણ ઉપયોગ કરવો પડશે. આત્મનિર્ભર ભારતનો પણ આ જ મંત્ર છે. ચાલો, આપણે આપણા સંકલ્પનું પુનરાવર્તન કરીએ કે મોટું વિચારીશું. મોટાં સપના જોઈશું અને તેને પૂરાં કરવા માટે જીવ આપી દઈશું.

મન કી બાત સંપૂર્ણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

ન્યૂ ઈન્ડિયા
સમાચાર
વર્ષ: 02 ,અંક: 14 | 16-31 જાન્યુઆરી 2022

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**
સહાયક સલાહકાર સંપાદક
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), નદીમ અહેમદ (ઉર્દુ), સૌનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ), પોલમી રક્ષિત (બંગાળી), હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
**મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણઃ **અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020**



**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003
**ઈમેલઃ response-nis@pib.gov.in**



RNI No. : DELGUJ/2020/78810


## અંદરના પાને....

# વિશ્વ પર્યટન કેન્દ્ર બની રહેલું ભારત




કવર સ્ટોરી | કોવિડ મહામારી અને વીતેલા સાત વર્ષોમાં લેવામાં આવેલા પગલાંને કારણે પર્યટન ક્ષેત્ર રાષ્ટ્રની આર્થિક પ્રગતિમાં મહત્વનું પ્રદાન આપી રહ્યું છે. પેજ 16-31

**સુવિધાઓ સાથે વિકાસનું નવું શિલારોપણ**



ગંગા એક્સપ્રેસ વેની સાથે કાનપુરમાં મેટ્રો સેવાના પ્રારંભથી ઉત્તરપ્રદેશનો વિકાસ | પેજ 6-10

**સમાચાર સાર**
પેજ 4-5

**ચૂંટણી સુધારાની દિશામાં પગલું**
હવે આધાર સાથે લિન્ક થશે વોટર આઈડી કાર્ડ | પેજ 11

**પુરુષ-મહિલા લિંગ ગુણોત્તર વધ્યો**
બેટી બચાઓ-બેટી પઢાઓ યોજનાની સાતમી વર્ષગાંઠ પર વિશેષ | પેજ 12-15

**હવે માત્ર વિકાસની વિચારધારા**
હિમાચલને રૂ. 11,000 કરોડના ચાર હાઈડ્રોપાવર પ્રોજેક્ટની ભેટ | પેજ 32-33

**દેવભૂમિમાં વિકાસ યોજનાઓ સમર્પિત**
આરોગ્ય, કનેક્ટિવિટી, ઉદ્યોગ, આવાસ, સ્વચ્છતા, પીવાના પાણી અંગેની યોજનાનું ઉદઘાટન | પેજ 34-35

**15થી 18 વર્ષના કિશોરોને રસીકરણનો પ્રારંભ**
બે નવી રસી સાથે ભારતમાં ઝડપી બન્યું રસીકરણ અભિયાન | પેજ 36-38

**પ્રાકૃતિક ખેતી એટલે સલામત બીજ, લહેરાતો પાક**
80 કરોડ ખેડૂતોનાં હિતમાં ક્રાંતિકારી પગલું | પેજ 39-41

**યુવા સપનાઓની ઊંચી ઉડાન**
સ્ટાર્ટઅપ ઈન્ડિયા દ્વારા યુનિકોર્નના શિખર પર પહોંચી રહેલા યુવાનો | પેજ 42-43

**જેમને દુશ્મનો પણ સલામ કરતા હતા**
ફીલ્ડ માર્શલ કે એમ કરિઅપ્પાની જન્મજયંતી પર વિશેષ | પેજ 48



**આઝાદ હિન્દ ફોજના સિપાહી**
23 જાન્યુઆરીએ નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતીએ પરાક્રમ દિવસ પ્રસંગે વાંચો આઝાદ હિન્દ ફોજના ચાર નાયકોની કહાની | પેજ 44-47

# સંપાદકની કલમે...

સાદર નમસ્કાર

આજે સમગ્ર વિશ્વ ભારતનું યોગ, દર્શન, આધ્યાત્મ અને સંસ્કૃતિ તરફ આકર્ષિત થઈ રહ્યું છે. આપણી નવી પેઢીમાં આજે પણ પોતાનાં મૂળિયાં સાથે જોડાઈ રહેવાની નવી જાગૃતિ આવી છે. તેનાથી ભારતીય પર્યટનનાં વિવિધ પાસામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંભાવનાઓ ઝડપથી વધી છે. ભારતને વૈશ્વિક પર્યટનનું કેન્દ્ર બનાવવાની દિશામાં દેશનું નેતૃત્વ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે દેશ-દુનિયાને આકર્ષિત કરવાની સાથે સાથે આ સેક્ટરની સંભાવનાઓને આકાર આપવા માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે સાથે પ્રાચીન ગૌરવને પણ પુનર્જીવિત કરી રહ્યું છે. દેશમાં કનેક્ટિવિટી વધી રહી હોવાથી તેનો સીધો લાભ પર્યટનને મળી રહ્યો છે. ઉડાન યોજના દ્વારા નાના-નાના શહેરોને જોડવાની પહેલ હોય કે ઝડપથી રસ્તાઓનું નિર્માણ હોય, પ્રશાદ, સ્વદેશ દર્શન જેવી યોજના, હેરીટેજ સ્થળોનો વિકાસ, આરોગ્ય ક્ષેત્રમાં અભૂતપુર્વ પ્રગતિ ભારતીય પર્યટનને નવાં પરિમાણ આપી રહ્યા છે. વિશ્વ પર્યટન રેન્કિંગમાં ભારત 2013માં 65માં ક્રમની સરખામણીમાં 34માં સ્થાને આવ્યું છે અને તેમાં પ્રગતિની ઝડપ વધી રહી છે.

પર્યટન અંગેની સુવિધાઓનો વિકાસ, ઈ-વિઝાની શરૂઆત, શહેરો અને ગામડાંઓને સુંદર બનાવવાની પહેલને કારણે દેશનાં સામાન્ય માણસો જોડાઈ રહ્યા છે અને પોતાને આગળ વધારી રહ્યા છે. કનેક્ટિવિટી-હોસ્પિટાલિટી-ફેસિલિટીથી પર્યટન ક્ષેત્ર સર્વસમાવેશી સમૃધ્ધિનું સૂચક બનાવી રહી છે. આ વર્ષે રાષ્ટ્રીય પર્યટન દિવસનાં પ્રસંગે ભારતીય પર્યટનનો વિકાસ અને તેની સંભાવનાઓ આ અંકની કવર સ્ટોરી બની છે.


કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી પહેલ-'બેટી બચાવો, બેટી પઢાઓ'ની વર્ષગાંઠનાં પ્રસંગે તમને એ પણ જાણવા મળશે કે કઈ રીતે આ યોજનાને પગલે લિંગ ગુણોત્તરમાં મોટું પરિવર્તન આવ્યું છે અને પ્રથમ વાર ભારતમાં પુરુષોની સરખામણીમાં મહિલાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ભારતની પ્રગતિમાં સ્ટાર્ટઅપ યુનિકોર્નમાં પરિવર્તિત થઈ રહ્યા છે, જેનાથી રાષ્ટ્રની પ્રગતિમાં યુવાનોના સપનાને નવી ઉડાન મળી રહી છે. આ અંકમાં તમે યુનિકોર્ન અગે યુવાનોની સફળતાની ગાથા વાંચશો.

વ્યક્તિત્વ કોલમમાં ફીલ્ડ માર્શલ જનરલ એમ  કરિઅપ્પા, અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આઝાદ હિન્દ ફોજના નાયકોની પ્રેરણાદાયક કહાની આ અંકની વિશિષ્ટતા છે. રાષ્ટ્રની પ્રગતિમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર મહત્વનું સાધન છે અને વીતેલા વર્ષના અંતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકાસની અનેક ભેટ આપી છે, જે  આ અંકમાં તમને વાંચવા મળશે.

કેન્દ્ર સરકારે કોવિડ વિરુધ્ધ રસીકરણ અભિયાનમાં હવે 15-18 વર્ષના કિશોરોને પણ સામેલ કર્યા છે. ચોક્કસપણે, નવા વર્ષમાં રાષ્ટ્રની સામૂહિક શક્તિ વિકાસનાં નવા પડાવ પર લઈ જશે. પણ એ માટે આપ સૌએ કોવિડનાં પ્રોટોકોલનું પાલન કરતાં રહેવું જરૂરી છે.

**સરનામું: રૂમ નંબર-278,**
**બીજો માળ, બ્યૂરો ઓફ આઉટરીચ**
**એન્ડ કમ્યુનિકેશન,**
**સૂચના ભવન, નવી દિલ્હી-110003**
**ઈમેલઃ response-nis@pib.gov.in**

**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીનમાં 'માનવતાને બચાવવા માટે ભારત બન્યું અગ્રદૂત' લેખ વાંચીને લાગ્યું કે ભારત વિશ્વગુરૂ બનવાની દિશામાં અગ્રેસર છે. આ મેગેઝીન તમામ દેશવાસીઓ માટે મહત્વનું છે. વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે પણ તે ઘણું ઉપયોગી છે. તેનાથી સામાન્ય માણસને સરકારની વિવિધ યોજનાઓની સચોટ માહિતી મળી જાય છે, જેનાથી તે યોજનાનો લાભ ઉઠાવી શકે.

**dpmeena1969@gmail.com**

નકામા પાણીના રિસાઈકલિંગ અને ટ્રીટમેન્ટથી શહેરોમાં પાણીની 20 ટકા અને ઉદ્યોગજગતની 40 ટકા માંગ પૂરી થવાની સંભાવના છે. "જળ સલામતી તો દેશ સલામત " શીર્ષક વાંચી છાતી ફૂલી ગઈ. ખૂબ આનંદ થયો. લેખ વાંચવા માટે ખૂબ જ નાનો લાગ્યો ! પણ દેશ પ્રગતિના પંથે છે ! દેશના તમામ જિલ્લાઓમાં સંકલિત જાહેર આરોગ્ય લેબોરેટરીની સ્થાપના કરવામાં આવશે એ બદલ અભિનંદન. ડિસેમ્બર મહિનાના અંકમાં વર્ષ દરમિયાન સરકારના કાર્યો અને સિદ્ધિઓનાં લેખાજોખા આપવા બદલ આભાર.

**અરવિંદ વિરાસ**
**echofoundation.india@gmail.com**

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન દ્વારા મને સરકારી યોજનાઓ, ગુમનામ નાયકો અને દેશમાં થઈ રહેલાં પરિવર્તનની ઘણી બધી માહિતી મળી રહે છે. આ પ્રયાસ માટે હું આ મેગેઝીનની સંપૂર્ણ ટીમનો ખૂબ ખૂબ આભારી છું.

**dbrajput8484@gmail.com**

ન્યૂ ઈન્ડિયા સમાચારના આ અંકમાં તમામ સાંપ્રત સમાચારો છે. જેમ કે, સલામત મહિલા- રાષ્ટ્રની શક્તિ, સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતની નવી ઉડાન, આતંકને જવાબ, હવે તમારા શિર પર તમારી છત, રાષ્ટ્રની પ્રગતિને મળી ગતિની શક્તિ વગેરે...મેગેઝીનમાં સમાજના તમામ વર્ગ માટે જરૂરી અને મહત્વની માહિતી હોય છે. સુંદર મેગેઝીન તૈયાર કરવા બદલ ટીમના તમામ સભ્યોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**ડો. ટી એસ બાવલ (tsbawal4@gmail.com)**

ન્યૂ ઈન્ડિયા સમાચારનો 16-31 ડિસેમ્બરનો અંક વાંચીને ભારત સરકારના વિવિધ મંત્રાલયો દ્વારા સંચાલિત યોજનાઓની માહિતી મળી. આરોગ્ય સેવાઓ, રસીકરણ, સ્વચ્છતા અને જીવનધોરણ સુધારણા માટેની અનેક યોજનાઓનું અમલીકરણ પ્રશંસનીય પગલું છે. જળ જીવન મિશન દ્વારા પીવાનું સ્વચ્છ પાણી પૂરું પાડવું, લોક સુવિધાની સાથે સાથે રાષ્ટ્ર સલામતી પર ધ્યાન કેન્દ્રીત કરીને રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. રેલવે નેટવર્કમાં સુધારો કરવાથી ઉદ્યોગ જગતમાં ક્રાંતિ આવી છે. ધુમાડામુક્ત રસોડાં, નેશનલ હાઈડ્રોજન મિશન દ્વારા ગ્રીન એનર્જીની શરૂઆત વગેરે પગલાં પ્રશંસનીય છે. હું ભારત સરકાર અને વડાપ્રધાનની સમગ્ર ટીમને અભિનંદન પાઠવું છું.

**પવનકુમાર વિશ્નોઈ**
**(pawankumarbishnoi251@ gmail.com**

## તમારા સૂચનો અમને મોકલો

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**

રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
સૂચના ભવન, બીજો માળ,
નવી દિલ્હી-110003

**ઈમેલઃ response-nis@pib.gov.in**

# વડાપ્રધાનને ભૂતાનનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કારઃ વિશ્વના સૌથી પસંદગીપાત્ર નેતાઓમાં પણ સ્થાન



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના મહામારી દરમિયાન પોતાની નેતૃત્વ ક્ષમતાનો પરિચય આપ્યો હતો, જેને સમગ્ર વિશ્વ તરફથી સ્વીકૃતિ મળી છે. ભારતનાં મહત્વના પડોશી દેશ ભૂતાને વડાપ્રધાન મોદીને પોતાનાં સર્વોચ્ચ નાગરિક સન્માન નગદગ પેલ જી ખોરલો દ્વારા સન્માનિત કર્યા છે. ભૂતાનના વડાપ્રધાન લોતેયશેરિંગે જણાવ્યું કે, "પીએમ મોદીએ વિના શરત મિત્રતા નિભાવી છે. તેઓ ઉમદા આધ્યાત્મિક વ્યક્તિ પણ છે. આ સર્વોચ્ચ સન્માન માટે વડાપ્રધાને ભૂતાનનો આભાર માનતા ટ્વીટ કર્યું, "આભાર, ભૂતાનના વડાપ્રધાન." હું આ ઉષ્માભરી લાગણીથી અત્યંત પ્રભાવિત થયો છું અને ભૂતાનના મહામહિમ રાજા પ્રત્યે પણ કૃતજ્ઞ ધન્યવાદ વ્યક્ત કરું છું."

આ ઉપરાંત વડાપ્રધાન મોદીએ 2021માં સૌથી પસંદગીપાત્ર નેતાઓની યાદીમાં અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેન અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટીનને પણ પાછળ છોડી દીધા છે. બ્રિટનની માર્કેટ રિસર્ચ કંપની YouGov એ 42,000 લોકોનો સર્વે કરીને બનાવેલી યાદીમાં મોદી 8માં ક્રમે છે. આ પહેલાં મોર્નિંગ કન્સલ્ટના સર્વેમાં વડાપ્રધાન મોદી વિશ્વના સૌથી લોકપ્રિય અને ટોચના નેતા તરીકે પસંદ પામ્યા હતા. આ અગાઉ, વડાપ્રધાન મોદી 2016માં સાઉદી અરેબિયા અને અફઘાનિસ્તાન, 2018માં પેલેસ્ટાઈન, 2019માં યુએઈ, રશિયા, માલદિવ, બહેરીન, 2020માં અમેરિકાના લીજન ઓફ મેરિટ સન્માનથી સન્માનિત થઈ ચૂક્યા છે. આ ઉપરાંત તેમને 2018માં સિયોલ શાંતિ પુરસ્કાર, સંયુક્ત રાષ્ટ્રના ચેમ્પિયન ઓફ અર્થ, 2019માં ફિલિપ કોટલર પ્રેસિડેન્શિયલ એવોર્ડ, બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનનો ગ્લોબલ ગોલકીપર એવોર્ડ અને 2021માં કેમ્બ્રિજ એનર્જી રિસર્ચ એસોસિએટ્સનો પર્યાવરણ લીડર એવોર્ડ પણ મળી ચૂક્યો છે.

# કિસાન રેલઃ ખેડૂતોને ઉપજના ઊંચા ભાવ મળ્યા અને રેલવેની કમાણી પણ વધી

ડિસેમ્બરના પ્રથમ સપ્તાહની વાત છે. કિસાન રેલ દ્વારા 22 કોચમાં ડુંગળીને રાજસ્થાનના અલવરથી આસામના બાહેટામાં મોકલવામાં આવી. 22 કોચનું ભાડું નૂરના હિસાબે 10 લાખ રૂપિયા થાય છે, પણ કિસાન રેલ અંતર્ગત મળતી 50 ટકા સબસિડીને કારણે ખેડૂતોને માત્ર પાંચ લાખ રૂપિયા જ આપવા પડ્યા. અલવરમાં ખેડૂતોને ડુંગળીનો ભાવ પ્રતિ કિલો 20 રૂપિયા મળતો હતો, જ્યારે આસામમાં આ જ ડુંગળીનો ભાવ પ્રતિ કિલો રૂ. 6-8 વધુ મળ્યો. ખેડૂતોનાં હિતોનું રક્ષણ કરતી સરકારે પરિવહન દરમિયાન બગડી જતી ઉપજને બચાવવા અને તેમને વધુ ભાવ અપાવવા માટે 7 ઓગસ્ટ, 2020નાં રોજ પ્રથમ વાર કિસાન રેલની શરૂઆત કરી હતી. 28 નવેમ્બર સુધી દેશભરમાં 1642 કિસાન રેલ ચલાવવામાં આવી છે. તેનાથી રેલવેને આશરે રૂ. 220 કરોડની આવક થઈ છે. લોકસભાના શિયાળુ સત્રમાં આ માહિતી આપતા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, "શાકભાજી, ફળો અને અન્ય નાશવંત ચીજોના પરિવહન માટેની સરકિટ ખાસ કરીને ખેડૂતો અને કૃષિ સમુદાયની માંગ પર આધારિત હોય




છે. તેમણે કહ્યું કે, શાકભાજી, માછલી વગેરેના પરિવહન માટે રેફ્રીજરેટરયુક્ત કન્ટેનરનો ઉપયોગ કરવામાં આવે છે, જ્યારે દૂધના પરિવહન માટે આવી જ ટેન્કનો ઉપયોગ થાય છે. કિસાન રેલ નાના ખેડૂતો માટે લાભદાયક છે અને તેનાથી ખાદ્યાન્ન અને અન્ય વસ્તુઓનો બગાડ ઘણો ઘટ્યો છે."

# પૂર્વોત્તર ભારતમાં વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ બની રહ્યો છે, કુતુબ મીનારથી પણ બે ગણો ઊંચો




આઝાદી પછી ભારતના અનેક રાજ્યો વિકાસની દોટમાં ઘણા પાછળ રહી ગયા હતા. ખાસ કરીને પૂર્વોત્તર રાજ્યો, જેમને તેમની મુશ્કેલ ભૌગોલિક સ્થિતિને કારણે મજબૂત માળખાકીય સુવિધાઓની જરૂર હતી. પણ 2014 પછી આ રાજ્યો તરફ સરકારની નજર ગઈ. હવે અહીં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં નવા રેકોર્ડ બની રહ્યા છે. પૂર્વોત્તરને ભારતનાં વિકાસનું એન્જિન માનનારા વડાપ્રધાન મોદીની પ્રતિબધ્ધતાને કારણે આ રાજ્યોમાં સુવિધા વધી રહી છે. સિક્કિમનું એરપોર્ટ હોય કે, આસામનો બ્રિજ હોય કે રેલ-રોડ કનેક્ટિવિટીનું વિસ્તરણ હોય. કેન્દ્ર સરકાર આ રાજ્યોમાં કોઈ કસર છોડવા માંગતી નથી. મણિપુરની રાજધાની ઈમ્ફાલને બ્રોડગેજથી જોડવા માટે વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આશરે 111 કિલોમીટર લાંબી જીરિબામ-ઈમ્ફાલ રેલવે લાઈન પ્રોજેક્ટ અંતર્ગત નોને જિલ્લામાં તેનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ વિસ્તાર ઈકો સેન્સિટિવ ઝોન હોવાને કારણે પુલને ભૂકંપ વિરોધી બનાવવામાં આવી રહ્યો છે. રિક્ટર સ્કેલ પર તે 8.5ન તીવ્રતાના ભૂકંપના ઝટકાને તે સરળતાથી સહન કરી શકે છે. આ પ્રોજેક્ટ ડિસેમ્બર 2023માં પૂરો થશે. આ પુલ બનવાથી 111 કિલોમીટરનું અંતર 2.5 કલાકમાં જ પૂરું થઈ જશે. હાલમાં જીરિબામ અને ઈમ્ફાલ વચ્ચે 220 કિલોમીટરનું અંતર છે. જેને પાર કરવામાં 10થી 12 લાક લાગે છે. આ પુલ બન્યા પછી 111 કિલોમીટરનું અંતર બે-અઢી કલાકમાં પૂરું થઈ જશે. તેની ઊંચાઈ 141 મીટર હશે, જે કુતુબમીનારથી લગભગ બમણી છે. હાલમાં, વિશ્વનો સૌથી ઊંચો પુલ યુરોપના મોન્ટેનેગ્રોમાં છે, જેની ઊંચાઈ 139 મીટર છે. ●

# અંત્યોદય ગ્રામીણ આજીવિકા મિશન અને સ્ટાર્ટઅપ ગ્રામ ઉદ્યોગસાહસિકતા કાર્યક્રમ દ્વારા આત્મનિર્ભર બની રહેલાં ગામડાં

ભારતનું નામ વિશ્વના એ દેશોમાં સામેલ છે, જ્યાં સૌથી વધુ અબજોપતિ રહે છે. તેમ છતાં એ વિડંબણા છે કે સતત ફેલાઈ રહેલાં શહેરોની વચ્ચે ગામડાં ઓછાં થઈ રહ્યા છે, તેનું કારણ છે ગામડાંમાં રોજગારની કમી. આ સમસ્યાના ઉકેલ માટે દીનદયાલ અંત્યોદય રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અને સ્ટાર્ટઅપ ગ્રામ ઉદ્યોગસાહસિકતા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. 2016માં શરૂ થયેલા સ્ટાર્ટઅપ ગ્રામ ઉદ્યોગસાહસિકતા કાર્યક્રમ દ્વારા અત્યાર સુધી 1.78 લાખથી વધુ ગ્રામીણ ઉદ્યોગોને મદદ કરવામાં આવી છે, જ્યારે દીનદયાલ અંત્યોદય રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશનના પ્રારંભથી 15 ડિસેમ્બર, 2021 સુધી 73.5 લાખ સ્વસહાય જૂથોમાં 8.04 કરોડ મહિલાઓને જોડવામાં આવી છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં 30 નવેમ્બર સુધીના આંકડા અનુસાર બેન્કોએ 27.38 લાખ સ્વસહાય જૂથોને રૂ. 62,848 કરોડની લોન આપી છે. હવે આ મિશનમાં મહિલા સ્વસહાય જૂથો માટે ઓવરડ્રાફ્ટની સુવિધા પણ શરૂ કરવામાં આવી છે.

# ખાદી વૈશ્વિક બની, અમેરિકન ફેશન બ્રાન્ડ પેટાગોનિયા ખાદી ડેનિમનો ઉપયોગ કરશે



હવે ભારત જ નહીં, પણ વિદેશોમાં પણ ભારતની ખાદી ફેશન બ્રાન્ડ તરીકે લોકોને પસંદ બની રહી છે. મેક્સિકોમાં ભારતીય ખાદીની 'ઓહાકા ખાદી બ્રાન્ડ' બની હોવાની વાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે સંભળાવી હતી. હવે પ્રસિધ્ધ અમેરિકન ફેશન બ્રાન્ડ પેટાગોનિયા કપડાં બનાવવામાં ખાદી ડેનિમનો ઉપયોગ કરશે. કંપનીએ હાલમાં ગુજરાતમાંથી રૂ.1.08 કરોડનું આશરે 30,000 મીટર ખાદી ડેનિમ ફેબ્રિક ખરીદ્યું છે. ઉલ્લેખનીય છે કે ડેનિમ જાડું અને 100 ટકા કોટકનું કાપડ હોય છે. પેટાગોનિયાએ ખાદી ડેનિમ ખરીદતાં ખાદીના કારીગરો માટે વધારાના 1.80 લાખ માનવ કલાક એટલે કે 27,720 માનવ દિવસનું કામ થયું છે.

# માળખાકીય સુવિધાઓ સાથે વિકાસનું નવું શીલારોપણ

**ભારતના સ્વર્ણિમ ઈતિહાસથી માંડીને સ્વતંત્રતા સંગ્રામ અને દેશના આર્થિક વિકાસ દ્વારા નવા ભારતના નિર્માણ સુધીનાં દરેક યુગનું ઉત્તરપ્રદેશ સાક્ષી રહ્યું છે એટલું જ નહીં પણ તે દેશની પ્રગતિમાં મહત્વનું યોગદાન પણ આપતું આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "જ્યારે આખું ઉત્તરપ્રદેશ એક સાથે આગળ વધે છે, ત્યારે જ તો દેશ આગળ વધે છે." આ ઉક્તિ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાહજહાંપુરમાં ગંગા એક્સપ્રેસ વેનું શિલારોપણ કર્યું હતું. આ ઉપરાંત તેમણે વારાણસીમાં ખેડૂતો, શહેરી વિકાસ, આરોગ્ય, શિક્ષણ, માર્ગ નિર્માણ અને પર્યટન સાથે સંકળાયેલા અનેક પ્રોજેક્ટ્સનો પ્રારંભ કર્યો. તેમણે કાનપુરમાં મેટ્રો પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું , તો આઈઆઈટીના દીક્ષાંત સમારોહમાં આત્મનિર્ભર ભારતના વિઝનમાં ભાગીદાર બનવા યુવાનોને આહવાન પણ કર્યું...**

21મી સદીમાં કોઈ પણ દેશની પ્રગતિ માટે, કોઈ પણ રાજ્યની પ્રગતિ માટે હાઈ સ્પીડ કનેક્ટિવિટી સૌથી મોટી જરૂર છે. જ્યારે ઝડપથી માલ સામાન ગંતવ્ય સ્થળે પહોંચશે ત્યારે ખર્ચ ઓછો આવશે. વેપાર વધશે તો નિકાસ વધશે, દેશનું અર્થતંત્ર વધશે. એટલે કેન્દ્ર સરકારે વીતેલાં સાત વર્ષોમાં કનેક્ટિવિટી અને તેની સાથે સંકળાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર બહુ ઝડપથી કામ કર્યું છે. વડાપ્રધાને 15 નવેમ્બરે ઉત્તરપ્રદેશમાં હાઈસ્પીડ કનેક્ટિવિટી માટે પૂર્વાંચલ એક્સપ્રેસનું ઉદઘાટન કર્યું અને તેનાં લગભગ એક મહિના બાદ 18 ડિસેમ્બરનાં રોજ 594 કિલોમીટરની લંબાઈ ધરાવતા ગંગા એક્સપ્રેસ વેનું શિલારોપણ કર્યું. દેશનાં સૌથી મોટાં રાજ્ય માટે હાઈ સ્પીડ કનેક્ટિવિટીની કેટલી જરૂર છે, તેનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ





# ગંગા એક્સપ્રેસ વેઃ ઉત્તરપ્રદેશના 12 જિલ્લાને સીધો લાભ

- છ લેનનો આ એક્સપ્રેસ વે રૂપિયા 36,200 કરોડથી વધુ ખર્ચે બનાવવામાં આવશે. મેરઠના બિજૌલી ગામ ગામ પાસેથી શરૂ થતો એક્સપ્રેસ વે પ્રયાગરાજના જુદાપુર દાંડુ ગામ સુધી જશે. ભવિષ્યમાં તેને આઠ લેન કરી શકાય તેમ છે.
- આ માર્ગ પર ચાલનારા વાહનોની મહત્તમ ઝડપ 120 કિલોમીટર પ્રતિ કલાક નક્કી કરવામાં આવી છે. તે મેરઠ, હાપુડ, બુલંદશહેર, અમરોહા, સંભલ, બદાયું, શાહજહાંપુર, હરદોઈ, ઉન્નાવ, રાયબરેલી, પ્રતાપગઢ અને પ્રયાગરાજ થઈને પસાર થશે.
- કામ પૂરું થયા પછી તે રાજ્યના પશ્ચિમી અને પૂર્વી વિસ્તારોને જોડનારો ઉત્તરપ્રદેશનો સૌથી લાંબો એક્સપ્રેસ વે બની જશે.
- શાહજહાંપુરમાં આ એક્સપ્રેસ વે પર વાયુસેનાના વિમાનોના ઈમરજન્સ ટેક ઓફ અને લેન્ડિંગમાં સહાયતા માટે 3.5 કિલોમીટર લાંબી એર સ્ટ્રીપ પણ બનાવવામાં આવશે. આ એક્સપ્રેસ વેનાં છેડે એક ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર બનાવવાની પણ દરખાસ્ત છે.
- ગંગા એક્સપ્રેસ વે પ્રોજેક્ટના નિર્માણથી નજીકના વિસ્તારોનો સામાજિક-આર્થિક વિકાસ થવાની સાથે કૃષિ, વાણિજ્ય, પર્યટન અને ઉદ્યોગ સંબંધિત પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે.
- આ એક્સપ્રેસ વે અનેક ઉત્પાદન એકમો, વિકાસ કેન્દ્રો અને કૃષિ ઉત્પાદન કેન્દ્રોને રાજધાની સાથે જોડવા માટે ઔદ્યોગિક કોરિડોરના રૂપમાં મદદરૂપ સાબિત થશે.

## આર્થિક વિકાસનો નવો રોડમેપ





ખર્ચ 36,200 કરોડ રૂપિયા

**12** જિલ્લા અને 519 ગામોને જોડશે ગંગા એક્સપ્રેસ વે

| | | | |
|---|---|---|---|
| મેરઠ | 15 કિ.મી. | શાહજહાંપુર | 40 કિ.મી. |
| હાપુડ | 33 કિ.મી. | હરદોઈ | 99 કિ.મી. |
| બુલંદશહર | 11 કિ.મી. | ઉન્નાવ | 105 કિ.મી. |
| અમરોહા | 26 કિ.મી. | રાયબરેલી | 77 કિ.મી. |
| સંભલ | 39 કિ.મી. | પ્રતાપગઢ | 41 કિ.મી. |
| બદાયું | 92 કિ.મી. | પ્રયાગરાજ | 16 કિ.મી. |

કહ્યું, "ઉત્તરપ્રદેશ વસતિ ઉપરાંત વિસ્તારના સંદર્ભમાં પણ મોટું છે. તેનાં એક છેડાથી બીજા છેડા સુધીનું અંતર લગભગ 1,000 કિલોમીટરનું છે. યુપીના 12 જિલ્લાને જોડનાર ગંગા એક્સપ્રેસ વે પૂર્વ અને પશ્ચિમ યુપીને નજીક લાવશે એટલું જ નહીં પણ દિલ્હીથી બિહારની મુસાફરીનો સમય પણ ઘટશે. જ્યારે સમય બચે છે ત્યારે સુવિધા વધે છે, સંસાધનોનો સાચો ઉપયોગ થાય

# વારાણસીને આધુનિક સ્વરૂપ આપવાની પહેલ



# 07

કરોડ રૂપિયાથી વધુ ખર્ચે કેન્દ્રીય ઉચ્ચ તિબેટિયન અભ્યાસ સંસ્થામાં બનાવવામાં આવેલા શિક્ષક શિક્ષણ કેન્દ્રનો સમાવેશ થાય છે.

# 107

કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું સેન્ટર ફોર ટીચર્સ એજ્યુકેશન અને કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયની ઈન્ટર યુનિવર્સિટી

# 20

લાખથી વધુ રહેવાસીઓને સ્વામિત્વ યોજના હેઠળ મિલકતના અધિકાર આપવામાં આવ્યા

# 1.70

લાખથી વધુ દૂધ ઉત્પાદકોના બેન્ક ખાતામાં આશરે 35 કરોડ રૂપિયાનું બોનસ ડિજિટલી ટ્રાન્સફર કરવામાં આવ્યું

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી 23 ડિસેમ્બરનાં રોજ વિકાસની અનેક ભેટ લઈને વારાણસી ગયા હતા. 10 દિવસની અંદર વારાણસીની આ બીજી મુલાકાત હતી. અગાઉની મુલાકાતમાં વડાપ્રધાને કાશી-વિશ્વનાથ કોરિડોરનાં પ્રથમ તબક્કાનું ઉદઘાટન કર્યું હતું, તો આ વખતે રૂ. 1500 કરોડનાં 22 પ્રોજેક્ટનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો. આ અગાઉ પણ તેઓ આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના દ્વારા વારાણસીના વિકાસ માટે અનેક પ્રોજેક્ટ્સની જાહેરાત કરી ચૂક્યા છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશ રાજ્ય ઔદ્યોગિક વિકાસ સત્તામંડળ ફુડ પાર્ક, કારખિયાં, વારાણસીમાં બનાસ ડેરી સંકુલનું શિલોરોપણ કર્યું. 30 એકર જમીનમાં ફેલાયેલી આ ડેરીનું નિર્માણ લગભગ 475 કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવશે અને તેમાં દૈનિક પાંચ લાખ લીટર દૂધનું પ્રોસેસિંગ કરવાની સુવિધા હશે.
- વડાપ્રધાને બીએચયુ અને આઈટીઆઈ કરૌંડીમાં રેસિડેન્શિયલ ફ્લેટ અને સ્ટાફ ક્વાર્ટર્સનું પણ ઉદઘાટન કર્યું.
- વડાપ્રધાને રૂ. 130 કરોડનાં ખર્ચે બનેલા મહામના પંડિત મદન મોહન માલવિય કેન્સર સેન્ટરમાં ડોક્ટરોની હોસ્ટેલ, નર્સ હોસ્ટેલ અને આશ્રય ગૃહના નિર્માણ સંબંધિત પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરવામાં આવ્યું. ભદ્રસીમાં 50 બેડ ધરાવતી સંકલિત આયુષ હોસ્પિટલ અને આયુષ મિશન અંતર્ગત પિંડરા તાલુકામાં 49 કરોડ રૂપિયાનાં ખર્ચે સરકારી હોમિયોપથી મેડિકલ કોલેજનું પણ શિલારોપણ કરવામાં આવ્યું.
- પ્રયાગરાજ અને ભદોહી જનારા રસ્તાઓનું 4થી 6 લેન રોડ પહોળા કરવાના બે પ્રોજેક્ટના શિલાન્યાસની સાથે શ્રી ગુરુ રવિદાસજી મંદિર, સંત ગોવર્ધન, વારાણસી સંબંધિત પ્રવાસન વિકાસ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું પણ ઉદઘાટન કરવામાં આવ્યું હતું.
- આંતરરાષ્ટ્રીય ચોખા સંશોધન કેન્દ્ર, દક્ષિણ એશિયા પ્રાદેશિક કેન્દ્ર, વારાણસીમાં સ્પીડ બ્રીડિંગની સુવિધા, પયકપુર ગામમાં રીજનલ રેફરન્સ સ્ટાન્ડર્ડ લેબોરેટરી અને પિંડરા તાલુકમાં એડવોકેટ ભવનની પણ શરૂઆત થઈ.

છે, તો જ તાકાત વધે છે. પૂર્વાંચલ એક્સપ્રેસ વે હોય કે પછી દિલ્હી-મેરઠ એક્સપ્રેસ વે, કુશીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ હોય કે ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરનાં મહત્વનાં તબક્કા, આ પ્રકારનાં અનેક પ્રોજેક્ટ્સ સેવા માટે સમર્પિત થઈ ચૂક્યા છે. બુંદેલખંડ એક્સપ્રેસ વે, ગોરખપુર લિંક એક્સપ્રેસ વે, પ્રયાગરાજ લિંક એક્સપ્રેસ વે, દિલ્હી-દહેરાદૂન એક્સપ્રેસ વે, નોઇડા ઈન્ટરનેશનલ એરપોર્ટ, દિલ્હી-મેરઠ રેપિડ હાઈ સ્પીડ કોરિડોર જેવા મેગા પ્રોજેક્ટ્સ પર આજે ઝડપથી કામ ચાલી રહ્યું છે.”

કોઈ પણ વિસ્તારના પાયાના માળખામાં રોકાણથી પ્રત્યક્ષ રોજગારીનું સર્જન થાય છે. તેનાથી ખાનગી ક્ષેત્ર પણ

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો



# કાનપુરને મેટ્રોની ભેટ મળી

**એક સમયે 'પૂર્વનાં માન્ચેસ્ટર' તરીકે સમગ્ર વિશ્વમાં પોતાની ઓળખ ઊભી કરનાર કાનપુરને ઉત્તરપ્રદેશની આર્થિક રાજધાની તરીકે પણ ઓળખવામાં આવતું હતું. જો કે, કાનપુરની એક અનિચ્છનીય ઓળખ પણ ઊભી થઈ હતી, જે શહેરનું નામ પડતાં જ નજર સામે વર્તાતી હતી. એ હતી ગંદકી, સાંકડા રસ્તા, ટ્રાફિક જામ અને સ્થાનિક કનેક્ટિવિટીનો અભાવ. પણ શહેરોમાં ગતિશીલતા વધારવી એ વડાપ્રધાન મોદીની પ્રાથમિકતાઓમાંનું એક રહ્યું છે. 2019માં કાનપુરની છબી સુધારવાની શરૂઆત થઈ. અહીં રૂ. 11,000 કરોડનાં ખર્ચે 32 કિ.મી, લાંબી મેટ્રો પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. 28 ડિસેમ્બરનાં રોજ આ પ્રોજેક્ટનાં પ્રથમ સેક્શનનું ઉદઘાટન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "ટ્રાફિક જામ કાનપુરના લોકોની વર્ષો જૂની ફરિયાદ રહી છે. તમારો કેટલો બધો સમય બગડતો હતો. કેટલાં બધાં પૈસા બગડતા હતા. હવે આજે પ્રથમ તબક્કામાં 9 કિલોમીટર લાંબી લાઇન શરૂ થવાથી આ ફરિયાદો દૂર થવાની શરૂઆત થઇ છે."**

## સૌથી વધુ શહેરોમાં મેટ્રો સંચાલન કરનાર રાજ્ય ઉત્તરપ્રદેશ

- વર્ષ 2014 પહેલાં યુપીમાં મેટ્રો રૂટની કુલ લંબાઈ 9 કિ.મી હતી. 2014થી 2017 સુધી મેટ્રોની લંબાઇ વધીને કુલ 18 કિલોમીટર થઈ. તેમાં કાનપુર મેટ્રોને ઉમેરી દઈએ તો યુપીમાં મેટ્રોની લંબાઇ 90 કિલોમીટરથી વધુ થઈ ચૂકી છે.
- કાનપુર મેટ્રો રેલ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો પૂરો થયા બાદ ઉત્તરપ્રદેશ સૌથી વધુ શહેરોમાં મેટ્રો રેલનું સંચાલન કરનાર દેશનું પ્રથમ રાજ્ય બની ગયું છે.
- ઉત્તરપ્રદેશ મેટ્રો રેલ કોર્પોરેશને 15 નવેમ્બર, 2019નાં રોજ આ કોરિડોર પર કામ શરૂ કર્યું હતું. હવે બે વર્ષ 43 દિવસ બાદ મેટ્રો મુસાફરોની સેવા માટે તૈયાર છે.

## બીના-પનકી પાઇપલાઇન દ્વારા પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની હેરફેર સરળ

- વડાપ્રધાને બીના-પનકી મલ્ટી પ્રોડક્ટ પાઇપલાઇન પ્રોજેક્ટનું પણ ઉદઘાટન કર્યું. 356 કિલોમીટર લાંબા આ પ્રોજેક્ટની ક્ષમતા લગભગ 34.5 લાખ મેટ્રિક ટન પ્રતિ વર્ષ છે.
- મધ્યપ્રદેશમાં બીના રિફાઇનરીથી કાનપુરમાં પનકી સુધી ફેલાયેલી આ પાઇપલાઇન રૂ. 1500 કરોડનાં ખર્ચે બનાવવામાં આવી હતી. બીના રિફાઇનરીથી આ વિસ્તારોમાં પેટ્રોલિયમ પ્રોડક્ટ્સનો પૂરવઠો પૂરો પાડવામાં સરળતા રહેશે.
- તેનો લાભ પૂર્વ અને મધ્ય ઉત્તર પ્રદેશ, ઉત્તર બિહાર અને દક્ષિણ ઉત્તરાખંડને મળશે. પાઇપલાઇન દ્વારા પેટ્રોલિયમના પરિવહનથી પર્યાવરણની પણ બચત થશે અને કાર્બન ઉત્સર્જનમાં પણ ઘટાડો થશે.

સક્ષમ બને છે. વિકાસનાં માર્ગમાં આવતી અડચણો મજબૂત માળખાકીય માધ્યમથી દૂર થાય છે, ત્યારે એ વિસ્તારને આર્થિક આત્મનિર્ભરતાનાં એ માર્ગ પર આગળ વધવામાં મદદ મળે છે, જેનું સપનું આજે ભારત જોઈ રહ્યું છે. તેથી, મલ્ટીપરપઝ અને મલ્ટીમોડલ કનેક્ટિવિટીને ધ્યાનમાં રાખીને ઉત્તરપ્રદેશમાં બનાવવામાં આવી રહેલા રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી એક શહેરથી બીજા શહેર જવાનો સમય ઘટશે એટલું જ નહીં પણ ટ્રાફીક જામને કારણે પર્યાવરણને થતું નુકસાન પણ ભરપાઈ કરી શકાશે. મેટ્રો, એરપોર્ટ, વોટરવેઝ અને ડિફેન્સ કોરિડોરથી જોડાવાને કારણે અહીંની વેપારી પ્રવૃત્તિઓને વેગ મળશે અને નવી રોજગારીનું સર્જન થશે.

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો



## આઇઆઇટી કાનપુરમાં 54મો દીક્ષાંત સમારોહ

# 2047માં કેવું હશે ભારત, જેની લગામ યુવાનોના હાથમાં હશે

***આઝાદીની અમૃત યાત્રામાં આપણે 2047નું ભારત કેવું હશે તેનું વિઝન લઈને ચાલી રહ્યા છે ત્યારે દેશના યુવાનોની ભૂમિકા સૌથી મહત્વની બની જાય છે. વીતેલાં સાત વર્ષમાં આપણે જે ટેકનોલોજી અને ઈનોવેશન આધારિત ડિજિટલ ઈન્ડિયાની ઝલક જોઈ છે, તે આગામી 25 વર્ષોમાં કયાં પહોંચશે તે યુવાન પેઢી પર આધાર રાખે છે. ટેકનોલોજીના ઉચ્ચ અભ્યાસ માટે દેશની સર્વશ્રેષ્ઠ સંસ્થાઓમાંની એક આઈઆઈટી કાનપુરના 54માં દીક્ષાંત સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના ભવિષ્યનાં આ ઘડવૈયાઓ સાથે સંવાદ કર્યો...***

- આઝાદીના આ 75માં વર્ષમાં આપણી પાસે 75થી વધુ યુનિકોર્ન છે, 50,000થી વધુ સ્ટાર્ટઅપ છે. તેમાં 10,000 સ્ટાર્ટઅપ તો છેલ્લાં છ મહિનામાં સ્થપાયા છે. આજે ભારત વિશ્વમાં બીજા ક્રમનું સૌથી મોટું સ્ટાર્ટઅપ હબ તરીકે ઊભર્યું છે. દેશની વિવિધ આઈઆઈટીના યુવાનોએ અનેક સ્ટાર્ટઅપ સ્થાપ્યા છે. તાજેતરનાં એક અહેવાલ પ્રમાણે ભારત વિશ્વનાં અનેક વિકસિત દેશોને પાછળ છોડીને ત્રીજો સૌથી મોટો યુનિકોર્ન દેશ બની ગયો છે.

- છેલ્લાં સાત વર્ષમાં દેશમાં સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડ-અપ ઈન્ડિયા જેવા પ્રોગ્રામ શરૂ થયા છે. અટલ ઈનોવેશન મિશન અને પીએમ રિસર્ચ ફેલોશિપ દ્વારા દેશ યુવાનો માટે નવાં માર્ગ બનાવી રહ્યો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા નવી પેઢીને તૈયાર કરવાની શરૂઆત થઈ રહી છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સુધારવામાં આવ્યું, નીતિઓમાં અડચણો દૂર કરવામાં આવી. આ પ્રયાસોનાં પરિણામ આપણને ટૂંકા ગાળામાં મળેલાં પરિણામો આપણી સામે છે.

### ભારતના નવ નિર્માણમાં ભાગીદારીનું આહવાન

- અમૃત મહોત્સવનાં આ સમયમાં તમે આઈઆઈટીનો વારસો લઈને નીકળી રહ્યા છો ત્યારે એ સપનાઓને લઈને પણ નીકળો કે 2047નું ભારત કેવું હશે. આગામી 25 વર્ષોમાં ભારતની વિકાસ યાત્રાનું સુકાન તમારે જ સંભાળવાનું છે. તમે જીવનના 50 વર્ષ પૂરાં કરી રહ્યા હશો એ સમયે ભારત કેવું હશે તેનાં માટે પણ તમારે અત્યારથી જ કામ કરવાનું છે.

- તમારા માટે આ કામ માત્ર જવાબદારી જ નથી, પણ એ સપના છે જે આપણી અનેક પેઢીઓ જોતી હતી. તેમનાં સપનાને સાકર કરવાનું અને આધુનિક ભારતનું નિર્માણ કરવાનું સૌભાગ્ય તમને સાંપડ્યું છે, તમારી પેઢીને મળ્યું છે.

### આત્મનિર્ભર ભારત માટે અધીરા બનવા પર ભાર

તમે પણ આત્મનિર્ભર ભારત માટે અધીરા બનો. આત્મનિર્ભર ભારત સંપૂર્ણ આઝાદીનું જ મૂળ સ્વરૂપ છે, જ્યાં આપણે બીજા કોઇ પર આધાર નહીં રાખીએ. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું, જો આપણે આત્મનિર્ભર નહીં બનીએ તો આપણો દેશ લક્ષ્ય કઈ રીતે પૂરો કરશે. પોતાની મંઝિલ સુધી કઈ રીતે પહોંચશે. ? દેશ પોતાની આઝાદીના 100 વર્ષ મનાવશે, ત્યારે તે સફળતામાં તમારા પરસેવાની સુગંધ હશે, તમારી મહેનતની ઓળખ હશે. તમે આ કરી શકો છો. મને તમારા પર વિશ્વાસ છે.

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

## મતદાર ઓળખ પત્ર, આધાર સાથે લિન્ક થશે

# ચૂંટણી સુધારાની દિશામાં પગલું

**ચૂંટણી દરમિયાન તમે અનેક સ્થળોએ નકલી મતદાન અથવા નકલી મતદાર ઓળખ પત્રના સમાચાર વાંચ્યા અને સાંભળ્યા હશે. આના ઉકેલ માટે કેન્દ્ર સરકારે ચૂંટણી કાયદો (સુધારા) બિલ, 2021 અમલમાં મૂક્યું છે, જેનાં દ્વારા મતદાર કાર્ડને આધાર કાર્ડ સાથે લિન્ક કરી શકાય છે, જેથી વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ભારતની પ્રતિષ્ઠા હવે વિશ્વના સૌથી મજબૂત લોકશાહી દેશ તરીકે વધુ મજબૂત થઈ રહી છે.**

"સામાન્ય ચૂંટણીમાં એક જ વોટર લિસ્ટથી કામ ચાલે તે માટે આપણે પહેલાં ઉપાય શોધવો પડશે. આજે દરેક વ્યક્તિ માટે અલગ અલગ વોટર લિસ્ટ છે. આપણે કેમ ખર્ચ કરીએ છીએ, કેમ સમય બગાડીએ છીએ. હવે દરેક માટે 18 વર્ષની ઉંમર નક્કી છે. પહેલાં તો ઉંમરમાં તફાવત હતો, તેથી વાત અલગ હતી, હવે તેની કોઈ જરૂર નથી."

ગયા વર્ષે બંધારણ દિવસે પ્રિસાઈડિંગ ઓફિસર્સના સંમેલનને સંબોધિત કરતા વડપ્રધાન નરેન્દ્ર મોદીએ કહેલા આ શબ્દો ભારતમાં ચૂંટણી સુધારાની દિશામાં આગળ વધવાના સંકેત હતા. આ દિશામાં આગળ વધતાં શિયાળુ સત્રમાં સંસદના બંને ગૃહોએ ચૂંટણી (સુધારા) વિધેયક, 2021ને મંજૂરી આપી દીધી છે. તેમાં સૌથી મહત્વનો સુધારો છે આધાર નંબર સાથે વોટર આઈડી કાર્ડને લિંક કરવાનો વિકલ્પ. જો કે આ સ્વૈચ્છિક છે. પણ ભારત જેવા વિશાળ દેશમાં ભવિષ્યમાં થનારી ચૂંટણીઓમાં આ મહત્વનો સુધારો બની શકે છે. આનાથી નકલી ચૂંટણી કાર્ડ પર અંકુશ આવશે એટલું જ નહીં પણ નકલી મતદાન પણ સમાપ્ત થશે. આ ઉપરાંત, નકલી વોટર આઈડી દ્વારા અનેક પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પણ થતી હતી. નકલી વોટર આઈડીની મદદથી આજે આડેધડ મોબાઈલ જોડાણો લેવામાં આવી રહ્યાં છે અને રેશન કાર્ડ પણ બનાવવામાં આવી રહ્યા છે. સાથે સાથે, અનેક પ્રકારની સરકારી સુવિધા પણ લેવામાં આવી રહી છે. આનાથી ચૂંટણીમાં ગેરરીતિઓ પણ ઓછી થશે. ચૂંટણી સુધારાની દ્રષ્ટિએ આ વિધેયકને ઘણું મહત્વનું માનવામાં આવી રહ્યું છે, કારણ કે હાલમાં તમે વર્ષમાં એક જ વાર ચૂંટણી યાદીમાં તમારું નામ ઉમેરી શકો છો, પણ નવા નિયમ બાદ તમને વર્ષમાં ચાર વાર નામ ઉમેરવાની તક મળશે. ●



## આ રહ્યા કેટલાંક મુખ્ય ફેરફાર


- આઈડીને આધાર સાથે જોડવામાં આવશે. આ સ્વૈચ્છિક છે, ફરજિયાત નહીં. લોકોને હવે વર્ષમાં ચાર વાર મતદાર યાદીમાં પોતાનું નામ ઉમેરવાની તક મળશે. 1 જાન્યુઆરી (જે અગાઉથી છે), 1 એપ્રિલ, 1 જુલાઈ અને 1 ઓક્ટોબર.
- 'જેન્ડર ન્યુટ્રલ' શબ્દમાં ફેરફાર કરવામાં આવ્યો. 'વાઈફ' એટલે કે પત્નીની જગ્યાએ 'સ્પાઉસ' શબ્દનો ઉપયોગ થશે. મહિલા સૈનિકોના પતિઓને પણ સર્વિસ વોટરનો દરજ્જો.
- ચૂંટણી પંચ ચૂંટણી સંચાલન માટે મતગણતરી, મતદાન મશીનો અને મતદાન સંબંધિત સામગ્રી રાખવા અને સલામતી દળો તથા કર્મચારીઓના રહેણાંક તરીકે કોઈ પણ પરિસરનો ઉપયોગ કરી શકશે.

### વોટર આઈડીને આધાર સાથે લિન્ક કરવાનો ફાયદો

આનાથી નકલી મતદાન અને નકલી મત રોકવામાં મદદ મળશે. તેનાથી એક જ વ્યક્તિનું વિવિધ મતવિસ્તારોની યાદીમાં પોતાનું નામ નહીં રાખી શકે. ચૂંટણી ડેટાબેઝ મજબૂત બનશે. વિદેશી ભારતીયો ગમે ત્યાંથી મત આપી શકશે.

### ભ્રમમાં ન રહેશો

- **સ્વૈચ્છિક લિન્કિંગઃ** આધાર અને ચૂંટણી ડેટાબેઝ વચ્ચે સૂચિત લિન્કેજ સ્વૈચ્છિક છે, ફરજિયાત નહીં. પણ બોગસ મતદાન રોકવામાં મહત્વનું પગલું.
- **મતાધિકારથી વંચિત રહેવાનું કોઈ જોખમ નહીંઃ** મતદાર યાદીમાં નામ સામેલ કરવા માટે કોઈ પણ અરજીને ફગાવવામાં નહીં આવે અને કોઈ વ્યક્તિ દ્વારા આધાર નંબર રજૂ કરવામાં અથવા જાણ કરવામાં અસમર્થતાની સ્થિતિમાં મતદાર યાદીમાંથી કોઈ પણ નામ હટાવવામાં નહીં આવે.




# પુરુષ-મહિલા લિંગ ગુણોત્તર વધ્યો

**દીકરી એ ભગવાનની અમૂલ્ય ભેટ છે. 1961થી 2011 સુધીની વસતિ ગણતરીમાં દર વર્ષે પુત્રો કરતા પુત્રીઓની સંખ્યા ઓછી રહેતી હતી. દેશના ઘણા રાજ્યો એવા હતા, જે દીકરીઓને ગર્ભમાં જ મારી નાખવા માટે બદનામ હતા. આ સ્થિતિ સુધારવા માટે રાષ્ટ્રીય ચેતના જગાવવાની અને સંકલ્પ લેવાની જરૂર હતી. વર્તમાન સરકારે 22 જાન્યુઆરી 2015ના રોજ હરિયાણાથી 'બેટી બચાઓ-બેટી પઢાઓ'ની શરૂઆત કરી. સાત વર્ષ પૂરા કરી રહેલી બેટી બચાઓ-બેટી પઢાઓ યોજનાને પરિણામે તાજેતરમાં જારી કરવામાં આવેલા ફેમિલી હેલ્થ સર્વેના આંકડા પ્રમાણે ભારતમાં હવે પ્રથમ વાર પુરુષ-મહિલાઓનો લિંગ ગુણોત્તર વધ્યો છે. દેશમાં 1000 પુરુષોની સરખામણીમાં મહિલાઓની સંખ્યા 1020 થઈ છે.....**

**"ભારતના વડાપ્રધાન ભિક્ષુક બનીને તમારી સમક્ષ દીકરીઓની જીંદગીની ભીખ માગી રહ્યા છે. દીકરીઓને તમારા પરિવારનું અભિમાન માનો, રાષ્ટ્રનું સન્માન માનો. દિકરો અને દિકરી બંને એ પાંખો છે, જેના વગર જીવનની ઊંચાઈઓને પામવાની કોઈ સંભાવના નથી. તેથી, ઊંચી ઉડાન ભરવી હોય તો દીકરો અને દીકરી એમ બંને પાંખ જોઈએ, તો જ સપના પૂરા થશે."**

સાત વર્ષ પહેલાં હરિયાણાના પાણીપત જિલ્લાથી બેટી બચાઓ-બેટી પઢાઓ અભિયાનની શરૂઆત કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહેલાં આ શબ્દો નવા સંકલ્પની શરૂઆત હતી. દેશના ટોચના નેતાએ કોઈ રાજકીય નફા-નુકસાનના આકલન વગર દીકરીઓ અંગે પ્રથમ વાર સમાજની સંકુચિત વિચારસરણી સામે

# સંકલ્પની શરૂઆત આ રીતે થઇ..

- 1961માં બાળકોનો (0થી 6 વર્ષ) લિંગ ગુણોત્તર પ્રતિ 1000 બાળકોએ 976 બાળકીઓ હતો, તે 2011માં ઘટીને 918 થઈ ગયો. આની પાછળનું કારણ એ હતું કે તમામ ભારતીય સમુદાયોમાં સામાજિક-સાંસ્કૃતિક પૂર્વાગ્રહ, છોકરાની ઈચ્છા, દીકરીઓ પ્રત્યે ભેદભાવ રાખવામાં આવતો હતો. 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતા' ની પરંપરા ધરાવતા દેશમાં દીકરીઓને કૂખમાં જ મારી નાખવાની, તેમને દૂધપીતી કરવા અથવા બિનવારસી છોડી દેવાની ઘટનાઓ સામે આવતી હતી.,
- વધતી જતી ભ્રૂણ હત્યાની ઘટનાઓ અને બાળ લિંગ ગુણોત્તરનાં ઘટી રહેલાં સ્તરને જોતાં વડાપ્રધાને 22 જાન્યુઆરી, 2015નાં રોજ હરિયાણાના પાણીપતમાં 'બેટી બચાઓ, બેટી પઢાઓ' યોજનાનો શુભારંભ કરતાં સુકન્યા સમૃધ્ધિ યોજનાની જાહેરાત કરવામાં આવી.
- બેટી બચાઓ બેટી પઢાઓ યોજનાનો હેતુ કન્યા ભ્રૂણ હત્યા રોકવાનો, કન્યાઓને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ આપવાનો, તેમને સલામતી પૂરી પાડવાનો અને લોકોની માનસિકતામાં સુધારો કરવાનો છે. દીકરીઓનો અભ્યાસ અને તેમનાં લગ્ન પર થતાં ખર્ચને સરળતાથી પૂરો કરવાના હેતુથી સુકન્યા સમૃધ્ધિ ખાતા યોજના શરૂ કરવામાં આવી છે, જેથી દીકરીઓને બોજ ન ગણવામાં આવે અને તેઓ પગભર થઈ શકે.
- પ્રથમ તબક્કામાં PC અને ને PNDT એક્ટને કડકાઈથી લાગુ પાડવાં, રાષ્ટ્રવ્યાપી જાગૃતિ અને પ્રચાર અભિયાન ચલાવવું. આ અંતર્ગત પાયાના સ્તરે લોકોને તાલીમ આપીને તેમને સંવેદનશીલ અને જાગૃત બનાવીને તથા સામુદાયિત એકતા દ્વારા તેમનો અભિગમ બદલવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ઓછો બાળ લિંગ ગુણોત્તર ધરાવતા 100 જિલ્લામાં પ્રથમ તબક્કા અંતર્ગત પાયલટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. એ પછી, વધુ 61 જિલ્લામાં તેનું વિસ્તરણ કરવામાં આવશે.
- 161 જિલ્લામાં સફળ અમલીકરણ બાદ 244 અન્ય જિલ્લામાં તેની શરૂઆત કરવામાં આવી છે. દેશની 95 ટકાથી વધુ શાળાઓમાં મહિલા શૌચાલય બનાવી દેવામાં આવ્યા છે. આ શૌચાલયને કારણે અધવચ્ચેથી અભ્યાસ છોડી દેનારી વિદ્યાર્થીનીઓની સંખ્યામાં ઘટાડો થયો છે.

## હેતુ

- પક્ષપાતી લિંગ પસંદગી પ્રક્રિયાની નાબૂદી
- દીકરીઓનું અસ્તિત્વ અને સલામતી સુનિશ્ચિત કરવી
- કન્યા શિક્ષણ સુનિશ્ચિત કરવું

## સુકન્યા સમૃધ્ધિ યોજનાથી ભવિષ્ય ઉજ્જવળ...

સુકન્યા સમૃધ્ધિ યોજના અંતર્ગત તમે કોઈ પણ પોસ્ટ ઓફિસ અથવા બેન્કમાં દીકરીના નામે સુકન્યા ખાતું ખોલાવી શકો છો. તેમાં લઘુતમ માસિક રૂ. 250 અને મહત્તમ વાર્ષિક રૂ. 1.5 લાખ જમા કરાવી શકાય છે. તેનાં પર 8.40 ટકાનાં દરે ચક્રવૃધ્ધિ વ્યાજની ગણતરી કરવામાં આવે છે. જો તમે માસિક રૂ. 10,000 સુકન્યા ખાતામાં 15 વર્ષ સુધી જમા કરાવો તો 21 વર્ષ બાદ દીકરીને લગભગ રૂ. 74 લાખ મળશે. આ ખાતાની વિશેષતા છે કે તેમાં જમા રકમ કર મુક્તિનાં દાયરામાં આવે છે. દીકરી 18 વર્ષની થાય ત્યારે તમે 50 ટકા રકમ ઉપાડી શકો છો અને બાકીના 50 ટકા લગ્નનાં સમયે પણ કાઢી શકાય છે.



**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ #selfiewithdaughter અને #bharatkilaxmi ખુદ જેવા અભિયાનની શરૂઆત કરીને બેટી બચાવો બેટી પઢાઓ યોજનાને નવી દિશા આપી**

પ્રહાર કર્યા છે. આ એવા ભારતના નિર્માણની શરૂઆત હતી, જેની કલ્પના દીકરીઓ વગર ન થઈ શકે અને તેનું પરિણામ તાજેતરમાં સામે આવ્યું. તાજેતરમાં જારી કરવામાં આવેલા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-5 પ્રમાણે પ્રથમ વાર ભારતની વસતિમાં 100 પુરુષો સામે મહિલાઓની સંખ્યા વધીને 1020

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

# સશક્ત મહિલા, સશક્ત રાષ્ટ્ર..


**માતાઓ, બહેનો અને દીકરીઓનું જીવન પેઢીઓને અસર કરનારું અને પેઢીઓનું નિર્માણ કરનારું જીવન હોય છે. એક દીકરીની તાકાત તેનું શિક્ષણ, કૌશલ્ય, પરિવાર કે સમાજ જ નહીં, પણ રાષ્ટ્રની દિશા નક્કી કરે છે. એટલાં માટે જ કેન્દ્ર સરકારે આ દિશામાં સતત પહેલ કરી છે. પ્રયાગરાજમાં 21 ડિસેમ્બરનાં રોજ મહિલા સ્વસહાય જૂથોનાં ખાતામાં રૂ. 1,000 કરોડ ટ્રાન્સફર કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, અમે દીકરીનાં જન્મથી માંડીને જીવનના દરેક તબક્કામાં મહિલાઓને સશક્ત કરવા માટેની યોજનાઓ બનાવી અને અભિયાન ચલાવ્યા.**

- પ્રસૂતિ પછી પણ માતા નવજાત શિશુની સંભાળ રાખતા રાખતા કામ ચાલુ રાખી શકે તે માટે પ્રસુતાની રજાને છ મહિના કરવામાં આવી છે. ગર્ભાવસ્થા દરમિયાન ગરીબ પરિવારોમાં માતાનું આરોગ્ય ચિંતાનું મોટું કારણ રહ્યું છે. તેથી, ગર્ભવતી મહિલાઓનું રસીકરણ, હોસ્પિટલોમાં ડિલીવરી અને ગર્ભાવસ્થા દરમિયાન પોષણ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું.
- પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત ગર્ભાવસ્થા દરમિયાન મહિલાનાં ખાતામાં 5,000 રૂપિયા જમા કરવામાં આવે છે, જેથી તે ખાવા પીવાનું ધ્યાન રાખી શકે. અત્યાર સુધી બે કરોડથી વધુ બહેનોને આશરે રૂ. 10,000 કરોડ આપી દેવામાં આવ્યા છે.
- સ્કુલ-કોલેજ બાદ કારકીર્દિથી માંડીને ઘર-ગૃહસ્થી સુધી મહિલાઓની સુવિધા અને આરોગ્યનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કરોડો શૌચાલય બનવાથી, ઉજ્જવલા યોજના અંતર્ગત ગેસ જોડાણની સુવિધા મળવાથી, ઘરમાં જ નળમાંથી જળ મળવાથી, મહિલાઓનાં જીવનમાં સુવિધાઓ વધી છે અને તેમની ગરિમા પણ વધી છે.



થઈ ગઈ. અગાઉના સર્વેમાં આ આંકડો 991 હતો. દેશનાં લિંગ ગુણોત્તરમાં શહેરોની સરખામણીમાં ગામડાંઓમાં સુધારો થયો છે. શહેરોમાં 1000 પુરુષોની સરખામણીમાં 985 મહિલાઓ છે, જ્યારે ગામડાંમાં આ સંખ્યા 1037 છે. એટલું જ નહીં, જન્મનાં સમયે જે લિંગ ગુણોત્તર 2015-16માં 919 હતો, તે 929 બાળકીઓ પર પહોંચી ગયો છે.

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં 21 ડિસેમ્બરનાં રોજ યોજાયેલા મહિલા સશક્તિકરણ કાર્યક્રમમાં તેનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "દીકરીઓને કૂખમાં જ ના મારી નખાય, તે જન્મ લે એટલાં માટે અમે 'બેટી



- આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત પણ પાંચ લાખ રૂપિયા સુધીના મફત ઈલાજની સુવિધાનો સૌથી વધુ લાભ મહિલાઓને થયો છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત જે ઘર આપવામાં આવી રહ્યા છે, તે પ્રાથમિકતાના આધારે મહિલાઓનાં નામે બની રહ્યા છે. મુદ્રા યોજના ગામડાંના ગરીબ પરિવારોની મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરી રહી છે. આ યોજના અંતર્ગત મળેલા કુલ ઋણમાં . આશરે 70 ટકા મહિલાઓને આપવામાં આવ્યા છે.
- દીનદયાલ અંત્યોદય યોજના દ્વારા પણ દેશભરમાં મહિલાઓને સ્વ સહાય જૂથો અને ગ્રામીણ સંગઠનો સાથે જોડવામાં આવી રહી છે.
- રાષ્ટ્રીય આજીવિકા મિશન અંતર્ગત 2014 પહેલાંના પાંચ વર્ષોમાં જેટલી મદદ કરવામાં આવી, તેની સરખામણીમાં વીતેલા સાત વર્ષમાં લગભગ 13 ગણો વધારો કરવામાં આવ્યો છે. દરેક સ્વ સહાય જૂથને કોઈ પણ જાતની ગેરન્ટી આપ્યા વગર 10 લાખ રૂપિયા સુધી મળતા હતા. જેને વધારીને હવે 20 લાખ સુધી કરવામાં આવ્યા છે.
- કોરોનાના આ સમયમાં તમારા ઘરનો ચૂલો સળગતો રહે, તે માટે મફત રેશન આપવાની વ્યવસ્થા કરવામાં આવી. મહિલાઓ રાત પાળીમાં પણ કામ કરી શકે તે માટે નિયમો સરળ બનાવવાનું કામ કરવામાં આવ્યું. ખાણમાં મહિલાઓને કામ કરવા પર કેટલાંક નિયંત્રણો હતા, તેને પણ દૂર કરવામાં આવ્યા છે.
- દેશભરની સૈનિક સ્કુલોમાં છોકરીઓને પ્રવેશ આપવાની શરૂઆત અમારી સરકારે કરી છે. બળાત્કાર જેવા જઘન્ય અપરાધોની ઝડપી સુનાવણી માટે દેશભરમાં આશરે 700 ફાસ્ટ ટ્રેક કોર્ટ્સની સ્થાપના કરવામાં આવી છે. મુસ્લિમ મહિલાઓને અત્યાચારમાંથી બચાવવા માટે તીન તલાક વિરુધ્ધ કાયદો બનાવવામાં આવ્યો.
- લોકસભામાં બાળ વિવાહ પ્રતિબંધ (સુધારા) વિધેયક, 2021ની ભલામણ કરવામાં આવી છે, જેમાં મહિલાઓનાં લગ્નની ઉંમર 18થી વધારીને 21 વર્ષ કરવાનો પ્રસ્તાવ છે. હાલમાં આ બિલને સ્થાયી સમિતિમાં મોકલવામાં આવ્યું છે.

બચાઓ, બેટી પઢાઓ' અભિયાન દ્વારા સમાજની ચેતનાને જગાવવાનો પ્રયાસ કર્યો છે. આજે પરિણામ એ છે કે દેશનાં અનેક રાજ્યોમાં દીકરીઓની સંખ્યામાં ઘણો વધારો થયો છે. દીકરીઓ સારી રીતે અભ્યાસ કરી શકે અને તેમને અધવચ્ચેથી શાળા ન છોડવી પડે તેનાં પર અમે સતત કામ કરી રહ્યું છે. સુકન્યા સમૃધ્ધિ યોજના અંતર્ગત લગભગ અઢી કરોડ દીકરીઓનાં ખાતા ખોલવામા આવ્યાં છે. તે મોટી થયા પછી પોતાનાં સપના પૂરા કરી શકે તે માટે તેના પર ઊંચો વ્યાજ દર રાખવામાં આવ્યો છે."


# વિશ્વ પર્યટનનું કેન્દ્ર બની રહેલું ભારત


## ભાતીગળ સંસ્કૃતિ અને વિવિધતા માણવા ભારત પધારો

**પર્યટનનાં અનેક સ્વરૂપ છે જેમ કે આનંદપ્રમોદ, હેલ્થ, આધ્યાત્મ કે મેડિકલ ટ્રીટમેન્ટ માટે. તમે કોઈ પણ કારણસર પર્યટન કરો તો તે જીવનમાં નવી ઊર્જાનો સંચાર થાય છે. પર્યટક સ્થળો અને ત્યાંની સુવિધાથી દેશની ઓળખ પણ ઊભી થાય છે. આ માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરી છે. રેલ, રોડ, એરવેઝ, વોટરવેઝની સાથે સાથે હોટલ હોસ્પિટલ અને ઈન્ટરનેટ-મોબાઈલ કનેક્ટિવિટી, સ્વચ્છતા, સફાઈ વ્યવસ્થા અને ગટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની તમામ સુવિધાઓ દેશમાં ઉપલબ્ધ છે. વળી, કોવિડના સમયમાં સરકારે રસીકરણ દ્વારા સલામતી પણ પૂરી પાડી છે. વિશ્વમાં આજે પર્યટન બહુ ઝડપથી આગળ વધી રહેલું ક્ષેત્ર છે અને 21મી સદીનું ભારત આ દ્રષ્ટિકોણ સાથે ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. 25 જાન્યુઆરીનાં રોજ રાષ્ટ્રીય પર્યટન દિવસ પ્રસંગે ભારત તેનાં ભવ્ય અને ભાતીગળ વારસા દ્વારા વિશ્વને સંદેશ આપી રહ્યો છે કે હજારો વર્ષની પરંપરા ધરાવતું હિન્દુસ્તાન હવે વિશ્વ પર્યટન નગરી બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.**










## ઉડાન યોજના દ્વારા વિજયવાડાથી કડપ્પાનું અંતર એક કલાકમાં કાપનાર આંધ્રપ્રદેશના નાગેન્દ્ર ભારતી કહે છે...

"કડપ્પાથી વિજયવાડાની યાત્રા અને તે પણ બાળકોની સાથે.! પહેલાં આ બહુ મુશ્કેલ હતું. રોડ મુસાફરી દ્વારા તેમાં 8થી 11 કલાક લાગતાં હતાં, પણ હવે ઉડાન યોજનાનો લાભ લઈને હું અહીં પરિવારજનો સાથે કનક દુર્ગા માતાના દર્શન કરવા આવ્યો છું. આ ઉત્તમ યોજના માટે કેન્દ્ર સરકારનો આભાર.."



"ભારત પાસે રહેલો મહાન વારસો, હજારો વર્ષની ગાથા વિશ્વ માટે અજાયબી છે. આપણે વિશ્વને બીજું કંઇ આપવાની જરૂર નથી. આપણા પૂર્વજો આપણાં માટે છોડીને ગયા છે તેને જ બતાવવાનું છે. હિન્દુસ્તાનના ટુરિઝમને કોઈ રોકી ન શકે.

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પર્યટન સંગઠન (UNWTO)એ ડિસેમ્બર મહિનામાં તેલંગાણાના પોચમપલ્લી ગામને શ્રેષ્ઠ પર્યટન ગામ તરીકે જાહેર કરીને ઈનામ આપ્યું હતું. આ પુરસ્કાર 2 ડિસેમ્બર 2021નાં રોજ સ્પેનના મેડ્રિડમાં UNWTO મહાસભાનાં 24માં સત્રમાં આપવામાં આવ્યો. પોચમપલ્લીની અનોખી વણાટ શૈલી અને પેટર્નને વિશેષ ઓળખ મળી છે, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ'ના મંત્ર દ્વારા આત્મનિર્ભર ભારતની પરિકલ્પનાને સાકાર કરવાની દિશામાં પ્રયાસ છે. આ વર્ષે રાષ્ટ્રીય પર્યટન દિવસનો મુખ્ય સમારોહ 25 જાન્યુઆરીનાં રોજ પોચમપલ્લી ગામમાં આયોજિત થઈ રહ્યો છે.









**વર્ષ 2021ના ડિસેમ્બરના પ્રારંભના દિવસોમાં અમેરિકાના શિકાગોમાં 69 વર્ષીય વોલ્ટર સાઈમન મિલિયો અને 80 વર્ષીય જ્હોન મધ્યપ્રદેશનું ખજુરાહો મંદિર જોવા આવ્યા. માર્ચ 2020ના કોવિડ લોકડાઉન બાદ પ્રથમ વાર ટુરિસ્ટ વિઝા પર 18 દિવસ માટે ભારત આવેલા બંને મહેમાનોએ વર્તમાન પરિસ્થિતિમાં અહીંના પર્યટન સ્થળોને સલામત ગણાવ્યા અને રસીકરણ અભિયાનને વિશ્વનાં અન્ય દેશોની સરખામણીમાં સારું ગણાવ્યું. આ ઉંમરે પ્રવાસન અંગે તેમનું કહેવું હતું... પર્યટન માટે ઉંમર કોઈ બંધન નથી. જ્યાં સુધી તમે ફીટ છો ત્યાં સુધી ઉંમર કોઈ બંધન નથી. જ્યાં સુધી તમે ફીટ છો ત્યાં સુધી દુનિયા જોવી જોઇએ. વાસ્તવમાં, વોલ્ટર અને જ્હોન ભારત સરકારે પર્યટનને પ્રોત્સાહન આપવા માટે પાંચ લાખ વિઝા મફત આપવા રજૂ કરેલી યોજનાના ભાગ રૂપે ભારત આવ્યા હતા અને કોવિડના સમયમાં તેમને અહીંનું વાતાવરણ એટલું સારું લાગ્યું કે તેમણે પર્યટન માટે ભારત આવવા બધાંને અપીલ કરી.**


અનુભવથી સંતોષ મળે છે અને પર્યટન દ્વારા જ અનુભવ મળી શકે છે. આ પર્યટન સાથે આધુનિકતા જોડાય છે ત્યારે તેનાં કેવાં પરિણામ આવે છે તેનું સાક્ષી ભારતનું પર્યટન ક્ષેત્ર છે. ઉપરોક્ત ત્રણેય ઉદાહરણ દર્શાવે છે કે જો સરકાર સુવિધાઓ વધારીને, કનેક્ટિવિટી સુધારીને અને રાષ્ટ્ર પ્રત્યે નિષ્ઠા સાથે પર્યટન ક્ષેત્રને રિવાઇવ કરીને અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડે તો ભારતને વિશ્વ પર રાજ કરતા કોઈ રોકી શકશે નહીં. કોવિડ મહામારીએ જીવનનાં દરેક ક્ષેત્રને અસર કરી છે, પણ 'ન્યૂ નોર્મલ'ના આ સમયમાં સરકારે ઝડપથી રસીકરણ કર્યું, આર્થિક વૃધ્ધિ કરી અને દરેક સેક્ટરમાં પરિવર્તન કરતાં દેશને નવી દિશા આપી. તેને પરિણામે, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંપૂર્ણ સમાવેશિતાના અભિગમ સાથે પર્યટન સેક્ટર પણ નોંધપાત્ર વૃધ્ધિ કરી રહ્યું છે. વિશ્વનાં 160થી વધુ દેશોના નાગરિકો માટે ઇ-વિઝા પહેલે ભારતીય પર્યટનને નવી દિશા આપી છે. વિવિધ એજન્સીઓનાં અહેવાલો જોઇએ તો વીતેલા સાત વર્ષોમાં વિશ્વ પર્યટન રેન્કિંગમાં ભારત 2009થી 2013 સુધી 62થી 65માં ક્રમે અટકી ગયું હતું, પણ હવે ગણતરીનાં વર્ષોમાં જ બમણી છલાંગ મારીને 34માં ક્રમે આવી ગયું છે. આટલું જ નહીં, પર્યટનના

સંદર્ભમાં ભારત વિશ્વનું સાતમું મોટું અર્થતંત્ર છે, તો હેલ્થ ટુરિઝમના સંદર્ભમાં વિશ્વનો ત્રીજો ટોચનો દેશ બની ચૂક્યો છે. પર્યટનનાં ક્ષેત્રમાં સુવિધાઓનું ઉદાહરણ કેવડિયા છે, જે આજે દેશ વિદેશમાં મોટી સંખ્યામાં પર્યટકોને આકર્ષી રહ્યું છે અને સ્ટેચ્યુ ઓફ લિબર્ટી કરતાં પણ વધુ પ્રવાસી સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવે છે.

**(જૂઓ બોક્સ પેજ નંબર 21 )**

આસ્થા, આધ્યાત્મ, શિક્ષણ, હેલ્થ-વેલનેસ, સાંસ્કૃતિક, હેરિટેજ, ઈકો, યુવા ટુરિઝમ ઉપરાંત વ્યાવસાયિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા ટુરિઝમ માટે ભારત વિશ્વનું સૌથી આકર્ષક પર્યટન કેન્દ્ર બની રહ્યું છે. કોવિડનાં સમયમાં સુમસામ બનેલાં પર્યટન સ્થળો હવે ઝડપી રસીકરણ ઉપરાંત મહામારી સામે ભારત સરકારના અભૂતપુર્વ પગલાંને કારણે ફરી એક વાર પ્રવાસીઓથી ઊભરાઈ રહ્યા છે. જો કે, કોવિડના કેસોમાં થઈ રહેલાં વધારાને કારણે પ્રવાસીઓ સાવચેતીપૂર્વક વર્તી રહ્યા છે. પર્યટન ક્ષેત્રમાં રિવાઈવલની પહેલને કારણે આ ક્ષેત્ર વૈશ્વિક મહામારી બાદ ઝડપથી બહાર આવવાની ક્ષમતા ધરાવે છે, કારણ કે કેન્દ્ર સરકારે આ મહામારીથી અસરગ્રસ્ત આર્થિક-સામાજિક ક્ષેત્રોની સાથે સાથે પર્યટનને પણ પ્રાથમિકતા આપી છે. ગયા વર્ષે જૂન મહિનામાં કેન્દ્ર સરકારે 31 માર્ચ, 2022 સુધી પાંચ લાખ વિદેશી પર્યટકોને મફત વિઝા જેવા પગલાં લીધાં હતાં, તો પર્યટન મંત્રાલય દ્વારા ટ્રાવેલ અને ટુરિઝમ સાથે સંકળાયેલા હિતધારકોને 10 લાખ રૂપિયા સુધીની લોન સંપૂર્ણ સરકારી ગેરન્ટી સાથે આપવામાં આવી રહી છે. રજીસ્ટર્ડ ટુરિસ્ટ ગાઈડને પણ એક લાખ રૂપિયાનાં લોનની વ્યવસ્થા કરવામાં આવી છે. જો કે, કોવિડના નવા વેરિએન્ટને જોતાં મફત વિઝાની મુદત વધારવા પર પણ વિચારણા કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર તેનાં નિર્ણયો દ્વારા સતત એ સંદેશ આપી રહી છે કે આગામી દિવસોમાં પણ તે દેશનાં ટુરિઝમ સેક્ટરને ઝડપથી આગળ વધવામાં મદદરૂપ સાબિત થાય તેવાં દરેક પગલાં લેવા માટે પ્રતિબધ્ધ છે. જો કે, ઓમિક્રોન વેરિએન્ટનો ફેલાવો વધી રહ્યો હોવાથી તેનાં પર થોડી અસર પડી શકે છે, પણ સમાવેશી સમૃધ્ધિ માટે પર્યટન મહત્વપૂર્ણ સેક્ટર છે.

સરકારનાં પ્રયાસોને કારણે વૈશ્વિક પર્યટન નકશા પર ભારત ચમકતા સિતારાની જેમ ઊભરી રહ્યું છે. ઈ-વિઝા, કનેક્ટિવિટી, ઉડાન જેવી યોજના, રોડ નેટવર્ક, પર્યટન સ્થળો પર પાયાની આધુનિક સુવિધાઓનું નિર્માણ અને વિશ્વમાં સૌથી લોકપ્રિય વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીની



**સારું ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સારી કનેક્ટિવિટીનો સૌથી વધુ લાભ આપણા ટુરિઝમ સેક્ટરને થાય છે. ટુરિઝમ એવું સેક્ટર છે, જેમાં દરેક વ્યક્તિની પાસે કમાણીનું સાધન હોય છે. આ જ વિચાર સાથે દેશ લોકલ ટુરિઝમ માટે વોકલ થાય તે માટે અનેક સ્તર પર કામ ચાલી રહ્યું છે.**
**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**


## વિઝા સુવિધાથી પર્યટકોની સંખ્યા વધી

- વિદેશી પ્રવાસીઓની ભારત યાત્રાને સુગમ અને સુવિધાજનક બનાવવા માટે કેન્દ્ર સરકારે નવેમ્બર 2014માં 44 દેશોનાં નાગરિકો માટે ઈ-વિઝાની શરૂઆત કરી હતી. 2018માં આ સુવિધાનું વિસ્તરણ કરીને 165 દેશોનાં નાગરિકોને આવરી લેવામાં આવ્યા હતા. દેશનાં 25 એરપોર્ટ અને પાંચ સી પોર્ટ પર ઈ-વિઝાની શરૂઆત કરી દેવામાં આવી છે.
- એક વર્ષનાં ઈ-ટુરિસ્ટ વિઝા ઉપરાંત મલ્ટીપલ એન્ટ્રી સુવિધા સાથે પાંચ વર્ષની ઈ-ટુરિસ્ટ વિઝા સુવિધાની શરૂઆત. આ ઉપરાંત ડ્યુઅલ એન્ટ્રી સુવિધા સાથે એક મહિનાનાં ઈ-ટુરિસ્ટ વિઝા, સરકારી /પીએસયુ કર્મચારીઓ માટે ઈ-કોન્ફરન્સ સુવિધા શરૂ કરવામાં આવી છે. તેની સાથે, વિઝા ફીમાં પણ મુક્તિ આપવામાં આવી છે.

### વિશ્વ રેન્કિંગમાં વધતું ભારત

પર્યટન ક્ષેત્રમાં કેન્દ્ર સરકારના સતત પ્રયાસોને પરિણામે વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (WEF)નાં 140 દેશોનાં અહેવાલમાં ભારતનું સ્થાન 34મું છે

| 65 | 52 | 40 | 34 |
|---|---|---|---|
| 2013 | 2015 | 2017 | 2019 |



STATUE OF UNITY
एक भारत, श्रेष्ठ भारत

# કેવડિયા

## પર્યટન વિકાસનું અનોખું દ્રષ્ટાંત

**એક સમયે કેવડિયા અંતરિયાળ વિસ્તારનું નાનકડું ગામડું હતું. પણ હવે તે વિશ્વનાં સૌથી મોટાં પર્યટન સ્થળ તરીકે સામે આવ્યું છે. કેવડિયાની ઓળખ સમાન સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી કરતાં પણ વધુ પ્રવાસીઓને આવે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું ત્યારથી અઢી વર્ષમાં 50 લાખથી વધુ લોકો તેની મુલાકાત લઈ ચૂક્યા છે. કોવિડનાં સમયમાં બંધ રહ્યા પછી તે પુનઃ શરૂ થયા પછી પણ મુલાકાતીઓનો ધસારો રહ્યો હતો. એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે જેમ જેમ કનેક્ટિવિટીમાં સુધારો થશે તેમ તેમ કેવડિયામાં દૈનિક લગભગ એક લાખ પર્યટકો આવશે. અહીં પર્યાવરણની જાળવણીનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.**

- પ્રારંભમાં કેવડિયા મહત્વનાં પર્યટન સ્થળ તરીકે વિક્સિત થાય તેવું અશક્ય લાગતું હતું. એ સમયે ન રોડ કનેક્ટિવિટી હતી, ન રોડ પર લાઇટ હતી. રેલવે સુવિધા પણ નહોતી અને પર્યટકો માટે રહેવાની કોઈ સુવિધા પણ નહોતી.
- હવે કેવડિયામાં તમામ સુવિધાઓ છે અને સંપૂર્ણ ફેમિલી પેકેજ બની ગયું છે. અહીંના આકર્ષણોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર, સરદાર પટેલ ઝુઓલોજીકલ પાર્ક, આરોગ્ય વન, જંગલ સફારી અને ન્યુટ્રીશન પાર્કનો સમાવેશ થાય છે. અહીં ગ્લો ગાર્ડન, યુનિટી ક્રુઝ અને વોટર સ્પોર્ટ્સ પણ હાજર છે.
- વધતા પર્યટનને કારણે આદિવાસીઓને રોજગારી મળી રહી છે અને સ્થાનિક લોકોને આધુનિક સુવિધાઓ મળી રહી છે. એકતા મોલમાં હસ્તશિલ્પની સ્થાનિક વસ્તુઓનાં વેપારની તકો છે. આદિવાસી ગામડાંમાં હોમ સ્ટે માટે લગભગ 200 રૂમ બનાવવામાં આવી રહ્યા છે.
- કેવડિયા રેલવે સ્ટેશનને આધુનિક ઢબે બનાવવામાં આવ્યું છે, જેમાં ટ્રાઇબલ આર્ટ ગેલેરીમાંથી સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઝલક જોવા મળી શકે છે.
- એક સમયે કચ્છ ઉજ્જડ હતું. હવે કચ્છ દેશ અને દુનિયાના પર્યટકો માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. કચ્છનો રણોત્સવ સમગ્ર વિશ્વને આકર્ષી રહ્યો છે. અહીં દર વર્ષે સરેરાશ ચારથી પાંચ લાખ પર્યટકો આવે છે અને સફેદ રેગિસ્તાન અને ભૂરા આકાશની મજા માણે છે.

ભરોસાપાત્ર છબી પર્યટકો માટે બ્રાન્ડ એમ્બેસેડર જેવી છે. તેમની છબી અને પર્યટનને પ્રોત્સાહન આપવાની પહેલને પરિણામે જ 2017માં હેરિટેજ સાઇટને દત્તક લેવા ‘Adopt a Heritage’ નામે કરવામાં આવેલી તેમની અપીલને કોર્પોરેટ જગતે ખૂબ સારો પ્રતિસાદ આપ્યો. અત્યાર સુધી 29 હેરિટેજ સાઇટ માટે સમજૂતિપત્ર પર હસ્તાક્ષર થઈ ચૂક્યા છે અને અનેક સ્થળો પર કંપનીઓ દ્વારા અત્યાધુનિક સુવિધાઓનું પણ નિર્માણ થઈ ચૂક્યું છે. પોતાના વિદેશ પ્રવાસમાં વડાપ્રધાન અનેક વાર ભારતીય મૂળનાં નાગરિકો સાથે સંવાદ કરતી વખતે તેમને ઓછામાં ઓછા પાંચ બિન ભારતીય પરિવારોને ભારતમાં આવવા માટે પ્રેરણા આપવા આહવાન કરતા રહ્યા છે જેથી ભારતીય પર્યટનને પ્રોત્સાહન મળે.

કોવિડના સમયમાં સલામતી ચક્રને મજબૂત કરતાં ભારતે જે ગતિથી કામ કર્યું છે તેની પ્રશંસા સમગ્ર દુનિયા કરી રહી છે. તેનો લાભ ઉઠાવતા ભારત સરકારે બ્રાન્ડ ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે 20થી વધુ દૂતાવાસોમાં પર્યટન અધિકારી નિયુક્ત કર્યા છે. અમૃત મહોત્સવ વર્ષમાં કેન્દ્ર સરકારે 75 પર્યટન સ્થળોને આંતરરાષ્ટ્રીય માપદંડો પ્રમાણે વિક્સિત કરવાની પહેલ શરૂ કરી છે. વડાપ્રધાને સ્થાનિક પર્યટનને પ્રોત્સાહન આપવા માટે પોતાનાં 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા લોકોને અપીલ કરી હતી કે વર્ષમાં 15 સ્થળો પર પર્યટન પર જાવ અને તેનાં વિષે લખીને જાગૃતિ પેદા કરો. મહાત્મા ગાંધી, લોકમાન્ય તિળક, સ્વામી વિવેકાનંદ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ જેવી હસ્તીઓએ ભારત ભ્રમણ કર્યું ત્યારે તેમને ભારતને જોવા-સમજવામાં અને તેનાં માટે જીવવા-મરવાની નવી પ્રેરણા મળી. આ જ રીતે વડાપ્રધાને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નું સૂત્ર આપીને ભારતની વિવિધતાને એક સૂત્રમાં બાંધ્યું. ભારતમાં સામાન્ય રીતે ઓક્ટોબરથી માર્ચ સુધીનો સમય પર્યટનનો હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારની પહેલને પગલે પર્યટન સ્થળો પર પ્રવાસીઓની સંખ્યા વધવા માંડી છે. સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટીને કારણે ટુરિઝમ સેક્ટરને સૌથી વધુ લાભ થાય છે. આ સેક્ટર નોંધપાત્ર પ્રમાણમાં રોજગારી પણ પૂરી પાડે છે. એટલાં માટે જ વીતેલાં કેટલાંક વર્ષોમાં કેન્દ્ર સરકારે સ્થાનિક અને વિદેશ નીતિમાં સુધારા કરીને પર્યટનને પ્રોત્સાહન આપવાની પહેલ કરી છે. પર્યાવરણ, પરિવહન અને પર્યટન એક બીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. તેથી, પૂર્વોત્તરનાં રાજ્યો હોય કે પછી આસ્થા, આધ્યાત્મના કેન્દ્રો, આદિવાસી વિસ્તારો હોય કે કંચનજંગાનું સૌથી ઊંચું શિખર અને કૈલાસ માનસરોવરની યાત્રા, પર્યટકોની સુવિધાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ટ્રાન્સપોર્ટ અને ટુરિઝમને ટ્રાન્સફોર્મેશન એટલે કે પરિવર્તનનું સાધન બનાવ્યું છે. ઈકો-ટુરિઝમ પર ફોકસની સાથે પર્યટન માટે એક રાષ્ટ્રીય વ્યૂહ અને રોડમેપનો મુસદ્દો તૈયાર થઈ ચૂક્યો છે. પાયાની સુવિધાઓ અને સારી કનેક્ટિવિટીનો સૌથી વધુ લાભ પર્યટન ક્ષેત્રને થાય છે. આ એવું સેક્ટર છે, જેમાં દરેક વ્યક્તિ માટે કમાણીની તક છે. ઓછામાં ઓછા રોકાણ દ્વારા વધુને વધુ આવક ટુરિઝમ સેક્ટરમાં શક્ય છે. લોકલ ટુરિઝમ માટે દેશ લોકલ બને તે માટે અનેક મોરચે કામ ચાલી રહ્યું છે. એર કનેક્ટિવિટી વધે છે, ત્યારે પર્યટન પણ એટલું જ વધે છે. માતા વૈષ્ણોદેવીની યાત્રા હોય કે કેદારનાથ યાત્રા, હેલિકોપ્ટર સેવાથી જોડાયા બાદ ભક્તોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં જ નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટનું શિલારોપણ કરવામાં આવ્યું હતું. છેલ્લાં કેટલાંક વર્ષોમાં જે પ્રયાસ થયા તેનાં પરિણામ પણ સામે આવી રહ્યા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને કારણે વિદેશી પર્યટકોને આકર્ષવામાં ઉત્તરપ્રદેશ ટોચનાં ત્રણ રાજ્યોમાં સ્થાન પામ્યું છે. ઉત્તરપ્રદેશમાં પર્યટકો માટે જરૂરી સુવિધાઓની સાથે આધુનિક

## હાઇ સ્પીડ કનેક્ટિવિટી પર ભાર

**પર્યટન માટે હાઈસ્પીડ કનેક્ટિવિટી જરૂરી છે. અને આ દિશામાં ભારતે સાત વર્ષમાં ઝડપથી કામ કર્યું છે. રોડ, રેલવે, એરપોર્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતનાં વિશ્વ સ્તરનાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં નિર્માણની સાથે સારી કનેક્ટિવિટીને કારણે હવે એ સ્થળો પર પણ પર્યટકો સરળતાથી જઈ શકે છે જ્યાં જવું પહેલાં મુશ્કેલ હતું.**

**13,394**
કિ.મી રોડ બનાવ્યો નાણાંકીય વર્ષ 2020-21માં કોવિડ છતાં

**1,37,625**
કિ.મી થઈ ગઈ હાઈવેની લંબાઈ 2014 સુધી તે 91,287 કિ.મી હતી

**75**
નવી વંદે ભારત ટ્રેન ચલાવવામાં આવશે આગામી બે વર્ષમાં

**37**
કિ.મી રોડનું દૈનિક નિર્માણ કરીને વિશ્વવિક્રમ બનાવી રહ્યું છે ભારત

**111**
કિ.મી થઈ છે ભારતમાં વોટરવેઝની સંખ્યા. 2014 સુધી તે 5 હતી.

**02**
લાખ કિમી સુધી કરવામાં આવશે એનએચએઆઈ નિર્મિત નેશનલ હાઈવેનું વિસ્તરણ 2024-25 સુધી

**220**
થઈ જશે એરપોર્ટ હેલિપોર્ટ વોટર એરોડ્રોમ્સની સંખ્યા વધીને વર્ષ 2024-25 સુધી ઉડાન અંતર્ગત



પેલેસ ઓન વ્હિલ્સ બાદ હવે મહારાજા એક્સપ્રેસ, રામાયણ સર્કિટ જેવી થીમ આધારિત ટ્રેનો ચલાવવામાં આવશે. દેશની પ્રથમ વંદે ભારત ટ્રેન દિલ્હીથી વારાણસી અને બીજી કટરા સુધી ચલાવવામાં આવે છે.



# ઉડાને આપી પર્યટનને પાંખો

- એક સમય હતો, જ્યારે પર્યટનનાં નામે ભારતમાં ગણતરીની જગ્યાઓનો જ ઉલ્લેખ થતો હતો. જ્યારે કે ભારત જેવા વિવિધતાસભર દેશમાં તેનાંથી અનેક સુંદર પર્યટક સ્થળો હાજર છે.
- વર્ષોથી આ સ્થળોની અવગણના કરવામાં આવી હતી. આ વારસાને ઓળખ અપાવવા અને પર્યટકો સરળતાથી અહીં આવી શકે તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા ‘ઉડાન’ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી.
- પર્યટકોને વિમાનની સુવિધા પૂરી પાડીને તમામ પર્યટન સ્થળોનું અંતર ઘટાડવાનો સરકારનો પ્રયાસ છે. અગાઉ પરિવહનની સુવિધાના અભાવે અને લાંબા અંતરને કારણે પર્યટકો ત્યાં જઈ શકતા નહોતા.


કર્ણાટકનું હમ્પી તેનું ઉદાહરણ છે. 2019માં ફરવાલાયક 52 સર્વશ્રેષ્ઠ સ્થળોની યાદીમાં તેને બીજું સ્થાન મળ્યું હતું. પણ સાથે એવી ટિપ્પણી કરવામાં આવી હતી કે યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે જાહેર કરવામાં આવેલાં આ સ્થળ સુધી પહોંચવું ખૂબ મુશ્કેલ છે. પણ હવે કેન્દ્ર સરકારે હમ્પીને ઉડાન યોજના અંતર્ગત બેલ્લારી અને વિદ્યાનગર એરપોર્ટ સાથે જોડી દીધું છે. હવે વિદ્યાનગર એરપોર્ટથી હમ્પી માત્ર 40 કિલોમીટર દૂર છે. સિક્કીમનું પાકયોંગ એરપોર્ટ પણ આવું જ મજબૂત ઉદાહરણ છે.

- ઉડાન યોજનાના ત્રીજા તબક્કામાં 29 અને ચોથા તબક્કામાં 34 નવા હવાઈ માર્ગની શરૂઆત કરવામાં આવી છે. હવે ઉત્તરાખંડનું પંતનગર, પિથોરાગઢ, ઉત્તરપ્રદેશનું કુશીનગર કે અરૂણાચલ પ્રદેશનું પાસીઘાટ અથવા આંધ્રપ્રદેશનું કુર્નુલ ‘ઉડાન’ અંતર્ગત વિમાન માર્ગે જોડાઇ ગયા છે.

કનેક્ટિવિટીનાં સાધન પણ વધારવામાં આવી રહ્યા છે. ભવિષ્યમાં અયોધ્યા એરપોર્ટ અને કુશીનગરનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દેશી-વિદેશી પર્યટકો માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. કોવિડનાં સમયમાં લોકોએ અનુભવ કર્યો કે કનેક્ટિવિટી હોય તો જીવન અને રોજગાર પર કેટલી સાનુકુળ અસર પડે છે. રોડ, રેલ, હવાઇ કે ઇન્ટરનેટ એમ તમામ પ્રકારની કનેક્ટિવિટી દેશની સૌથી મોટી પ્રાથમિકતાઓમાં સામેલ છે. મજબૂત કનેક્ટિવિટીનો સીધો લાભ પર્યટનને પણ મળી રહ્યો છે. ફળો અને શાકભાજીનું ઉત્પાદન કરતા ખેડૂતોને પણ તેનો લાભ મળી રહ્યો છે. ગામે ગામ ઇન્ટરનેટ પહોંચવાથી

હિમાચલ પ્રદેશની યુવા પ્રતિભાઓ, ત્યાંની સંસ્કૃતિને, પર્યટનની નવી સંભાવનાઓને દેશ-વિદેશ સુધી પહોંચાડી શકે છે. પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ભારતમાં 71 લાઇટહાઉસ નક્કી કરવામાં આવ્યા છે. આ તમામ લાઇટહાઉસમાં તેની ક્ષમતાઓને આધારે મ્યુઝીયમ, થિયેટર, કેફેટેરિયા, બાળકો માટે બગીચા, પર્યાવરણ માટે અનુકુળ કોટેજનું નિર્માણ થઈ રહ્યું છે. દેશનાં પસંદગીના બંદરો પર 2023 સુધી આંતરરાષ્ટ્રીય પર્યટનને વિક્સાવવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

ગોવાના ટુરિઝમ સેક્ટરને આકર્ષક બનાવવા માટે ત્યાંના ખેડૂતો, માછીમારો અને બીજા લોકોની સુવિધાઓ માટે, ખાસ કરીને કનેક્ટિવિટી સાથે સંકળાયેલા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર અભૂતપુર્વ કામ થઈ રહ્યું છે. મોપામાં બની રહેલું ગ્રીનફિલ્ડ એરપોર્ટ આગામી થોડા મહિનામાં પૂર્ણ થવા માટે તૈયાર છે. આ એરપોર્ટને નેશનલ હાઈવે સાથે જોડવા માટે લગભગ રૂ. 12,000 કરોડનાં ખર્ચે 6 લેનનો આધુનિક કનેક્ટિંગ હાઈવે બનાવવામાં આવી રહ્યો છે. માત્ર નેશનલ હાઈવેના નિર્માણમાં જ ગોવામાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં હજારો કરોડ રૂપિયાનું રોકાણ થયું છે. આ જ રીતે, 2014માં યાત્રા સ્થાનોના વિકાસ માટે 'PRASHAD' સ્કીમની પણ જાહેરાત કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત દેશમાં આશરે 40 મોટાં યાત્રા સ્થાનોને વિક્સાવવામાં આવી રહ્યા છે, જેમાંથી 15 પ્રોજેક્ટ્સનું કામ પૂરું પણ કરી લેવામાં આવ્યું છે. ગુજરાતમાં પણ 'PRASHAD' યોજના હેઠળ રૂ. 100 કરોડથી વધુનાં ત્રણ પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. ગુજરાતમાં સોમનાથ અને અન્ય પર્યટન સ્થળો અને શહેરોને એકબીજા સાથે જોડવા માટે કનેક્ટિવિટી પર ખાસ ભાર મૂકવામાં આવી રહ્યો છે. તેની પાછળનો વિચાર એ છે કે પ્રવાસીઓ એક સ્થળે દર્શન કરવા આવે ત્યારે બીજાં સ્થળોએ પણ જાય. આ રીતે દેશભરમાં 19 જાણીતા પ્રવાસન સ્થળો (Iconic Tourist Destinations) ની ઓળખ કરીને તેમને વિક્સાવવામાં આવી રહ્યા છે. આ તમામ પ્રોજેક્ટ્સ આગામી સમયમાં પર્યટન ઉદ્યોગને નવી ઊર્જા આપશે. 15 થીમ સર્કિટમાં 76 સેક્ટરને સામેલ કરીને કેન્દ્ર સરકાર 900થી વધુ પર્યટન સ્થળોને અરસપરસ જોડી રહી છે. આમાંથી, 35 પર કામ પૂરું થઈ ચૂક્યું છે અને 15 સ્થળો પર 80 ટકા કામ થયું છે. આંતરરાષ્ટ્રીય પર્યટનને પ્રોત્સાહન આપવા માટે સરકારે છેલ્લાં સાત વર્ષોમાં અનેક નીતિ વિષયક નિર્ણયો લીધાં છે, જેનો લાભ આજે દેશને થઈ રહ્યો છે. ઇ-વિઝા અને વિઝા ઓન એરાઈવલ જેવી યોજનાઓને લંબાવવામાં



"ટુરિઝમ વધવાનો સૌથી વધુ ફાયદો ગરીબોને થાય છે. વિદેશી પર્યટક આવે છે ત્યારે અહીં ખર્ચ પણ કરે છે. 2014માં ભારતીયોએ ટુરિઝમ સેક્ટરમાં વિદેશી ચલણમાં રૂ. 1.20 લાખ કરોડની કમાણી કરી હતી. 2018-19માં આ વિદેશી હૂંડિયામણ વધીને લગભગ રૂ. બે લાખ કરોડ થઇ ગયું હતું.
-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન"

આવી છે અને વિઝા ફીમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. આ જ રીતે પર્યટન સેક્ટરમાં હોસ્પિટાલિટી પર લગાવવામાં આવતો જીએસટી પણ ઘટાડવામાં આવ્યો છે. એડવન્ચરને ધ્યાનાં રાખતા દેશમાં 137 પર્વતના શિખરોને પણ ટ્રેકિંગ માટે ખોલવામાં આવ્યા છે. પ્રવાસીઓને નવી જગ્યાએ મુશ્કેલી ન પડે અને નવી જગ્યાની તમામ માહિતી મળી રહે તે માટે કાર્યક્રમો શરૂ કરીને ગાઇડ્સને તાલીમ આપવામાં આવી રહી છે. વિશ્વના દેશોના પ્રવાસીઓના મનોવિજ્ઞાનનો અભ્યાસ કરીને તેમની પસંદ-નાપસંદનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. પ્રવાસન સ્થળો પર વિશેષ સંકેતોની વ્યવસ્થા, વિદેશી ભાષા જાણા ગાઇડ વગેરેની વ્યવસ્થાથી ભારતીય પર્યટન સેક્ટરનો ચહેરો બદલાઈ રહ્યો છે.

## સાંસ્કૃતિક-આધ્યાત્મિક પર્યટનઃ ભારતીય પરંપરાનું વાહક

આજે સમગ્ર વિશ્વ ભારતનું યોગ, દર્શન, આધ્યાત્મ અને સંસ્કૃતિ પ્રત્યે આકર્ષાઇ રહ્યું છે. નવી પેઢીમાં પોતાનાં મૂળિયાં સાથે જોડાઈ રહેવાની જાગૃતિ આવી છે. તેથી, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પર્યટનના ક્ષેત્રમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંભાવનાઓ છે. આ સંભાવનાઓને સાકાર કરવા માટે સરકાર આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવી રહી છે એટલું જ નહીં પણ પ્રાચીન ગૌરવને પણ પુનર્જીવિત કરી રહી છે. રામાયણ સર્કિટનાં સ્થળોની મુલાકાત લઈને એ

# સાંસ્કૃતિક પર્યટનને પ્રોત્સાહન



## કાશી વિશ્વનાથ કોરિડોર

**800** કરોડ રૂપિયામાં વિશ્વનાથ કોરિડોર પ્રોજેક્ટ 2019માં શરૂ



5 લાખ સ્કવેર ફુટમાં બનેલા કોરિડોરના પ્રથમ તબક્કાનું ઉદઘાટન કરવામાં આવ્યું



43 અન્ય મંદિરોમાં પણ સુધારો, કાશીને મળ્યું ભવ્ય રૂપ







## સોમનાથ મંદિર

**03** મહત્વનાં પ્રોજેક્ટનું ઉદઘાટન વડાપ્રધાને કર્યું ઓગસ્ટ 2021માં

## રામ મંદિર પુનર્નિર્માણ

ઓગસ્ટ 2020માં વડાપ્રધાન મોદીએ રામ મંદિરનો શિલાન્યાસ કર્યો. 2025 સુધી કામ પૂરું થવાનો અંદાજ

## શીતલનાથ મંદિર

કાશ્મીરમાં 31 વર્ષ પછી ફેબ્રુઆરી 2021માં ખુલેલું શીતલનાથ મંદિર ચર્ચાનો મુદ્દો રહ્યું. કેન્દ્ર સરકારે 370મી કલમ નાબૂદ કર્યા બાદ આ મંદિરના પુનરોધ્ધારની પ્રક્રિયા શરૂ કરી હતી.

## કેદારનાથ ધામ

દેશનું વડપણ સંભાળ્યા બાદ વડાપ્રધાન મોદી પાંચ વાર કેદારનાથ જઈ આવ્યા છે. 2013માં ભૂસ્ખલનમાં ભારે નુકસાન પામેલા આ મંદિરનું ભવ્ય પુનર્નિર્માણ થઈ રહ્યું છે. શંકરાચાર્યની સમાધિનું ઉદઘાટન થઈ ચૂક્યું છે.

# સ્વદેશ દર્શનમાં થીમ આધારિત સર્કિટનો વિકાસ

ભારતના સમૃધ્ધ સાંસ્કૃતિક, ઐતિહાસિક, ધાર્મિક અને પ્રાકૃતિક વારસામાં પર્યટનના વિકાસ અને રોજગાર સર્જન માટે પ્રચંડ ક્ષમતા છે. આ હકીકત સાથે, 2015માં સ્વદેશ દર્શન યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત ભારતમાં 15 થીમ આધારિત સર્કિટ વિકસાવવાની શરૂઆત કરી હતી.

● બૌધ્ધ સર્કિટ ● રામાયણ સર્કિટ ● કૃષ્ણ સર્કિટ ● પૂર્વોત્તર સર્કિટ ● હિમાલય સર્કિટ ● કોસ્ટલ સર્કિટ ● રેગિસ્તાન સર્કિટ ● જનજાતિય સર્કિટ ● ઈકો સર્કિટ ● વન્યજીવ સર્કિટ ● ગ્રામીણ સર્કિટ ● આધ્યાત્મિક સર્કિટ ● હેરિટેજ સર્કિટ ● તીર્થંકર સર્કિટ ● સૂફી સર્કિટ

યોજના શરૂ થયા પછી આ સર્કિટના વિકાસ માટે રૂ. 5700 કરોડનાં કુલ 78 પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. ડિસેમ્બર 2020 સુધી તેમાં રૂ. 4200 કરોડથી વધુની ફાળવણી કરી દેવામાં આવી છે.

અનુભવી શકાય છે કે ભગવાન રામ કઈ રીતે સમગ્ર ભારતના રામ છે, તો બુધ્ધ સર્કિટ સમગ્ર વિશ્વના બૌધ્ધ અનુયાયીઓને ભારતમાં આવીને ભગવાન બુધ્ધનાં સ્થળોની મુલાકાત લઈને આધ્યાત્મિક તૃપ્તિ અનુભવવાની તક આપે છે. આધ્યાત્મિક વૈશ્વિક પર્યટન કેન્દ્ર અને કાયમી સ્માર્ટ સિટી તરીકે અયોધ્યાના વિકાસની કલ્પના કરવામાં આવી રહી છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં દેશભરમાં ઈતિહાસ, આસ્થા, આધ્યાત્મિક અને સંસ્કૃતિ સાથે સંકળાયેલા જેટલાં પણ સ્મારકો બનાવવામાં આવી રહ્યા છે તેનું એક લક્ષ્ય પર્યટનને પ્રોત્સાહન આપવાનું પણ છે. ઉત્તરપ્રદેશ તો પર્યટન અને તીર્થાટન બંને બાબતોમાં સમૃધ્ધ પણ છે અને તેની ક્ષમતાઓ અપાર છે. પછી એ ભગવાન રામનું જન્મસ્થળ હોય કે કૃષ્ણનું વૃંદાવન, ભગવાન બુધ્ધનું સારનાથ હોય કે કાશી વિશ્વનાથ, સંત કબીરનું મગહર ધામ હોય કે વારાણસીમાં સંત રવિ દાસનાં જન્મસ્થળનું આધુનિકીકરણ હોય, સમગ્ર રાજ્યમાં આ સ્થળોએ સુવિધા વિક્સાવવાનું કામ મોટા પાયે ચાલી રહ્યું છે. ભગવાન રામ, શ્રીકૃષ્ણ અને બુધ્ધના જીવન સાથે સંકળાયેલા સ્થળો જેમ કે અયોધ્યા, ચિત્રકુટ, મથુરા, વૃંદાવન, ગોવર્ધન, કુશીનગર, શ્રાવસ્તી જેવી તીર્થ સ્થળો પર રામાયણ સર્કિટ, આધ્યાત્મિક સર્કિટ, બૌધ્ધ સર્કિટનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. ભારતમાં સદીઓથી ચારધામ યાત્રાનું મહત્વ રહ્યું છે. દ્વાદશ જ્યોતિર્લિંગનાં દર્શન, શક્તિપીઠોનાં દર્શન, અષ્ટવિનાયકનાં દર્શનને મહત્વનાં ધામ માનવામાં આવ્યા છે. આ તીર્થાટન માત્ર પર્યટન પૂરતાં મર્યાદિત નથી, પણ ભારતને જોડનાર અને તેનો પરિચય કરાવતી એક જીવંત પરંપરા રહી છે. તાજેતરમાં જ ઉત્તરાખંડ સ્થિત કેદારનાથ ધામમાં પર્યટક સુવિધા કેન્દ્ર બનાવવામાં આવ્યું. આ વિસ્તારનાં લોકોની સુવિધા માટે આધુનિક હોસ્પિટલ, રેઈન શેલ્ટર જેવી તમામ સુવિધા ઊભી કરવામાં આવી છે. ચારધામ પ્રોજેક્ટ પર ઝડપથી કામ ચાલી રહ્યું છે, ચારેય ધામ હાઈવે સાથે જોડાઈ રહ્યા છે. ભવિષ્યમાં શ્રધ્ધાળુઓ અહીં કેદારનાથજી સુધી કેબલ કાર દ્વારા આવી શકે તે માટેની પ્રક્રિયાની શરૂઆત કરી દેવામાં આવી છે. પવિત્ર હેમકુંડ સાહિબનાં દર્શન કરવામાં સરળતા રહે તે માટે ત્યાં પણ રોપ-વે બનાવવાની તૈયારી છે. આ સિવાય ઋષિકેશ અને કર્ણપ્રયાગને રેલવે દ્વારા જોડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તાજેતરમાં ગુજરાતના સોમનાથ મંદિરમાં દેશ વિદેશથી આવતા શ્રધ્ધાળુઓ માટે સમુદ્ર દર્શન પથ, શોપિંગ કોમ્પ્લેક્સ બનાવવામાં આવ્યા છે. આ સુવિધાઓને કારણે અહીં રોજગારીની નવી તકો સર્જાશે અને આ સ્થળની ભવ્યતામાં પણ વધારો થશે. આઝાદીના અમૃત મહોત્સવના સમયગાળામાં દેશભરમાં 10






**કોરોના બાદ તો હવે એ વધુ મહત્વપૂર્ણ થઈ ગયું છે. જ્યાં રસીકરણ જેટલું વધુ હશે, ત્યાં જવામાં પ્રવાસીઓ એટલી વધી સલામતી અનુભવશે અને તમે જોયું હશે, હિમાચલ હોય, ઉત્તરાખંડ હોય, સિક્કિમ હોય, ગોવા હોય કે આંદામાન નિકોબાર હોય, ટુરિસ્ટ ડેસ્ટીનેશન ધરાવતા આ રાજ્યોમાં રસીકરણ પર ભાર મૂકવામાં આવ્યો છે, જેથી પ્રવાસીઓનાં મનમાં એક વિશ્વાસ પેદા થાય.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

જનજાતિય સંગ્રહાલયનું નિર્માણ કરીને જનજાતિઓની વીરતાની કહાનીઓ અને તેમની સંસ્કૃતિથી લોકોને પરિચિત કરવાની પહેલ થઈ રહી છે. તાજેતરમાં જ રાંચીમાં ભગવાન બિરસા મુંડાને સમર્પિત સંગ્રહાલયની શરૂઆત થઈ ચૂકી છે, તો ટૂંક સમયમાં ગુજરાતના રાજપીપળા, આંધ્રપ્રદેશના લાંબાસિંગી, છત્તીસગઢના રાયપુર, કેરળના કોઝીકોડ, મધ્યપ્રદેશના છીંદવાડા, તેલંગાણાના







# વિશ્વ પર્યટનઃ ભારતની 19 'આઇકોનિક' ઓળખ

- કોઈ પણ દેશનું પર્યટન સ્થળ વિશ્વમાં તેની ઓળખ પ્રસ્થાપિત કરે છે. વૈશ્વિક પર્યટન નકશામાં ભારતે મહત્વનું સ્થાન મળ્યું છે. દેશનાં 19 પર્યટન સ્થળોને આઇકોનિક ડેસ્ટિનેશન તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે.
- કેન્દ્ર સરકારની આ યોજનાને રાજ્ય સરકાર, સ્થાનિક એકમોની મદદથી પૂરી કરવામાં આવી રહી છે. ગંતવ્ય સ્થળથી કનેક્ટિવિટી, સ્થળ પર પર્યટકો માટે વધુ સારી સુવિધાઓ, કૌશલ્ય વિકાસ અને સ્થાનિક સમુદાયની ભાગીદારી, પ્રચાર અને બ્રાન્ડિંગ, ખાનગી રોકાણને પ્રોત્સાહન આપીને આ સ્થળોના વિકાસની યોજના છે.
- આ 19 સ્થળોમાં આગરાના તાજમહાલથી માંડીને દિલ્હીનો કુતુબ મીનાર, મહારાષ્ટ્રની અજંતા-ઈલોરાની ગુફાઓનો સમાવેશ થાય છે.

***કોવિડનાં સમયમાં ટુરિઝ્મ સેક્ટર પર અસર પડી ત્યારે હિતધારકોથી માંડીને ગાઇડ સુધીનાં લોકોને સરકારે મદદ કરી.***

હૈદરાબાદ, મણિપુરના તામેન્ગ-લોંગ, મિઝોરમના કેલસિહ, ગોવાના પૌંડામાં આ પ્રકારનું મ્યુઝીયમ સ્થાપવામાં આવશે. આ મ્યુઝીયમથી દેશની નવી પેઢી આદિવાસી ઈતિહાસના ગૌરવથી પરિચિત થશે એટલું જ નહીં પણ આ વિસ્તારોમાં પર્યટનને નવી ગતિ પણ મળશે. ઉત્તરપ્રદેશમાં મહારાજા સુહેલદેવની 40 ફુટ ઊંચી કાંસ્ય પ્રતિમા પર્યટકોને તેમનાં જીવનથી પરિચિત કરાવશે. આ સ્થળે અનેક સુવિધાઓનું નિર્માણ પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. આને કારણે બહેરાઇચની સુંદરતા વધશે એટલું જ નહીં પણ અહીં આવનારા પર્યટકોની સંખ્યામાં પણ વધારો થશે.

**હોસ્પિટલ અને હોસ્પિટાલિટી એક સાથે**



કેટલાંક લોકોને વિચાર આવે કે હેલ્થકેર પ્રોગ્રામને અને પ્રવાસન ક્ષેત્રને શું લાગે વળગે. પણ આરોગ્ય અન પ્રવાસન વચ્ચે મજબૂત સંબંધ છે, કારણ કે જો દેશનું હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત હોય, તો તેની અસર પ્રવાસન ક્ષેત્ર પર પણ પડે છે. ફિક્કીના એક રિપોર્ટ અનુસાર વિશ્વના મેડિકલ ટુરિઝમમાં ભારતનો હિસ્સો 20 ટકાથી વધુ છે. તેનું મુખ્ય કારણ એ છે કે ભારતમાં અમેરિકા અને યુરોપ કરતાં 50 ટકા સસ્તા ખર્ચમાં સારવાર થાય છે. કેન્દ્ર સરકાર દ્વારા આ દિશામાં સતત ધ્યાન આપવામાં આવી રહ્યું હોવાથી 2014ની સરખામણીમાં કોવિડ પહેલા ભારતમાં મેડિકલ ટુરિઝમ સેક્ટરમાં આવનારા પ્રવાસીઓની સંખ્યામાં 350 ટકાથી વધુનો વધારો નોંધાયો હતો. 2014માં આ મેડિકલ ટુરિઝમમાંથી થતી કમાણી 1.23 લાખ કરોડ રૂપિયા હતી, જે 2019માં વધીને રૂ. 2.10 લાખ કરોડ થઈ હતી. એટલે કે જે જે સ્થળોએ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સારું હશે ત્યાં પર્યટનની વધુ સંભાવનાઓ વિકસશે. હોસ્પિટલ અને હોસ્પિટાલિટી એકબીજા સાથે મળીને ચાલશે. ભારત આજે હેલ્થ ટુરિઝમનાં સંદર્ભમાં વિશ્વનાં ત્રણ મોટાં દેશોમાં સામેલ છે. હેલ્થ-વેલનેસ ટુરિઝમનો મૂળ સિદ્ધાંત છે-બિમારીની સારવાર અને તેનાં પછીની તંદુરસ્તી. આયુર્વેદ અને પરંપરાગત સારવાર એ બિમારીને જડમાંથી દૂર કરવાનો અક્સીર ઉપાય છે. આયુર્વેદ સાથે સંકળાયેલી સમગ્ર ઈકોસિસ્ટમના વિકાસથી દેશમાં આરોગ્ય અને સુખાકારી સાથે જોડાયેલાં પ્રવાસનને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે. ભારતમાં પર્યટન સ્થળો વિવિધતાથી ભરેલાં છે. જેમ કે, કેરળનાં લીલાંછમ ચાનાં બગીચામાં ડિટોક્સિકેશન, ઉત્તરાખંડના પર્વતો પર ઠંડી હવા ખાવી કે નદી કિનારે યોગ કરવાં, પૂર્વોત્તર રાજ્યોનાં ગાઢ જંગલોમાં ભ્રમણ કરવું એક અલગ જ અનુભૂતિનો અહેસાસ કરાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હેલ્થ-વેલનેસ ટુરિઝમ અંગે કહે છે, "જો તમે તમારા જીવનનાં તણાવથી પરેશાન હોવ તો માની લો કે તમારે ભારતની પ્રાચીન સંસ્કૃતિને અપનાવવાનો સમય આવી ગયો છે. જો તમે તમારા શરીરની સારવાર કરાવવા માંગતા હોવ અથવા પોતાનાં મનનો ઈલાજ કરાવવા માંગતા હોવ તો ભારત આવો." આ સેક્ટરમાં પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ભારતે રાષ્ટ્રીય આયુષ મિશનની સ્થાપના કરી છે. આયુર્વેદ અને અન્ય ભારતીય સારવાર પદ્ધતિઓ અંગે ભારતની નીતિ વિશ્વ આરોગ્ય સંસ્થાની પરંપરાગત સારવાર નીતિ 2014-2023ને અનુરૂપ છે. ડબલ્યુએચઓએ ભારતમાં ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડીશનલ મેડિસિનની સ્થાપનાની જાહેરાત કરી છે. આયુર્વેદ સહિતની પરંપરાગત સારવાર પદ્ધતિનો અભ્યાસ કરવા માટે વિવિધ દેશોનાં વિદ્યાર્થી

## પ્રશાદ યોજના દ્વારા પ્રાથમિક સુવિધાઓનો વિકાસ


- PRASHAD (Pilgrimage Rejuvenation And Spiritual Augmentation Drive) એક રાષ્ટ્રીય મિશન છે, જેને પર્યટન મંત્રાલય દ્વારા વર્ષ 2014-15માં શરૂ કરવામાં આવ્યું હતું. આ યોજના સંપૂર્ણપણે કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત છે.
- આ યોજના ધાર્મિક પર્યટન અનુભવને સમૃધ્ધ કરવા માટે દેશભરના યાત્રાધામોની ઓળખ અને વિકાસ પર કેન્દ્રીત છે. તેનો મુખ્ય હેતુ સંપૂર્ણ ધાર્મિક પર્યટનનો અનુભવ પૂરો પાડવાનો અને યાત્રા સ્થળોને પ્રાથમિકતા આપીને લાંબા ગાળાનો વિકાસ કરવાનો છે.
- આ યોજના દ્વારા રોડ, રેલવે, જળ માર્ગના ટર્મિનલ, મોબાઈલ-ઈન્ટરનેટ કનેક્ટિવિટી, શૌચાલય, ક્રાફ્ટબજાર, એટીએમ, મની એક્સચેન્જ કાઉન્ટર જેવી પાયાની સુવિધાઓનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.



**57** *સ્થળનો સમાવેશ થાય છે, જે 27 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં આવેલાં છે.*


***24 રાજ્યોમાં આશરે રૂ. 1160 કરોડનાં 36 પ્રોજેક્ટ્સ પર કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.***







## ભારતમાં 2016થી 2020 સુધી મેડિકલ ટુરિઝમ માટે આવનારા લોકોની સંખ્યા




આંકડા રૂપિયા લાખમાં. *કોવિડ લોકડાઉન

## પર્યટનનાં વધતા બજારમાં ભારતની ભૂમિકા

વર્લ્ડ ટુરિઝમ અને ટ્રાવેલ કાઉન્સિલના એક અહેવાલ પ્રમાણે કોવિડનાં પહેલાં વૈશ્વિક પર્યટન બજાર પ્રતિ વર્ષ 3.5 ટકાનાં દરે વૃધ્ધિ પામતું હતું. વિશ્વની જીડીપીમાં તેનું પ્રદાન 8.9 ટ્રિલિયન ડોલર છે, જ્યારે 33 કરોડ લોકોને રોજગારી આપે છે. ભારતમાં તે 8.75 કરોડ લોકોને રોજગારી આપે છે, જ્યારે જીડીપીમાં તેનો હિસ્સો 194 અબજ ડોલર છે.

## 137 પર્વતીય શિખરો પર ટ્રેકિંગની મંજૂરી

ઓગસ્ટ 209માં કેન્દ્ર સરકારે ટ્રેકિંગ માટે પર્વતારોહણ વિઝા મેળવવા ઈચ્છુક વિદેશીઓ માટે 137 પર્વત શિખરો ખુલ્લાં મૂક્યા હતા. આ શિખર જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને સિક્કીમમાં આવેલા છે. વિદેશીઓ માટે સૌથી વધુ 51 શિખર ઉત્તરાખંડમાં ખુલ્લા મૂકવામાં આવ્યા. આ યાદીમાં જમ્મુ કાશ્મીરના 15 પર્વત શિખરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દેશમાં એડવન્ચર ટુરિઝમને પ્રોત્સાહન આપવાની દિશામાં લેવામાં આવેલું આ ઐતિહાસક પગલું હતું.

ઘણાં વર્ષોથી ભારત આવે જ છે.

જો કે, કોવિડ મહામારીને કારણે પર્યટન ક્ષેત્રને મોટો ફટકો પડ્યો છે. પણ વેક્સિનેશનની ઝડપ વધી રહી હોવાથી સ્થાનિક અને વિદેશી પર્યટકોમાં આત્મવિશ્વાસમાં વધારો થયો છે. ભારતે ટુરિઝમ સેક્ટર સાથે સંકળાયેલા રાજ્યોને રસીકરણ અભિયાનમાં પ્રાથમિકતા આપી છે. ભારત સરકારે આ સેક્ટર માટે પ્રાથમિકતાઓનાં આધારે રસીકરણની પહેલ કરી અને તેનાં પરિણામે પર્યટન ક્ષેત્ર આ મહામારીના ખરાબ સમયમાંથી બહાર નીકળતું જોઈ શકાય છે. પર્યટન માટે કોવિડની સલામતીની સાથે સાથે સ્વચ્છતા અને મુળભૂત સુવિધાઓનો વિકાસ પણ મહત્વનો છે.

### સ્વચ્છતાથી પર્યટન ક્ષેત્રને પણ ફાયદો

જો તમે યાદ કરશો તો, 2014 પહેલાં દેશમાં શહેરોમાં સફાઇ અંગે મોટા ભાગે નકારાત્મક ચર્ચા જ સાંભળવા મળતી હતી. ગંદકીને શહેરોનો સ્વભાવ માની લેવામાં આવ્યો હતો. સ્વચ્છતા પ્રત્યે બેદરકારીને કારણે શહેરોની સુંદરતા ઢંકાઇ જતી હતી અને શહેરમાં આવતા પ્રવાસીઓનાં મનમાં એ શહેર પ્રત્યે નકારાત્મક છબી ઊભી થતી હતી. વળી, સફાઈના અભાવે શહેરનાં લોકોનાં આરોગ્ય પર પણ અસર પડે છે. આ સ્થિતિને બદલવા માટે દેશમાં સ્વચ્છ ભારત મિશન અને

## ‘એડોપ્ટ એ હેરિટેજ’ દ્વારા અનોખી પહેલ


વિશ્વ પર્યટન દિવસ પ્રસંગે 27 સપ્ટેમ્બર, 2017નાં રોજ ‘એડોપ્ટ એ હેરિટેજ’ની શરૂઆત કરવામાં આવી હતી. ભારતીય પર્યટન મંત્રાલય, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગ અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા પર્યટનને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવેલી યોજના છે. આ યોજના દ્વારા દેશના સમૃધ્ધ અને વૈવિધ્યભર હેરિટેજ સ્મારકોને પર્યટનલક્ષી બનાવવાનો હેતુ છે. આ યોજના ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા) ના મુખ્ય સ્મારકોમાં શરૂ કરવામાં આવી છે, જેનાં અંતર્ગત અત્યાર સુધી દેશનાં 95 સ્મારકોને સામેલ કરવામાં આવ્યા છે. આ અંતર્ગત ખાનગી રોકાણકારો હેરિટેજ સાઈટનું મેઈન્ટેનન્સ કરશે અને પાયાની તથા આધુનિક માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવશે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી 29 એમઓયુ પર હસ્તાક્ષર થઈ ચૂક્યા છે.

## ‘દેખો અપના દેશ’ દ્વારા પર્યટકોને આકર્ષવાનો પ્રયાસ

ભારત સદીઓથી બીજા દેશોનાં લોકોને પોતાની તરફ આકર્ષતું રહ્યું છે. કાશ્મીરની સુંદર ખીણો, દાર્જિલિંગ અને આસામના ચાના બગીચા કે આગ્રાના તાજમહલની ચર્ચા સમગ્ર વિશ્વમાં છે. વિદેશી પર્યટકો અહીંના મનમોહક દ્રશ્યોને જોવાં માટે તલપાપડ હોય છે. આ ઉપરાંત, ભારતના ધાર્મિક સ્થળોએ પણ વિદેશીઓનો ધસારો રહે છે. સરકારે ‘દેખો અપના દેશ’ અભિયાનનો પ્રારંભ કર્યો છે, જેનાં અંતર્ગત સ્પેશિયલ ટુરિસ્ટ ટ્રેનો ચલાવીને ધાર્મિક સ્થળોને જોડવાની પહેલ કરવામાં આવી છે.

## હેલ્પલાઇનથી માંડીને તમામ માહિતી માટે પહેલ

- દેશી અને વિદેશી પર્યટકોની સુવિધા અને સલામતીના સંદર્ભમાં હિન્દી અને અંગ્રેજી સહિત 12 ભાષાઓમાં ટોલ ફ્રી નંબર 1800111363 અને સંક્ષિપ્ત કોડ 1363 પર પર્યટન સાથે સંકળાયેલી તમામ માહિતી ચોવીસ કલાક ઉપલબ્ધ છે.
- મંત્રાલયની વેબસાઈટ પર પર્યટકોનાં દરેક પ્રશ્નના જવાબ માટે લાઇવ ચેટની શરૂઆત કરવામાં આવી છે. પર્યટન માહિતી કાઉન્ટર પર હવે અંગ્રેજી ન જાણનારા પર્યટકો માટે સુવિધાની વિશેષ પહેલ કરવામાં આવી છે.
- અતુલ્ય ભારત વેબસાઈટ પર ગુગલ 360 ડિગ્રી વોકથ્રુ દ્વારા ભારતના પર્યટન સ્થળોની માહિતી વર્ચ્યુઅલ રીતે મેળવી શકાય છે, તો અતુલ્ય ભારત મોબાઈલ એપ દ્વારા ટુર ઓપરેટર, હોટલ, એજન્ટ, ગાઈડ જેવી તમામ માહિતી હાજર છે.
- મુશ્કેલી દરમિયા વિદેશી પર્યટકોની મદદ માટે અલગ કોવિડ-19 સેલની રચના કરવામાં આવી છે. સ્ટ્રેન્ડેડ ઇન ઇન્ડિયા પોર્ટલ દ્વારા કોવિડ દરમિયાન દેશમાં ફસાયેલા વિદેશી પર્યટકોને મદદ પૂરી પાડવામાં આવી.





અમૃત મિશન અંતર્ગત મોટું અભિયાન ચલાવવામાં આવ્યું. છેલ્લાં કેટલાંક વર્ષોમાં શહેરોમાં 60 લાખથી વધુ ખાનગી શૌચાલય અને છ લાખથી વધુ જાહેર શૌચાલયો બન્યાં છે. દેશમાં સાત વર્ષ પહેલાં 18 ટકા કચરાનો જ નિકાલ થતો હતો, જે આજે વધીને 70 ટકા થઈ ગયો છે. હવે સ્વચ્છ ભારત અભિયાન 2.0 અંતર્ગત શહેરોમાં ઊભા થતાં કચરાના ડુંગરોને હટાવવાનું અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું છે. શહેરોની ભવ્યતા વધારવામાં એલઇડી લાઇટોએ પણ મહત્વની ભૂમિકા ભજવી છે. સરકારે અભિયાન ચલાવીને દેશમાં 90 લાખથી વધુ જૂની સ્ટ્રીટ લાઇટોને એલઇડીમાં બદલી છે.

આઝાદીના આ 75માં વર્ષમાં દેશે'સબકા સાથ સબકા વિકાસ અને સબકા વિશ્વાસ'ની સાથે 'સબકા પ્રયાસ'નું પણ આહવાન કર્યુ છે. સબકા પ્રયાસની  આ ભાવના સ્વચ્છતા માટે પણ એટલી જ જરૂરી છે. ખુશી અને પર્યટનને સ્વચ્છતા સાથે ગાઢ સંબંધ છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જ નરેન્દ્ર મોદીએ પ્રગતિ માટે પર્યટનની સંભાવનાઓ ચકાસવાનું શરૂ કરી દીધું હતું અને સ્વચ્છતા પર જ સૌથી વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. 'નિર્મળ ગુજરાત લોકઆંદોલનમાં પરિવર્તિત થયું અને પરિણામે રાજ્યમાં પર્યટનને પણ પ્રોત્સાહન મળ્યું.

## વારસાને સાચવીને ઓળખ બનાવી રહેલું ભારત

પરંપરા અને પર્યટન આ બે એવા વિષય છે જે ભારતીય વારસો, ભાવનાઓ અને ઓળખ સાથે સીધી રીતે જોડાયેલાં છે. કેન્દ્ર સરકારનો હંમેશા પ્રયાસ રહ્યો છે કે ભારતનાં સાંસ્કૃતિક વારસાને વિશ્વ સમક્ષ નવા રંગ-રૂપમાં રજૂ કરવામાં આવે, જેથી ભારત વિશ્વમાં હેરિટેજ ટુરિઝમનાં મોટાં કેન્દ્ર તરીકે બહાર આવે. આ ભાવના સાથે ઐતિહાસિક ઇમારતોનું નવીનીકરણ કરીને તેમને ફરીથી આકર્ષક બનાવવામાં આવી રહી છે. તેની શરૂઆત કોલકાતા, દિલ્હી, મુંબઇ, અમદાવાદ અને વારાણસીની હેરિટેજ ઇમારતોથી કરવામાં આવી. આ ઇમારતોમાં નવી ગેલેરી, નવાં એક્ઝિબિશન થિયેટર, ડ્રામા અને મ્યુઝીક સેન્ટર માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકારે પણ નક્કી કર્યું છે કે દેશનાં પાંચ આદર્શ મ્યુઝીયમને આંતરરાષ્ટ્રીય માપદંડો પ્રમાણે બનાવવામાં આવશે. તેની શરૂઆત વિશ્વનાં સૌથી જૂના મ્યુઝીયમમાંના એક કોલકાતાના ઇન્ડિયન મ્યુઝીયમથી કરવામાં આવી. આ ઉપરાંત, દિલ્હી, ચેન્નાઇ, હૈદરાબાદ, શ્રીનગરમાં વર્તમાન સંગ્રહાલયોને પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. છેલ્લાં સાત વર્ષોમાં 10 નવાં સ્થળોને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકેનો દરજ્જો મળ્યો છે, જે દર્શાવે છે કે પર્યટન સ્થળોનાં વિકાસ અંગે સરકાર કેટલી ગંભીર છે. દેશના આ વારસાની જાળણી કરવી, તેનુ સૌંદર્યીકરણ કરવું જરૂરી છે, સાથે સાથે તેની જાળવણી અને મેનેજમેન્ટ માટે સંસાધનો પણ ઊભાં કરવા પડશે. આ માટે 'ઇન્ડિયન'ઇન્સ્ટીટ્યુટ ઓફ હેરિટેજ કન્ઝર્વેશન'ની સ્થાપના કરવાનો અને તેને ડિમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો આપવાની વિચારણા કરવામાં આવી રહી છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ ધોળાવીરા સાઇટનું સંરક્ષણ અને તેનાં પુનરોધ્ધારની કામગીરી કરી હતી, જ્યારે દેશના વડાપ્રધાન બન્યા પછી તેમણે ભારતમાં વર્લ્ડ હેરિટેજ સાઇટની સંખ્યામાં વધારો કરવાનો પ્રયાસ કર્યો. ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિતનાં વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખીને સમાવેશી વિકાસ કરવામાં આવી રહ્યો છે. સર્કિટ ટ્રેનો દ્વારા પર્યટન સ્થળોને જોડવામાં આવી રહ્યાં છે, તો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જેવી ઉજવણી દ્વારા વિદેશોમાં પણ ભારતીય સંસ્કૃતિની પ્રશંસા થઈ રહી છે. વર્ષો પહેલાં દેશમાંથી ચોરાઇ ગયેલી પ્રતિમાઓ કે કૃતિઓને પાછી લાવવાનું કામ પણ થઈ રહ્યું છે. 1976થી 2014 દરમિયાન ચોરીની માત્ર 13 જ કૃતિઓને પાછી લાવવામાં આવી હતી, જ્યારે 2014થી 2021 દરમિયાન 41 પ્રતિમાઓ અને કૃતિઓને પાછી લાવવામાં આવી છે. ચોક્કસપણે, કોવિડ બાદ ભારત પર્યટન ક્ષેત્રને ફરીથી પાટા પર લાવવાની તાકાત ધરાવે છે. માર્ચ 2022 સુધી પાંચ લાખ વિદેશી પર્યટકોને મફત વિઝાની સુવિધા, રસીકરણની ઝડપ, આરોગ્ય સુવિધાઓની પ્રાપ્યતા અને ટેકનોલોજીના સારા ઉપયોગથી ભારતીય પર્યટન વિશ્વમાં પોતાની વિશેષ ઓળખ બનાવવા તૈયાર છે. ભારતને વિશ્વમાં સર્વશ્રેષ્ઠ પર્યટન સ્થળ તરીકે ઓળખ અપાવવા માટે પ્રતિબધ્ધતાની સાથે સાથે સામૂહિક પ્રયાસની પણ જરૂર છે, જેથી એક ભારત-શ્રેષ્ઠ ભારતની ભાવના વિશ્વભરમાં ગુંજે. ●




## વિલંબ નહીં..

# હવે વિચારધારા માત્ર વિકાસની

**એક સમય એવો પણ હતો જ્યારે યોજનાઓની શરૂઆત તો થતી હતી પણ તેને પૂરી થવામાં દાયકાઓ લાગી જતા હતા. આખા દેશમાં આવી જ સ્થિતિ હતી. પાંચ દાયકાથી પેન્ડિંગ કેરળનો કોલ્લમ બાયપાસ હોય, આસામનો બોગીબીલ પુલ હોય, ઉત્તરપ્રદેશમાં ચાર દાયકાથી પેન્ડિંગ સરયૂ નહેર પ્રોજેક્ટ હોય કે ત્રણ દાયકાથી લટકી પડેલો હિમાચલ પ્રદેશનો રેણુકાજી ડેમ પ્રોજેક્ટ. જો કે વર્તમાન કેન્દ્ર સરકારે સાબિત કરી દીધું છે કે જો ઈરાદા મજબૂત હોય તો પછી કોઈ લક્ષ્ય અઘરું નથી હોતું. સરકારે દાયકાઓથી લટકી પડેલા વિકાસ પ્રોજેક્ટને પૂરા કર્યા છે. ઉત્તરપ્રદેશમાં માત્ર ચાર વર્ષમાં સરયૂ નહેર પ્રોજેક્ટનું 48 ટકા કામ પૂરું કરવામાં આવ્યું અને હવે હિમાચલ પ્રદેશમાં રેણુકાજી ડેમ પ્રોજેક્ટનું સપનું પણ સાકાર થયું છે...**

કોઈ પણ યોજના વર્ષોથી પેન્ડિંગ રહે તો તેનો ખર્ચ વધી જાય છે, એટલું જ નહીં પણ વર્ષોથી પ્રોજેક્ટ પૂરો થવાની રાહ જોતાં સ્થાનિક લોકો અને દેશની જનતા એ સુવિધાઓ અને ફાયદાઓથી પણ વંચિત રહી જાય છે, જે તેમને બહુ પહેલાં મળી જવી જોઈતી હતી. હિમાચલ પ્રદેશના મંડીમાં 27 ડિસેમ્બરનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂ. 11,000 કરોડનાં ખર્ચે ચાર ચાર જળવિદ્યુત પ્રોજેક્ટનું લોકાર્પણ અને શિલાન્યાસ કરતા જણાવ્યું, “દરેક દેશમાં અલગ અલગ વિચારધારાઓ હોય છે, પણ આજે આપણા દેશમાં લોકો સ્પષ્ટ રીતે બે વિચારધારાઓ જોઈ રહ્યા છે. એક વિચારધારા વિલંબની છે અને બીજી વિકાસની છે. વિલંબની વિચારધારાવાળા લોકોએ પર્વતો પર રહેનારા લોકોની ક્યારેય પરવા કરી નહીં. વિલંબની વિચારધારાવાળા લોકોએ હિમાચલના લોકોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાયાની સુવિધાઓ માટે દાયકાઓ સુધી રાહ જોવડાવી. એટલાં માટે જ અટલ ટનલ પ્રોજેક્ટમાં વર્ષોનો વિલંબ થયો. રેણુકાજી પ્રોજેક્ટમાં પણ ત્રણ દાયકાનો વિલંબ થયો.”

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

## વિકાસની ઝડપ પર ધ્યાન

ભારતે 2016માં લક્ષ્ય નક્કી કર્યું હતું કે તે વર્ષ 2030 સુધીમાં તેની સ્થાપિત વિદ્યુત ક્ષમતાની 40 ટકા જરૂરિયાત બિન અશ્મિભૂત ઇંધણનાં સ્ત્રોત દ્વારા પૂરી કરશે. આજે દરેક ભારતીયને એ વાતનો ગર્વ છે કે આપણે આ લક્ષ્ય નવેમ્બર 2021માં જ પૂરું કરી લીધું છે. એટલે કે જે લક્ષ્ય 2030માં પૂરું કરવાનું હતું તે ભારતે 2021માં જ પૂરું કરી લીધું છે. આ છે આજના ભારતની કામ કરવાની ગતિ.

# હિમાચલને મળેલી ભેટો

### રેણુકાજી ડેમ પ્રોજેક્ટ



લગભગ ત્રણ દાયકાથી પેન્ડિંગ આ પ્રોજેક્ટને વડાપ્રધાને સહકારી સમવાયતંત્રના અભિગમથી શક્ય બનાવ્યો. આ પ્રોજેક્ટને શક્ય બનાવવા કેન્દ્ર સરકારે છ રાજ્યો-હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરાખંડ અને દિલ્હી સાથે મંત્રણા કરીને તેમને એક મંચ પર લાવ્યા. 40 મેગાવોટના આ પ્રોજેક્ટનાં નિર્માણમાં આશરે રૂ. 7000 કરોડનો ખર્ચ કરવામાં આવશે.

### લુહરી જળવિદ્યુત પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો



210 મેગાવોટના આ પ્રોજેક્ટનું નિર્માણ રૂપિયા 1800 કરોડથી વધુના ખર્ચે કરવામાં આવશે. આમાંથી દર વર્ષે 75 કરોડ યુનિટથી વધુ વીજળીનું ઉત્પાદન થશે. આધુનિક અને ભરોસાપાત્ર ગ્રીડ વિસ્તારની આસપાસના રાજ્યો માટે પણ આ પ્રોજેક્ટ લાભદાયી સાબિત થશે.

### સાવરા-કુડ્ડૂ જળવિદ્યુત પ્રોજેક્ટ



111 મેગાવોટનાં પ્રોજેક્ટનું નિર્માણ લગભગ રૂ. 2080 કરોડનાં ખર્ચે કરવામાં આવ્યું છે. આનાથી પ્રતિ વર્ષ 380 કરોડ યુનિટ કરતાં વધુ વીજળીનું ઉત્પાદન થશે અને રાજ્યને વાર્ષિક 120 કરોડથી વધુ આવક મેળવવામાં મદદ મળશે.

### ધૌલાસિધ્ધ જળવિદ્યુત પ્રોજેક્ટ



હમીરપુર જિલ્લાનો આ પ્રથમ જળવિદ્યુત પ્રોજેક્ટ હશે. 66 મેગાવોટના આ પ્રોજેક્ટનું નિર્માણ રૂ. 680 કરોડથી વધુનાં ખર્ચે કરવામાં આવશે. તેનાથી પ્રતિ વર્ષ 30 કરોડ યુનિટથી વધુ વીજળીનું ઉત્પાદન થશે.

### દાયકાઓનું અંતર ઘટ્યું

પોતાના સંબોધનમાં વડાપ્રધાને હિમાચલ પ્રદેશમાં નળ જોડાણનું ઉદાહરણ આપતા જણાવ્યું, "આઝાદીના સાત દાયકામાં હિમાચલમાં સાત લાખ પરિવારોને પાઇપ દ્વારા પાણી મળતું હતું, માત્ર બે વર્ષની અંદર જ અને તે પણ કોરોનાના સમયમાં સાત લાખથી વધુ નવા પરિવારોને પાઇપ દ્વારા પાણી મળી ચૂક્યું છે."

પહેલાં રસોઈ બનાવવા માટે લાકડાની વ્યવસ્થા કરવામાં આપણી બહેનોને બહુ સમય લાગતો હતો. આજે ઘેર-ઘેર ગેસ સિલિન્ડર આવી ગયા છે. શૌચાલયની સુવિધા મળવાથી પણ બહેનોને મોટી રાહત મળી છે. વન રેન્ક વન પેન્શનનો દાયકા જૂનો મુદ્દો, લશ્કરને આધુનિક શસ્ત્રો અને બુલેટપ્રુફ જેકેટ આપવાનું કામ, ઠંડીમાં મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી સાધન સામગ્રી આપવાની હોય કે પછી આવવા જવા માટેની કનેક્ટિવિટી હોય, સરકારના પ્રયાસોનો લાભ હિમાચલના દરેક ઘરમાં મળી રહ્યો છે.

### હિમાચલની ઊર્જાનો ઉલ્લેખ

હિમાચલ પ્રદેશ દેશનાં સૌથી મહત્વપૂર્ણ ફાર્મા હબમાંનું એક છે. ભારતને આજે વિશ્વનું ફાર્મસી કહેવામાં આવે છે, તો તેની પાછળ હિમાચલની બહુ મોટી તાકાત છે. કોરોના વૈશ્વિક મહામારીના સમયમાં હિમાચલ પ્રદેશે બીજા રાજ્યોની મદદ કરી છે એટલું જ નહીં પણ બીજા દેશોને પણ મદદ કરી છે. સરકાર ફાર્મા ઇન્ડસ્ટ્રીની સાથે સાથે આયુષ ઇન્ડસ્ટ્રી-નેચરલ મેડિસિન સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકોને પણ પ્રોત્સાહન આપી રહી છે. દેવભૂમિ હિમાચલને પ્રકૃતિનું જે વરદાન મળ્યું છે, તેનું સંરક્ષણ કરવાની જરૂર છે. અહીં ટુરિઝમની સાથે સાથે ઔદ્યોગિક વિકાસની અપાર સંભાવના છે. કેન્દ્ર સરકાર અહીંના ફુડ પ્રોસેસિંગ, ખેતી-પ્રાકૃતિક ખેતી અને ફાર્મા પર વિશેષ ધ્યાન આપી રહી છે. ●



વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.


1976થી અટકેલાં અને લટકેલાં પ્રોજેક્ટ હવે પૂરાં થયાં

# દેવભૂમિને સંપૂર્ણ વિકાસની ભેટ

**વિકાસની ગતિને શક્તિ આપવાના કેન્દ્ર સરકારના સંકલ્પને સિધ્ધિ સુધી લઈ જવાનાં પ્રયત્નોને પરિણામે જ છ રાજ્યોને સિંચાઈનો લાભ આપનારા અને 1976થી અટકી પડેલા લખવાડ બહુહેતુક પ્રોજેક્ટને 2021માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાકાર કરી રહ્યા છે. આ ઉપરાંત, ઉત્તરાખંડમાં 30 ડિસેમ્બરનાં રોજ આરોગ્ય, કનેક્ટિવિટી, ઉદ્યોગ, મકાન, સ્વચ્છતા, પીવાનાં પાણી સહિતનાં અનેક પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરીને વિકાસની દિશામાં આગેકૂચ કરી...**

લખવાડ બહુહેતુક પ્રોજેક્ટની કલ્પના સૌ પ્રથમ વાર 1976માં કરવામાં આવી હતી. પણ ચાર ચાર દાયકાઓ સુધી આ પ્રોજેક્ટ લટકી રહ્યો અને હવે 30 ડિસેમ્બર 2021નાં રોજ યોજના શરૂ થઈ છે. લગભગ રૂ. 5747 કરોડનાં ખર્ચે બનનારાં લખવાડ બહુહેતુક પ્રોજેક્ટનું શિલારોપણ કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય મહત્વ ધરાવતા આ પ્રોજેક્ટથી લગભગ 34,000 હેક્ટર વધારાની જમીનની સિંચાઈ થઈ શકશે. 300 મેગાવોટ જળવિદ્યુત ઉત્પાદનને કારણે અહીંથી છ રાજ્યો- ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, હરિયાણા, દિલ્હી, હિમાચલ પ્રદેશ અને રાજસ્થાનમાં પીવાનું પાણી પૂરૂં પાડી શકાશે. લખવાડ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, "જ્યારે આપણે કોઈ ઐતિહાસિક સ્થળ પર જઈએ છીએ ત્યારે કહેવામાં આવે છે કે આ ઈમારત આટલાં વર્ષો પહેલાં બની હતી, આ ઈમારત આટલી જૂની છે. દાયકાઓ સુધી દેશની પણ એવી જ સ્થિતિ હતી કે મોટી યોજનાઓની વાત આવે ત્યારે કહેવાતું હતું કે આ યોજના આટલાં વર્ષોથી અટકી પડી છે, આ પ્રોજેક્ટ આટલા વર્ષોથી અધૂરો છે. આજે અહીં ઉત્તરાખંડમાં જે લખવાડ પ્રોજેક્ટનું કામ શરૂ થયું છે, તેનો ઈતિહાસ પણ આવો જ છે. આ પ્રોજેક્ટની કલ્પના સૌ પ્રથમ 1976માં કરવામાં આવી હતી. આજે 46 વર્ષ બાદ અમારી સરકારે તેનો શિલાન્યાસ કર્યો છે."

આ ઉપરાંત, ઉત્તરાખંડની વિકાસગાથાને આગળ વધારતા વડાપ્રધાન મોદીએ રૂ. 8700 કરોડનાં રોડ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો. આ પ્રોજેક્ટ્સથી અંતરિયાળ, ગ્રામીણ અને સરહદી વિસ્તારોની કનેક્ટિવિટીમાં સુધારો કરવાનું વડાપ્રધાન મોદીનું સ્વપ્ન સાકાર થશે, તો કૈલાસ માનસરોવર યાત્રા માટેના સંપર્કમાં પણ સુધારો થશે. આ સાથે, વડાપ્રધાન મોદીએ આરોગ્ય ક્ષેત્રમાં માળખાકીય વિકાસને આગળ ધપાવતા ઉધમસિંહ નગરમાં એઈમ્સ,ઋષિકેશનાં સેટેલાઈટ સેન્ટર અને પિથોરાગઢમાં જગજીવન રામ ગવર્મેન્ટ મેડિકલ કોલેજનું શિલારોપણ પણ કર્યું. દેશનાં તમામ રાજ્યોમાં વિશ્વસ્તરીય મેડિકલ સુવિધાઓ પૂરી પાડવાની દિશામાં પ્રયાસ અંતર્ગત આ પ્રોજેક્ટનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. આ બંને હોસ્પિટલોનું ક્રમશઃ રૂ. 500 કરોડ



❝ ઉત્તરાખંડમાં અનેક નદીઓ વહે છે. આઝાદી પછીથી અહીંના લોકોએ બે ધારા જોઈ છે. એક ધારા છે-પહાડને વિકાસથી વંચિત રાખવાની અને બીજી પહાડના વિકાસ માટે દિવસ રાત એક કરવાની. ઉત્તરાખંડમાં બની રહેલા નવા હાઇડ્રો પ્રોજેક્ટ્સ, ઉત્તરાખંડમાં વધી રહેલી ઔદ્યોગિક ક્ષમતા આ દાયકાને ઉત્તરાખંડન દાયકો બનાવશે. -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન ❞

**ઉત્તરાખંડને ચાર સ્તરીય લાભ**

- સિંચાઇઃ લખવાડ સિંચાઇ યોજનાથી છ રાજ્યનો લાભ થશે
- કનેક્ટિવિટી 8700 કરોડ રૂપિયાનાં ખર્ચે અનેક રોડ
- ઉદ્યોગ, રહેણાંક, સ્વચ્છતા, પીવાનાં પાણી માટેની યોજનાઓનું ઉદઘાટન
- હેલ્થકેર: એઇમ્સ, ઋષિકેશનું સેટેલાઇટ સેન્ટર, જગજીવન રામ મેડિકલ કોલેજ

## આ યોજનાઓનું લોકાર્પણ થયું

- કુમાઉ-ગઢવાલ કનેક્ટિવિટી નગીનાથી કાશીપુર
- 284 કરોડ રૂપિયાનાં ખર્ચે ટનકપુર-પિથોરાગઢનો ઓલ વેધર રોડ બન્યો
- 267 કરોડ રૂપિયાનાં ખર્ચે ટનકપુર-પિથોરાગઢ પર બેલખેતથી ચંપાવત સુધીનો ઓલ લેધર રોડ
- 233 કરોડ રૂપિયાનો તિલોનથી ચુર્યાની સુધીનો ઓલ વેધર રોડ પ્રોજેક્ટ
- UJVNનો રૂ. 50 કરોડનો પાંચ મેગાવોટનો સુરિંગડ જળવિદ્યુત પ્રોજેક્ટ
- 50 કરોડ રૂપિયાનાં નમામિ ગંગે પ્રોગ્રામ અંતર્ગત રામનગર-નૈનિતાલમાં ગટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ

## વિકાસ યોજનાઓનો શિલાન્યાસ

**5,747** કરોડ રૂપિયાનો 300 મેગાવોટનો લખવાડ બહુહેતુક પ્રોજેક્ટ

**4,002** કરોડનો 85.30 કિ.મી મુરાદાબાદ-કાશીપુર ફોર લેન રોડ પ્રોજેક્ટ

**1250** કરોડ રૂપિયાનાં ખર્ચે 13 જિલ્લામાં જલ જીવન મિશનમાં 73 વોટર સપ્લાય સ્કીમ

**627** કરોડ રૂપિયાનાં ખર્ચે પીએમ ગ્રામીણ સડક યોજનાનાં બીજા તબક્કામાં 133 માર્ગ

**455** કરોડ રૂપિયાના ખર્ચે એઇમ્સ સેટેલાઇટ સેન્ટરનું નિર્માણ કરવામાં આવશે


- 450 કરોડ રૂપિયામાં બનશે પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજનાના 151 પુલ
- 455 કરોડ રૂપિયામાં પિથોરાગઢ મેડિકલ કોલેજ
- 205 કરોડ રૂપિયામાં ચોવીસે કલાક પીવાના પાણીનાં પુરવઠાની યોજના
- 199 કરોડ રૂપિયામાં નમામિ ગંગે કાર્યક્રમ અંતર્ગત નવ એસટીપી
- 171 કરોડ રૂપિયાનાં ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરીના 1256 યુનિટ
- 35 કરોડ રૂપિયાનાં ખર્ચે કાશીપુર (સિડકુલ)માં અરોમા પાર્ક
- 78 કરોડ રૂપિયાનાં ખર્ચે નૈનિતાલ જિલ્લામાં ગટર વ્યવસ્થામાં સુધારાની યોજના
- 66 કરોડ રૂપિયાનાં ખર્ચે સિતારગંજમાં પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રિયલ પાર્ક
- 58 કરોડ રૂપિયાનાં ખર્ચે મદકોટાથી હલ્દવાની રોડ. રૂ. 54 કરોડનાં ખર્ચે કિચ્છાથી પંતનગર રોડ.
- 53 કરોડનાં ખર્ચે ખટીમા બાયપાસ. 177 કરોડનાં ખર્ચે એશિયન હાઈવેથી નેપાળ સુધીની કનેક્ટિવિટી

અને રૂ. 450 કરોડનાં ખર્ચે નિર્માણ કરવામાં આવી રહ્યું છે. સારા મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે માત્ર કુમાઉ અને તરાઇ ક્ષેત્ર જ નહી પણ ઉત્તરપ્રદેશના સરહદી વિસ્તારોને પણ મદદ મળશે. આ પ્રસંગે વડાપ્રધાને કાશીપુરમાં અરોમા પાર્ક, સિતારગંજમાં પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અને રાજ્યભરમાં મકાન, સ્વચ્છતા અને પીવાના પાણી સાથે સંકળાયેલા અનેક પ્રોજેક્ટ્સનું શિલારોપણ કર્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂ. 17,500 કરોડનાં ખર્ચે 23 પ્રોજેક્ટનો શુભારંભ કર્યો. તેમાં રોડ પહોળા કરવાનાં પ્રોજેક્ટ, પિથોરાગઢમાં જળવિદ્યુત પ્રોજેક્ટ અને નૈનિતાલમાં ગટર નેટવર્કમાં સુધારા સાથે જોડાયેલા પ્રોજેક્ટ સહિત છ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ. 3400 કરોડ છે. આ પ્રોજેક્ટ્સથી ગઢવાલ, કુમાઉ અને તરાઇના વિસ્તારોમાં અને ઉત્તરાખંડ-નેપાળ વચ્ચે કનેક્ટિવિટીમાં સુધારો થશે. તો પર્યટન, ઔદ્યોગિક અને વ્યવસાયિક પ્રવૃત્તિઓની સાથે વ્યૂહાત્મક રીતે પણ તે મહત્વની સાબિત થશે. તો આરોગ્ય માળખાને સુધારવા માટે એઇમ્સ, ઋષિકેશનાં સેટેલાઇટ સેન્ટરની સાથે પિથોરાગઢ મેડિકલ કોલેજ મહત્વની ભૂમિકા ભજવશે. ●

## કોવિડ સામે ઉપચાર તરીકે ભારતને વધુ બે રસી મળી

# 15થી 18 વર્ષના કિશોરોને રસી આપવાનો પ્રારંભ

**વિશ્વભરમાં ઓમિક્રોનના વધી રહેલા કેસો વચ્ચે સંભવિત જોખમનો સામનો કરવા ભારત સરકાર સંપૂર્ણ રીતે તૈયાર છે એટલું જ નહીં, સતર્ક પણ છે. રસીકરણ પર ભાર મૂકતા સરકાર ડોર-ટુ-ડોર રસીકરણ અભિયાનને મજબૂત કરી રહી છે, તો 25 ડિસેમ્બરનાં રોજ દેશને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 3 જાન્યુઆરીથી 15થી 18 વર્ષના કિશોરોને કોવિડની રસી આપવાનાં અભિયાનની જાહેરાત કરી. હેલ્થકેર અને ફ્રન્ટલાઈન વર્કર્સ તથા 60 વર્ષથી ઉપરની વયના ગંભીર બિમારીથી પીડાતા વડીલોને સાવચેતીના ભાગ રૂપે ડોઝ આપવાની શરૂઆત થઈ. આ ઉપરાંત, કોવિડ સામેની લડાઈમાં હવે ભારતને બીજી બે રસીનો સાથ મળ્યો છે..**



સંકલ્પ અને કર્તવ્યનિષ્ઠાનો સંગમ... રાજસ્થાનના બાડમેર જિલ્લામાં રસીકરણ અભિયાન માટે જઈ રહેલી મહિલા આરોગ્યકર્મી.

આજે વિશ્વના અનેક દેશોમાં કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનને કારણે સંક્રમણ વધી રહ્યું છે. ભારતમાં પણ અનેક લોકો ઓમિક્રોનથી સંક્રમિત થઈ રહ્યા હોવાના અહેવાલ આવી રહ્યા છે. પણ, ભારત સરકાર સ્થિતનો સામનો કરવા સંપૂર્ણ રીતે સજ્જ છે અને તમામ તૈયારી પૂરી કરી છે જેથી નાગરિકોને કોઈ પણ પ્રકારની સમસ્યાનો સામનો ન કરવો પડે. સરકાર દેશમાં સંપૂર્ણ રસીકરણ પર ભાર મૂકી રહી છે એટલું જ નહીં પણ રાજ્યો સાથે સંકલન કરીને જરૂરી દિશા-નિર્દેશ આપીને લોકોને સંપૂર્ણ

# ઓમિક્રોનના કેસો પર સતત નજર

**ઓછું રસીકરણ, વધતા જતા કેસો, અપૂરતી આરોગ્ય સુવિધા ધરાવતા રાજ્યોની મદદ માટે કેન્દ્ર સરકાર ટીમ મોકલી રહી છે. ડિસેમ્બરના ચોથા સપ્તાહમાં દેશભરમાં કોવિડની સ્થિતિ, ઓમિક્રોન અને આરોગ્ય પ્રણાલિની તૈયારીની સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડના નિવારણ અને સારવાર માટે અને કેસનું તાત્કાલિક નિદાન કરવા માટે ટેસ્ટિંગમાં ઝડપ કરવાનો નિર્દેશ આપ્યો અને કહ્યું કે સંક્રમણના ફેલાવાને રોકવા માટે અસરકારક કોન્ટેક્ટ ટ્રેસિંગ પર પણ ધ્યાન આપવું જોઈએ. વડાપ્રધાને અધિકારીઓને નિર્દેશ આપ્યો કે કેન્દ્ર સરકારે ઓછું રસીકરણ, વધતા કેસો, અપૂરતી આરોગ્ય વ્યવસ્થા ધરાવતા રાજ્યોમાં સ્થિતિ સુધારવામાં મદદ કરવા માટે ટીમ મોકલવી જોઈએ. આ ઉપરાંત, વડાપ્રધાને જિલ્લા સ્તરથી રાજ્યોમાં આરોગ્ય પ્રણાલિને મજબૂત કરવા પર પણ ભાર મૂક્યો. બેઠકમાં રાજ્યોને સતર્ક રહેવા અને જિલ્લાઓમાં સંક્રમણ, ડબલિંગ રેટ અને નવા કેસો પર મોનિટરીંગ કરવા તથા તમામ સાવચેતીઓનું પાલન કરવા તથા સતર્કતા જાળવવા સલાહ આપવામાં આવી.**

## સાવચેતીનાં પગલાંનું પાલન કરો




વૈશ્વિક મહામારી કોવિડ સામેની લડાઈ હજુ સમાપ્ત નથી થઈ. આવી સ્થિતિમાં કોવિડ ઉપયુક્ત વ્યવહારનું સતત પાલન કરવાની જરૂર આજે પણ પ્રાથમિકતામાં સર્વોપરિ છે. કોવિડ વૈશ્વિક રોગચાળા સામેની લડાઈમાં અત્યાર સુધીનો અનુભવ દર્શાવે છે કે વ્યક્તિગત સ્તરે તમામ દિશાનિર્દેશોનું પાલન જ કોવિડ સામેનું સૌથી મોટું શસ્ત્ર છે. નવા વેરિઅન્ટને જોતાં આપણે સજાગ અને સાવચેત રહેવું પડશે અને માસ્કનો ઉપયોગ ચાલુ રાખવો પડશે. આ ઉપરાંત, હાથોને થોડા થોડાં સમયે ધોવા જેવી બાબતો પણ ન ભૂલવી જોઈએ. એ ખાસ ખ્યાલમાં રાખવું જોઈએ કે આપણે કોવિડથી ગભરાઈએ નહીં, પણ સાવધાન રહીએ, સતર્ક રહીએ.

## સંબોધનમાં વડાપ્રધાન મોદીની ત્રણ મહત્વની જાહેરાતો




સાવધાની રાખવાની પણ અપીલ કરી રહી છે. એટલાં માટે જ 25 ડિસેમ્બરની રાત્રે કરેલા રાષ્ટ્રજોગા સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણ મોટી જાહેરાતો કરી હતી, જે આ પ્રમાણે છેઃ 3 જાન્યુઆરીથી 15થી 18 વર્ષના કિશોરોનું રસીકરણ, 10 જાન્યુઆરીથી હેલ્થકેર અને ફ્રન્ટલાઈન વર્કર્સને બુસ્ટર ડોઝ અને 60 વર્ષથી ઉપરની વયના બિમાર વડીલોને તેમનાં ડોક્ટરની સલાહથી સાવચેતીના ભાગ રૂપે ડોઝ. કિશોરોનાં રસીકરણથી શાળાઓમાં શિક્ષણ વ્યવસ્થાને સામાન્ય સ્થિતિમાં લાવવામાં મદદ મળવાની સંભાવના છે અને તેનાથી શાળામાં જનારા બાળકોનાં માતા-પિતાની ચિંતા પણ ઓછી થશે. ભારતે 16 જાન્યુઆરી, 2021થી નાગરિકોને રસી આપવાનું શરૂ કર્યું હતું અને દેશનાં તમામ નાગરિકોનાં સામૂહિક પ્રયાસ અને સામૂહિક ઈચ્છાશક્તિને પરિણામે ભારત 150 કરોડ રસીનાં ડોઝનાં મુશ્કેલ લક્ષ્યને પાર કરી ચૂક્યું છે. ભારતની વસતિમાંથી 63 ટકા લોકોએ રસીના બંને ડોઝ લઈ લીધા છે. આ જ રીતે પુખ્ત વસતિમાંથી 90

## સામનો કરવાની તૈયારી

- આજે દેશ પાસે 18 લાખ આઈસોલેશન બેડ છે. પાંચ લાખ ઓક્સિજન બેડ છે.
- 1.40 લાખ ICU બેડ છે. આઈસીયુ અને નોન-આઈસીયુ બેડને જોડી દઈએ તો બાળકો માટે 90,000 બેડ છે.
- આજે દેશભરમાં 3,000થી વધુ PSA ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત છે. દેશભરમાં ચાર લાખ ઓક્સિજન સિલિન્ડર આપવામાં આવ્યા છે.
- રાજ્યોને જરૂરી દવાઓનો બફર ડોઝ તૈયાર કરવામાં મદદ કરવા તેમને પૂરતા પ્રમાણમાં ટેસ્ટિંગ કિટ પૂરી પાડવામાં આવી રહી છે.

**નેઝલ વેક્સિન-દેશ બહુ જલ્દી નેઝલ વેક્સિન અને વિશ્વની પ્રથમ ડીએનએ વેક્સિન બનાવશે**

“

**મારો એક આગ્રહ છે કે અફવા, ભ્રમ અને ડર ફેલાવવાનો જે પ્રયાસ ચાલી રહ્યો છે તેનાંથી બચવું જોઇએ. આપણે બધાં દેશવાસીઓએ સાથે મળીને અત્યાર સુધી વિશ્વનાં સૌથી મોટાં રસીકરણ અભિયાનને ચલાવ્યું છે. આવનારા સમયમાં આપણે તેને વેગ આપવાનો છે અને વિસ્તરણ કરવાનું છે. આપણાં બધાંનો પ્રયાસ જ કોરોના સામેની આ લડાઈમાં દેશને મજબૂત કરશે.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

## કેન્દ્રનો મંત્રઃ રાજ્યો પાંચ સ્તરીય વ્યૂહ અપનાવે

- નાઈટ કરફ્યુ લગાવવામાં આવે, ટોળાં ભેગાં થતા અટકાવવામાં આવે, કેસ વધે તો કન્ટેઈનમેન્ટ અને બફર ઝોન નક્કી કરે.
- ટેસ્ટિંગ અને સર્વેલન્સ પર વિશેષ ધ્યાન આપવામાં આવે. ગાઈડલાઈન પ્રમાણે ટેસ્ટિંગ કરવામાં આવે. ડોર ડુ ડોર કેસ સર્ચ અને આરટીપીસીઆર ટેસ્ટની સંખ્યા વધારવામાં આવે.
- હોસ્પિટલોમાં બેડ, એમ્બ્યુલન્સ અને આરોગ્ય ઉપકરણ વધારવા પર ફોકસ. ઓક્સિજન અને દવાઓનો બફર સ્ટોક બનાવવામાં આવે.
- સતત માહિતી આપવામાં આવે, જેથી અફવા ન ફેલાય, રાજયો દૈનિક પત્રકાર પરિષદ યોજે.
- રાજ્ય 100 ટકા રસીકરણ પર ફોકસ કરે. તમામ પુખ્તોને બંને ડોઝ સુનિશ્ચિત કરવા માટે ડોર ટુ ડોર અભિયાન ચલાવવામાં આવે.

### કોવિડ સામે ત્રિશક્તિ

કોવિડની બીજી બે રસી અને એક નવી દવા આવવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશને સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયાની રસી ‘કોવોવેક્સ’ અને બાયોલોજીકલ ઈની રસી ‘કોર્બોવેક્સ’ના ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી છે. આ ઉપરાંત, કોવિડની ટેબ્લેટ ‘મોલનુપિરાવિર’ને ઈમરજન્સી ઉપયોગ માટે પણ મંજૂરી આપી દેવામાં આવી છે. જેમને બિમારીથી બહુ વધુ જોખમ છે એવા દર્દીઓને આ દવા આપી શકાશે. કેન્દ્ર સરકારે એ સ્પષ્ટ કર્યું છે કે 60 વર્ષથી ઉપરની ઉંમરના લોકોને ત્રીજા ડોઝ માટે ડોક્ટરનાં સર્ટિફિકેટની જરૂર નથી.

ટકાથી વધુ લોકોએ રસીના બંને ડોઝ લગાવી દીધા છે. અનેક રાજ્યો, ખાસ કરીને પર્યટનની દ્રષ્ટિએ મહત્વનાં રાજ્ય જેમ કે ગોવા, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશે 100 ટકા પ્રથમ ડોઝ રસીકરણનો લક્ષ્ય હાંસલ કરી લીધો છે. તો હિમાલચ પ્રદેશ અને આંદામાન નિકોબાર ટાપુમાં પાત્ર વસતિનું 100 ટકા રસીકરણ થઈ ચૂક્યું છે.

### ‘હર ઘર દસ્તક’ અભિયાનથી રસીકરણને ગતિ મળી

‘રસીકરણ સુનિશ્ચિત, સલામતી સુનિશ્ચિત’ના મૂળ મંત્ર સાથે કેન્દ્ર સરકાર સંપૂર્ણ રસીકરણની દિશામાં ઝડપથી આગળ વધી રહી છે. આ પ્રયાસ અંતર્ગત લોકોને રસીકરણ માટે જાગૃત કરવા માટે ઘેર ઘેર જઈને ‘હર ઘર દસ્તક’ રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. લોકોને કોવિડ-19ની રસી લેવા માટે પ્રેરિત કરવામાં અને રસીકરણનું કવરેજ વધારવામાં આ અભિયાનનાં પ્રોત્સાહક પરિણામ આવ્યા છે. આ અભિયાન અંતર્ગત યુવાનો, ખેડૂતો, વડીલો અને દિવ્યાંગ એમ દરેક માટે શક્ય પ્રયાસ કરવામાં આવ્યા અને એ સુનિશ્ચિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો કે પાત્ર વસતિને કોવિડ-19 સામે સંપૂર્ણ રીતે સલામતીચક્ર પૂરું પાડવામાં આવે અને સંપૂર્ણ લક્ષ્યની દિશામાં આગળ વધવામાં આવે. ●

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.



## પ્રાકૃતિક ખેતી

# પ્રાકૃતિક ખેતીની ટેકનિક દ્વારા ખેડૂતોનું સશક્તિકરણ

**माता भूमि : पुत्रो अहं पृथिव्याः !!! એટલે કે ધરતી આપણી માતા છે અને આપણે તેનાં પુત્ર. માતા-પિતાના આ પવિત્ર સંબંધનો સેતુ છે પ્રાકૃતિક ખેતી. ખેતીનું આ એવું સ્વરૂપ છે, જેમાં ધરતી માતાના ખોળામાં જ પોતાની આસપાસ ઉપલબ્ધ સાધનો દ્વારા એવું ખાતર તૈયાર કરવું જેનાથી પાક સલામત રહે અને વધારે આવક વધારે થાય. પર્યાવરણ અને ખેતીવાડી ક્ષેત્રમાં કેન્દ્ર સરકારની આ પહેલ દેશનાં 80 કરોડ નાના ખેડૂતોનાં જીવનમાં ક્રાંતિકારી પરિવર્તનનું કારણ બની રહી છે...**

લાકુઘાટી, સિમલા (હિમાચલ પ્રદેશ)ની સત્યાદેવી પાસે સફરજનના 150 છોડ છે. તેઓ કહે છે, "હું આ છોડ પર પ્રાકૃતિક ખેતીવાળો સ્પ્રે કરી રહી છું. પહેલાં દુકાનોમાંથી ખરીદેલા રાસાયણિક સ્પ્રે કરતી હતી, જેમાં વધુ ખર્ચ થતો હતો. હવે ખર્ચ ઓછો થાય છે અને ફળ પણ સારા આવે છે." આ જ રીતે મનોજ શર્મા નામના ખેડૂત પણ કહે છે, "જ્યારથી મેં પ્રાકૃતિક ખેતીનો પ્રારંભ કર્યો છે ત્યારથી જમીન નરમ થઈ ગઈ છે." રોહતક (હરિયાણા)ના કુલકુમાર કહે છે, "હું પ્રાકૃતિક ખેતી કરું છું અને એક જ ખેતરમાં પાંચ પ્રકારના પાક ઉગાડ્યા છે." આ જ રીતે ગુજરાતના ખેડામાં રહેતા ઘનશ્યામભાઈ વિઠ્ઠલભાઈ પટેલ પહેલાં રાસાયણિક ખેતી કરતા હતા, જેમાં વધુ ખર્ચ અને ઓછો નફો મળતો હતો. વળી, જમીન અને પર્યાવરણને નુકસાન થતું હતું. આમ, તેઓ પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા. કચ્છમાં રહેતા હિતેશ જમનાદાસ કહે છે, "અમે 105 એકરમાં પ્રાકૃતિક ખેતી કરીએ છીએ. એટલાં માટે અમારી આસપાસના લોકો અને ખેડૂતો પ્રાકૃતિક અનાજ લેવા માટે આવે છે અને અમને તેનાથી અમારો નફો પણ વધ્યો છે."

ખેડૂતોનો આ અનુભવ હવે ખેતીના સ્વરૂપમાં પરિવર્તન લાવી રહી છે એટલું જ નહીં પણ તેમનાં જીવનમાં પણ અભૂતપુર્વ પરિવર્તન લાવી રહી છે. દેશનાં ખેડૂતો હવે



**"આપણે આપણી ખેતીને કેમિસ્ટ્રીની લેબમાંથી બહાર લાવીને પ્રકૃતિની પ્રયોગશાળા સાથે જોડવી જ પડશે. કૃષિ સાથે સંકળાયેલા આપણા આ પ્રાચીન જ્ઞાનને આપણે શીખવાની જરૂર છે એટલું જ નહીં પણ તેને આધુનિક સમય પ્રમાણે ઓપ આપવાની પણ જરૂર છે. આ દિશામાં આપણે નવેસરથી સંશોધન કરવું પડશે, પ્રાચીન જ્ઞાનને આધુનિક વૈજ્ઞાનિક માળખામાં ઢાળવું પડશે. 21મી સદીમાં ભારત અને ભારતના ખેડૂતો 'લાઇફસ્ટાઇલ ફોર એન્વાર્યનમેન્ટ'ના વૈશ્વિક મિશનનું નેતૃત્વ કરશે. આ અમૃત મહોત્સવમાં દરેક પંચાયતનું ઓછામાં ઓછું એક ગામ પ્રાકૃતિક ખેતી સાથે જોડાય એવો પ્રયત્ન આપણે કરી શકીએ તેમ છીએ.**

-નરેન્દ્ર મોદી, **વડાપ્રધાન**

# પ્રાકૃતિક ખેતી

પ્રાકૃતિક ખેતીના પરંપરાગત સ્વરૂપથી જમીનની ગુણવત્ત સુધરશે તો લોકોનું જીવન પણ સલામત બનશે. એ પહેલાં એ જાણવું જરૂરી છે કે પ્રાકૃતિક ખેતી કઈ રીતે કરવામાં આવે છે..

ખર્ચ વગર (ઝીરો બજેટ) પ્રાકૃતિક ખેતી, કૃષિ સામગ્રીની ખરીદી પર ખેડૂતોની નિર્ભરતા ઘટાડવા અને પરંપરાગત ક્ષેત્ર પર આધારિત ટેકનોલોજી પર વિશ્વાસ મૂકીને આશાસ્પદ સાધન તરીકે પ્રાકૃતિક ખેતીની ઓળખ કરવામાં આવી છે. પ્રાકૃતિક ખેતીથી જમીનની ગુણવત્તામાં પણ સુધારો થાય છે. દેશી ગાય, તેનું છાણ અને મૂત્ર તેમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આનાથી વિવિધ પ્રક્રિયા ખેતરમાં જ થઈ જાય છે, જે ખેતરને જરૂરી તત્વ પૂરાં પાડે છે. પરંપરાગત પદ્ધતિઓ જેમ કે બાયોમાસ સાથે માટીમાં ભીનું ઘાસ નાખવું અથવા જમીનને આખા વર્ષ દરમિયાન લીલા આવરણથી ઢાંકીને રાખવું. ત્યાં સુધી કે પાણીની ખૂબ ઓછી ઉપલબ્ધતા હોય તો પણ પ્રથમ વર્ષથી જ પાકનું નોંધપાત્ર ઉત્પાદન થાય છે.



## જીવામૃત

પ્રાકૃતિક કૃષિ પ્રક્રિયા ધરતીનું અમૃત છે. પ્રયોગો પરથી જાણવા મળ્યું છે કે 10 કિલોગ્રામ છાણની સાથે ગૌમૂત્ર, ગોળ, લોટ અને ચણાનો લોટ વગેરેને ભેળવીને જે મિશ્રણ બને છે તે જીવામૃત છે

**જીવામૃત કઈ રીતે બને છે.** 10 કિલો દેશી ગાયનું છાણ, 8-10 લીટર દેશી ગાયનું મૂત્ર, 1.5થી 2 કિલો ગોળ, 1.5થી 2 કિલો ચણાનો લોટ, 180 લીટર પાણી, ઝાડની નીચેની એક મુઠ્ઠી માટી. ગોળ, ચણાનો લોટ અને છાણને પાણી કે ગૌમૂત્ર સાથે ભેળવીને પ્રવાહી બનાવી લો. હવે આ સામગ્રીને એક ડ્રમમાં નાખીને લાકડીના ડંડાથી હલાવો. બરાબર મિક્સ કર્યા પછી જીવામૃત બનાવવા માટે બેથી ત્રણ દિવસ ઢાંકીને છાંયડામાં મૂકી દો. આ મિશ્રણને દરરોજ લાકડીના ડંડાથી બે મિનિટ હલાવતા રહો. અને પાછું કોથળાથી ઢાંકી દો.



## લાભ

આ જીવામૃતને સિંચાઈ સાથે ખેતરમાં નાખવામાં આવે ત્યારે જમીનમાં જીવાણુઓની સંખ્યામાં મોટો વધારો થાય છે અને જમીનમાં રાસાયણિક અને જૈવિક ગુણોમાં વધારો થાય છે. જીવામૃતને મહિનામાં એક કે બે વાર ઉપલબ્ધતાના આધારે 200 લિટર પ્રતિ એકરનાં હિસાબે સિંચાઈના પાણી સાથે નાખો. આનાથી ખેડૂતોનાં મિત્ર ગણાતા અળસિયાની સંખ્યા વધી જાય છે. પ્રાકૃતિક ખેતીમાં ઊંડા ખેડાણની પણ જરૂર નથી હોતી. પ્રાકૃતિક ખેતી ભૂગર્ભ જળને પણ વધારે છે. આ પ્રક્રિયા દ્વારા મુખ્ય પાકોની સાથે સાથી પાકોને પણ ઉગાડી શકાય છે.

## ફળોનાં ઝાડમાં જીવામૃતનો પ્રયોગ



બપોરનાં 12 વાગે ફળોનાં ઝાડ પાસે જે પડછાયો પડે છે, તેની પાસે પ્રતિ ઝાડ મહિનામાં એક વાર બેથી પાંચ લિટર જીવામૃત એક કે બે વાર ગોળાકારમાં નાખવાનું છે. તેનાથી માટી સ્વસ્થ બને છે અને પાક પણ એટલો જ સારો ઉગે છે.

## ઘનજીવામૃત

ઘનજીવામૃત એ જીવામૃતનું સુકું રૂપ છે, જેને વાવણી કરતાં પહેલાં જમીનમાં નાખવામાં આવે છે. તડકામાં સુકાવેલા 200 કિલો છાણમાં તાજું બનેલું 20 લિટર જીવામૃત ભેળવીને બે દિવસ છાંયડામાં મૂકો. તેને ફરી એક વાર ગરમીમાં સુકાવીને ડંડાથી પીસીને બારીક બનાવી દેવામાં આવે છે. આ રીતે બનેલાં ઘનજીવામૃતને એક એકર જમીનમાં નાખી શકાશે.

રાસાયણિક ખાતર દ્વારા ખેતી કરવાને બદલે પ્રાકૃતિક ખેતી તરફ પાછા વળી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી દ્વારા દેશભરમાં નવી ઊર્જાનો સંચાર થઈ રહ્યો છે. આઝાદીના અમૃત મહોત્સવના પ્રસંગે વર્તમાન ખેતીની દશા-દિશા માટે 16 ડિસેમ્બરનાં રોજ પ્રાકૃતિક ખેતી પર આયોજિત રાષ્ટ્રીય સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આહવાન અત્યંત મહત્વનું પગલું છે. દેશના લાખો ખેડૂતોએ આ પ્રણાલિને અપનાવી છે અને ગુજરાતના ડાંગ જિલ્લાને સંપૂર્ણપણે પ્રાકૃતિક ખેતી જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. દેશનાં ઘણાં ગામ હવે આ દિશામાં જઈ રહ્યા છે, કારણ કે આને લીધે ખેડૂતોનાં જીવનમાં સધ્ધરતા આવી છે. ●

## બીજામૃત

પ્રાકૃતિક ખેતીનો એક જરૂરી આધાર બીજામૃત છે, જે બીજજન્ય રોગોથી બચાવે છે અને અંકુરણ ક્ષમતામાં વધારો કરે છે. દેશી ગાયનું પાંચ કિલોગ્રામ છાણ, પાંચ લિટર ગૌમૂત્ર, 50 ગ્રામ ચૂનો અને થોડી માટીને 20 લિટર પાણીમાં ભેળવીને બીજામૃત બને છે. એક રાત મૂકી રાખવાથી તેમાંથી 10 કિલોગ્રામ બીજનું પ્રોસેસિંગ કરી શકાય છે. બીજા દિવસે બીજ તૈયાર થઈ જાય છે.

## આચ્છાદન

પ્રાકૃતિક ખેતીનો આ મહત્વપૂર્ણ નિર્ણય છે. ખેતીવાળી સંપૂર્ણ જમીનને પાકના અવશેષ અથવા ટૂંકા સમયના આંતર પાક દ્વારા પૂરી રીતે ઢાંકી દેવામાં આવે છે. આચ્છાદનથી જમીનમાં ભેજ જળવાઈ રહે છે અને વાતાવરણમાંથી ભેજ શોષીને કૃષિ માટે પાણીની જરૂરિયાત પણ ઘટાડે છે. જીવાણુઓ અને અળસિયાની પ્રવૃત્તિ વધારે છે, નીંદણને અંકુશમાં રાખે છે અને અંતમાં વિઘટિત થઈને જમીનમાંથી કાર્બન ઉત્સર્જન રોકીને જમીનની જૈવિક કાર્બન ક્ષમતાને વધારે છે.



### વાફસા

આ કૃષિ પદ્ધતિમાં વાફસા નિર્માણ પણ મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. જેમાં જમીનમાં ભેજ અને હવા સમાન સંતુલન જાળવવામાં આવે છે

## અગ્નિઅસ્ત્ર

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ માત્ર જમીનની ઉત્પાદન ક્ષમતા જ નથી વધારતી, પણ જીવાતો અને બિમારીઓને રોકવા માટે પણ અસરકારક વિકલ્પ આપે છે. પાક પર જીવાતોને રોકવા માટે સ્થાનિક વનસ્પતિ પર આધારિત સસ્તી અને ખેડૂતોના ખેતરમાં જ બનનાર વસ્તુ છે અગ્નિઅસ્ત્ર. તેમાં પાંચ કિલો લીમડો અથવા સ્થાનિક છોડનાં પાંદડા, જે ગાય ન ખાતી હોય, 20 લિટર દેશી ગાયનું મૂત્ર, 500 ગ્રામ તમાકુના પાઉડર, 500 ગ્રામ લીલા મરચાં, 50 ગ્રામ લસણનો પેસ્ટ નાખીને ધીમી આંચમાં ઉકાળીને બે દિવસ માટે મૂકી રાખવામાં આવે છે. 200 લિટર પાણીમાં છ લિટર મિશ્રણ ભેળવીને એક એકરમાં છાંટવામાં આવે છે.


# અમૃત વર્ષમાં નવા વર્ષમાં ખેડૂતોને ભેટ મળી

**2022નાં વર્ષનાં પ્રથમ દિવસે ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિની 10મી ભેટ મળી છે. તેની સાથે, ખેડૂતોને આ યોજના અંતર્ગત અત્યાર સુધી 1.80 લાખ કરોડ રૂપિયાની રકમ વહેંચવામાં આવી છે. ખેડૂતોનાં ખાતામાં અત્યાર સુધી સીધી ટ્રાન્સફર થયેલી આ સૌથી મોટી રકમ છે**

પાયાના સ્તરે ખેડૂતોને સશક્ત બનાવવાની વડાપ્રધાનની સતત પ્રતિબધ્ધતા અને સંકલ્પને પરિણામે જ નવા વર્ષના પ્રારંભિક દિવસે કેન્દ્ર સરકારે ખેડૂતોને પ્રથમ ભેટ આપી હતી. 1 જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 10 કરોડથી વધુ ખેડૂતોના બેન્ક ખાતામાં સીધા રૂ, 20,000 કરોડથી વધુ રકમ ટ્રાન્સફર કરી. આ પ્રસંગે, 351 ખેડૂત ઉત્પાદન સંઘ (FPO)ને રૂ. 14 કરોડથી વધુ ઈક્વિટી ગ્રાન્ટ પણ જારી કરવામાં આવી જેનો સીધો ફાયદો સવા લાખથી વધુ ખેડૂતોને થશે. પીએમ-કિસાન યોજના અંતર્ગત પાત્ર લાભાર્થી ખેડૂત પરિવારોને પ્રતિ વર્ષ રૂ. 6,000ની આર્થિક સહાય આપવામાં આવે છે. દર ચાર મહિને રૂ. 2,000ના ત્રણ હપ્તા આપવામાં આવે છે. આ રકમ લાભાર્થીના બેન્ક ખાતામાં સીધી ટ્રાન્સફર થાય છે.

> **વર્ષના પ્રારંભમાં દેશનાં કરોડો અન્નદાતાઓનો સાથ હોય, વર્ષના પ્રારંભમાં ખૂણે ખૂણે ખેડૂતોનાં દર્શન કરવાનું સૌભાગ્ય મળે, તે મારા માટે પ્રેરણાની ક્ષણ છે, ખાસ કરીને નાના ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 10મો હપ્તો મળ્યો છે. ખેડૂતોના બેન્ક ખાતામાં રૂપિયા 20,000 કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.**
>
> -નરેન્દ્ર મોદી, **વડાપ્રધાન**

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.



## સ્ટાર્ટઅપથી યુનિકોર્ન..

# યુવાનોના સપના સાકાર કરવાનો માર્ગ

**ભારત વિશ્વનો સૌથી યુવાન દેશ છે, જ્યાં આશરે 65 ટકા વસતિ સરેરાશ 35 વર્ષની ઉંમરની છે. પણ આ યુવાનોના સપનાને સાચો માર્ગ બતાવવાની જરૂર છે. 15 ઓગસ્ટ, 2015નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા'ની જાહેરાત કરી. એ પછી 16 જાન્યુઆરીનાં રોજ ઔપચારિક રીતે તેની શરૂઆત કરતા તેમણે કહ્યું, "મારું સપનું છે કે દેશના યુવાનો નોકરી માંગનાર નહીં, પણ નોકરી આપનાર બને." આજે 60,000થી વધુ સ્ટાર્ટઅપ સાથે 75થી વધુ યુનિકોર્ન સ્ટાર્ટ અપ ઈન્ડિયાની સફળતાનો પુરાવો આપી રહ્યા છે.**

મહારાષ્ટ્રમાં પૂણે ખાતે રહેતા મયુર પાટીલે 2011માં પોતાની મોટરસાઈકલનું માઈલેજ વધારવા માટે પ્રયત્ન કર્યો અને સફળતા પણ મેળવી. 2017-18માં તેમણે ટેકનોલોજી વિકસાવી જેનાથી 40 ટકા ઉત્સર્જન ઓછું થયું અને 2021માં તેની પેટન્ટ પણ મેળવી લીધી. અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જ દ્વારા રૂપિયા 90 લાખનું અનુદાન મળ્યા બાદ તેઓ હવે પોતાના ચાર મિત્રો સાથે મળીને પોતાનું સ્ટાર્ટઅપ ચલાવી રહ્યા છે. એ જ રીતે, અમદાવાદમાં રહેતા અંગદ સિંહ પણ કંઈક અલગ કરવા માંગતા હતા. તેથી જ્યારે તેમને તક મળી ત્યારે પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કર્યું અને માલ પરિવહન માટે એક વેબસાઈટ ચલાવવા લાગ્યા. આ સ્ટાર્ટઅપની સફળતા જોઈને અંગદનાં કેટલાંક મિત્રો નોકરી છોડીને તેની સાથે કામ કરવા લાગ્યા. કેટલાંક વર્ષો પહેલાં કોઈ યુવક

**"તમે જ્યાં પણ જોશો, કોઇ પણ પરિવારમાં જોશો, ગમે તેટલું સંપન્ન પરિવાર હશે, ભણેલું-ગણેલું પરિવાર હશે, પણ જો પરિવારમાં યુવાન સાથે વાત કરશો તો એ પારિવારિક પરંપરાથી હટીને કહે છે, હું તો સ્ટાર્ટ અપ કરીશ. સ્ટાર્ટઅપમાં જતો રહીશ. એટલે કે જોખમ લેવા માટે તેનું મન ઉછળી રહ્યું છે. આજે નાના શહેરોમાં પણ સ્ટાર્ટઅપ સંસ્કૃતિનો વિસ્તાર થઈ રહ્યો છે અને હું તેમાં ઉજ્જવળ ભવિષ્યના સંકેત જોઈ રહ્યો છું."**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

## સફળતાની યાત્રા

- સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલના શુભારંભની છઠ્ઠી વર્ષગાંઠ પ્રસંગે ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT)એ જાન્યુઆરી મહિનામાં એક સપ્તાહ સુધી યોજાયેલાકાર્યક્રમ 'સેલિબ્રેટિંગ ઈનોવેશન ઈકોસિસ્ટમ'નું આયોજન કર્યું હતું.
- માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપનું વિસ્તરણ હવે દેશનાં 623 જિલ્લા સુધી થઈ ગયું છે. હાલમાં દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં ઓછામાં ઓછું એક સ્ટાર્ટઅપ છે.
- જ્યારે આ યોજના શરૂ થઈ ત્યારે 808 દિવસમાં 10,000 સ્ટાર્ટઅપ જોડાયા હતા. યોજનાના પ્રથમ વર્ષ 2016-17માં 743 સ્ટાર્ટઅપને માન્યતા આપવામાં આવી હતી. વર્ષ 2020-21માં એકલાં 16,000થી વધુ સ્ટાર્ટઅપને માન્યતા મળી.
- ફુડ પ્રોસેસિંગ, પ્રોડકટ્ ડેવલપમેન્ટ, એપ્લિકેશન ડેવલપમેન્ટ, આઈટી કન્સલ્ટન્સી અને બિઝનેસ સપોર્ટ સર્વિસિસનાં શ્રેત્રમાં સૌથી વધુ સ્ટાર્ટઅપ છે.

## સ્ટાર્ટઅપને મળે છે અનેક પ્રકારના લાભ

- **ઉદ્યોગ સાહસિકોને સમાન તકોઃ** સરળતાથી માન્યતા, બંધ કરવાની સરળ પ્રક્રિયા, કાનૂની સહાય, પેટન્ટ અરજીઓને ઝડપથી ટ્રેક કરવી અને તમામ સંબંધિત અને ઉપયોગી માહિતી પૂરી પાડવા વેબસાઇટ
- **અનુદાન અને પ્રોત્સાહનઃ** પાત્ર સ્ટાર્ટઅપ માટે ઈન્કમટેક્સ અને કેપિટલ ગેઈન ટેક્સમાં છૂટ, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં વધુ મૂડી લગાવવા માટે ફન્ડ ઓફ ફન્ડ્સ અને ક્રેડિટ ગેરન્ટી સ્કીમ
- **ઈન્ક્યુબેશન અને ઈન્ડસ્ટ્રીઃ** એકેડેમિયા પાર્ટનરશીપ- અનેક ઈન્ક્યુબેટર અને ઈનોવેશન લેબ, કાર્યક્રમો, સ્પર્ધાઓ અને મદદની જોગવાઈ.

**સ્ટાર્ટઅપ સ્થાપિત કરવા માટે અન્ય સરકારી લાભ**

● નાના વેપાર માટે લોન ● ભંડોળ મેળવવામાં સરળતા ● અન્ય ઉદ્યોગ સાહસિકો સાથે મુલાકાત ● ક્રાઉડ ફન્ડિંગની સુવિધા

## ચર્ચાસ્પદ બની રહેલા યુનિકોર્ન

યુનિકોર્ન એટલે એવાં સ્ટાર્ટઅપ જેનું મૂલ્ય ઓછામાં ઓછું એક અબજ ડોલર હોય છે, એટલે કે લગભગ સાડા સાત હજાર કરોડ. વર્ષ 2015 સુધી દેશમાં માંડ નવ કે દસ યુનિકોર્ન હતા, આજે ભારતમાં 75થી વધુ યુનિકોર્ન બની ચૂક્યાં છે.

**60,704** માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ દ્વારા DPIIT દ્વારા

**45%** સ્ટાર્ટઅપ એવા છે જેની લીડરશીપ ટીમમાં એક મહિલા ઉદ્યોગ સાહસિક છે.

**પ્રતિ સ્ટાર્ટઅપ સરેરાશ 11 કર્મચારીઓ સાથે દેશમાં કુલ 48,903 સ્ટાર્ટઅપે 5,49,842 નોકરીઓનું સર્જન કર્યું છે. વર્ષ 2020-2021 દરમિયાન માન્યતાપ્રાપ્ત સ્ટાર્ટઅપ દ્વારા આશરે 1.7 લાખ નોકરીઓનું સર્જન કરવામાં આવ્યું.**

કહેતો કે તે વેપાર કરવા માંગે છે અથવા કોઈ નવી કંપની શરૂ કરવા માંગે છે ત્યારે પરિવારના વડીલો એવો જવાબ આપતા કે, તારે નોકરી કેમ નથી કરવી. નોકરીમાં સલામતી હોય છે, નિયમિત પગાર મળે છે. ઝંઝટ પણ ઓછી હોય છે. પણ આજે કોઇ યુવક પોતાની કંપની શરૂ કરવા માંગે તો તેની આસપાસ તમામ લોકો બહુ ઉત્સાહિત થઈ જાય છે અને તેને સંપૂર્ણ સહયોગ પણ કરે છે. આજે આ શક્ય બન્યું હોય તો તેનું કારણ છે સ્ટાર્ટઅપ ઈન્ડિયા. સામાન્ય શબ્દોમાં કહીએ તો સ્ટાર્ટઅપનો અર્થ થાય છે નવી કંપની શરૂ કરવી. આ કંપની નવી પ્રોડક્ટ્સ કે સેવાઓ માટે કાર્ય કરે છે. એવી પ્રોડક્ટ્સ કે સર્વિસ, જે એ સમયે બજારમાં નથી હોતી. એવી કંપનીઓ જે યુવા ઉદ્યોગ સાહસિકો અથવા બે-ત્રણ મિત્રો સાથે મળીને શરૂ કરી શકે છે. કેન્દ્ર સરકારના વિભાગ ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રિયલ પોલિસી એન્ડ પ્રમોશન (DIPP)ના જણાવ્યા પ્રમાણે સ્ટાર્ટઅપ એ કંપની છે, જે ભારતમાં પાંચ વર્ષની અંદર રજીસ્ટર થઈ હોય. જેનું ટર્નઓવર એક નાણાંકીય વર્ષમાં 25 કરોડ રૂપિયાથી વધુ ન હોય. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ કંપની ઈનોવેશન, ડેવલપમેન્ટ, નવી પ્રોડક્ટ્સનું વ્યવસાયીકરણ, ટેકનોલોજી આધારિત સર્વિસ અથવા બૌધ્ધિક સંપત્તિનાં ક્ષેત્રમાં કામ કરતી હોય. સ્ટાર્ટઅપ ઈન્ડિયા દ્વારા સરકાર એવી કંપનીઓને નાણાંકીય સહાયતાની સાથે પ્રોત્સાહન અને યોગ્ય મંચ પૂરો પાડે છે. તમે www.startupindia.gov.in પર રજીસ્ટ્રેશનથી માંડીને બિઝનેસ આઇડિયા રજૂ કરી શકો છો અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા સાથે સંકળાયેલા દરેક સવાલનો જવાબ પણ મેળવી શકો છો. તમારો આઇડિયા પસંદ આવી જાય તો તમારા માટે આગળનો રસ્તો ઘણો સરળ બની જાય છે. ●



## પરાક્રમ દિવસ પર વિશેષ

## દેશ પર મરી ફીટનાર

# આઝાદ હિન્દ ફોજના સિપાહી

**નેતાજી સુભાષચંદ્ર બોઝનાં સૂત્ર 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દુંગા' એ સમગ્ર દેશમાં સ્વતંત્રતા સેનાનીઓમાં જોશનો સંચાર કર્યો હતો. ભારતીય સ્વતંત્રતા સંગ્રામના અગ્રીમ હરોળના નેતાઓમાં ગણાતા સુભાષચંદ્ર બોઝ ભારત માતાના એ વીર સપૂત હતા જેમનાં નેતૃત્વમાં આઝાદ હિન્દ ફોજે ભારતની સ્વતંત્રતા માટે લડાઈ લડી હતી અને અંગ્રેજોને પડકાર ફેંક્યો હતો. નેતાજીએ આઝાદ હિન્દ ફોજની પણ રચના કરી હતી જેનાં 75 વર્ષની સમાપ્તિ પ્રસંગે ઈતિહાસમાં પ્રથમ વાર 2018માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી તિરંગો લહેરાવ્યો હતો. 23 જાન્યુઆરી, 2021નાં રોજ નેતાજીની 125મી જન્મજયંતી પ્રસંગે ભારત સરકારે સ્મરણોત્સવ મનાવવા માટે એક વર્ષ સુધી ચાલનારા સમારોહનો શુભારંભ કર્યો અને 23 જાન્યુઆરીનાં રોજ તેમની જન્મજયંતીને પરાક્રમ દિવસ તરીકે મનાવવાનો નિર્ણય પણ લીધો..**

વર્ષ 1897માં 23 જાન્યુઆરીનાં રોજ ઓડિશાના કટકમાં જન્મેલા નેતાજી સુભાષચંદ્ર બોઝ સમય કરતાં આગળનું વિચારતા હતા. આઝાદી તેમનાં માટે અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ પૂરતી મર્યાદિત નહોતી, પણ તેઓ રાષ્ટ્રના પાયાને મજબૂત કરવા માટે દેશને આત્મનિર્ભર કરવા માંગતા હતા. તેઓ ગરીબી, નિરક્ષરતા, બિમારી, વૈજ્ઞાનિક ઉત્પાદનની કમીને દેશની મોટી સમસ્યાઓમાં ગણતા હતા.

એટલાં માટે જ તેમની આઝાદ હિન્દ સરકારે દરેક ક્ષેત્ર સાથે સંકળાયેલી યોજનાઓ બનાવી હતી. તેની પોતાની બેન્ક હતી, ચલણ હતું, પોતાની ટપાલ ટિકિટ હતી, પોતાનું રેડિયો સ્ટેશન હતું, પોતાનું લોકતંત્ર હતું. નેતાજીએ સમગ્ર ભારતમાં જાતિ, જ્ઞાતિ, રંગ, ભાષા, પ્રદેશવાદની મર્યાદાઓને તોડીને સમગ્ર દેશને એક રાષ્ટ્રના સૂત્રમાં પરોવવાનું કામ કર્યું હતું. તેમણે દેશવાસીઓને એકતાનો મંત્ર આપ્યો અને એ મંત્ર કેટલો અસરકારક હતો, તેનું ઉદાહરણ છે પંજાબના કર્નલ ગુરબક્ષસિંહ ઢિલ્લન, જનરલ શાહનવાઝ ખાન અને કર્નલ પ્રેમકુમાર સહગલ. આઝાદ હિન્દ






### કેપ્ટન અબ્બાસ અલી

# અંગ્રેજ સેના છોડીને આઝાદ હિન્દ ફોજમાં જોડાયા હતા

જન્મઃ 3 જાન્યુઆરી, 1920, મૃત્યુઃ 11 ઓક્ટોબર, 2014



**‘ऐ दरिया-ए-गंगा तू खामोश हो जा, ऐ दरिया-ए-सतलज तू स्याहपोश हो जा...भगत सिंह तुमको फिर से आना पड़ेगा... हुकूमत को जलवा दि खाना पड़ेगा।’** આ પંક્તિઓ ગાઇને નવલોહિયા યુવાનોની અનેક પેઢીઓને આઝાદીનું ઘેલું લગાડનાર બુલંદ અવાજ ધરાવતા કેપ્ટન અબ્બાસ અલીનો જન્મ ઉત્તરપ્રદેશનાં બુલંદશહેર જિલ્લાના ખુર્જામાં 3 જાન્યુઆરી,1920નાં રોજ થયો હતો. તેઓ સ્વતંત્રતા સેનાનીના પરિવારમાંથી આવતા હતા. તેમના દાદા રૂસ્તમ અલી ખાનને 1857માં સ્વતંત્રતા સંગ્રામ બાદ બુલંદશહરમાં ફાંસી આપવામાં આવી હતી. અંગ્રેજોએ ભગતસિંહને ફાંસી આપી ત્યારે અબ્બાસ અલી માત્ર 11 વર્ષના હતા. તેમ છતાં તેઓ વિરોધ પ્રદર્શનમાં ભાગ લેતા રહ્યા અને ‘નૌજવાન ભારત સભા’માં જોડાઈ ગયા, જેની સ્થાપના ભગતસિંહ અને તેમના સાથીઓએ કરી હતી. બાદમાં અલીગઢ યુનિવર્સિટીમાં અભ્યાસ દરમિયાન તેઓ ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ ફેડરેશનના સભ્ય બન્યા અને બળવો કરવાના ઈરાદાથી 1939માં બ્રિટિશ ઈન્ડિયન આર્મીમાં ભર્તી થઈ ગયા. 1940માં તેમને જાપાન સામેના યુધ્ધમાં દક્ષિણ-પૂર્વ એશિયાના મોરચા પર મોકલવામાં આવ્યા. જો કે 1944માં નેતાજી સુભાષચંદ્ર બોઝે સિંગાપરમાંથી સશસ્ત્ર ક્રાંતિનું બ્યુગલ ફૂંક્યું તો તેમની હાકલ સાંભળીને કેપ્ટન અબ્બાસ અલી અંગ્રેજોની સેના છોડીને આઝાદ હિન્દ ફોજમાં જોડાઈ ગયા. બાદમાં તેઓ મ્યાંમારના વર્તમાન પ્રાંત રખાઇનમાં બ્રિટીશ સેના સામે લડ્યા પણ જાપાને મિત્ર દેશોની સામે સમર્પણ કર્યું ત્યારે અબ્બાસ અલી સાથે આઝાદ હિન્દ ફોજના 60,000થી વધુ સૈનિકોની ધરપકડ કરવામાં આવી. એ પછી અબ્બાસ અલીને તેમનાં ત્રણ સાથીઓ સાથે મુલ્તાનના કિલ્લામાં રાખવામાં આવ્યા અને તેમનાં પર કેસ ચલાવવામાં આવ્યો. અબ્બાસ અલીનું કોર્ટ માર્શલ કરવામાં આવ્યું અને અંતે 1946માં તેમને ફાંસીની સજા સંભળાવવામાં આવી. પણ દેશ આઝાદ થયો પછી તેમને છોડી મૂકવામાં આવ્યા.

ફોજના આ અધિકારીઓનું કોર્ટ માર્શલ કરવામાં આવ્યું ત્યારે સાંપ્રદાયિક આધાર પર અકાલી દળે કર્નલ ઢિલ્લન અને મુસ્લિમ લીગે જનરલ શાહનવાઝ ખાનનો કેસ લડવાનો પ્રસ્તાવ મૂક્યો, પણ આ સૈનિક અધિકારીઓએ એ પ્રસ્તાવને ફગાવી દીધો અને એ સમયે આ સૂત્ર ખૂબ જાણીતી બન્યું હતું- ‘લાલ કિલ્લે સે આઈ આવાઝ-સહગલ, ઢિલ્લન, શાહનવાઝ.’ મહાત્મા ગાંધી પાસેથી ‘નેતાજી’નું ઉપનામ મેળવનાર સુભાષચંદ્ર બોઝે ‘જય હિંદ’નું સૂત્ર આપ્યું હતું જે આજે રાષ્ટ્રીય સૂત્ર બની ગયું છે. આઝાદી કા અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આ વખતે સુભાષચંદ્ર બોઝના સહયોગી અને આઝાદ હિન્દ ફોજના સિપાહીઓ કેપ્ટન અબ્બાસ અલી, રાસબિહારી બોઝ, ગુરબક્ષસિંહ ઢિલ્લન અને કર્નલ નિઝામુદ્દીનની કહાની, જેમણે અંગ્રેજોનો મક્કમતાથી સામનો કર્યો. આ લડવૈયાઓ **‘भारत बुला रहा है। रक्त, रक्त को आवाज दे रहा है। उठो, हमारे पास अब गंवाने के लि ए समय नहीं है’** ના નેતાજીના આહવાન પર દેશ ખાતર જીવ આપી દેવા તૈયાર થઇ ગયા.



રાસબિહારી બોઝ
જન્મ: 25 મે, 1886 મૃત્યુ: 21 જાન્યુઆરી, 1945

# આઝાદ હિન્દ ફોજને ઊભી કરનાર અગ્રણી સેનાની

**બંને બોઝ હતા, બંગાળી હતા, ક્રાંતિકારી હતા અને એક બીજાના પ્રશંસક પણ હતા**

જ્યારે નેતાજી દેશ છોડીને જર્મની ગયા ત્યારે રાસબિહારી બોઝને લાગ્યું કે આઝાદ હિન્દ ફોજનું નેતૃત્વ સુભાષચંદ્ર બોઝથી સારી રીતે કોઇ ન કરી શકે. તેમણે નેતાજીને આમંત્રિત કરવાનો નિર્ણય લીધો અને નેતાજી સુભાષચંદ્ર બોઝ 20 જૂન, 1943નાં રોજ ટોક્યો પહોંચ્યા ત્યારે રાસબિહારી બોઝે તેમની સાથે મુલાકાત કરીને બાંગલા ભાષામાં વાત કરી અને દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરાવવાનો સંકલ્પ કર્યો. રાસબિહારી બોઝને નેતાજી પર ઘણી આશા હતી. અને એમ હોવું એ સ્વાભાવિક પણ હતું કારણકે બંને વ્યક્તિઓમાં ઘણી સમાનતા હતી. બંને બોઝ હતા, બંગાળી હતા, ક્રાંતિકારી હતા અને એકબીજાના પ્રશંસક પણ હતા. રાસબિહારી બોઝે 5 જુલાઈનાં રોજ સિંગાપોરમાં આઝાદ હિન્દ ફોજનું સુકાન નેતાજીના હાથમાં સોંપી દીધું અને ખુદને સલાહકારની ભૂમિકા સુધી સીમિત કરી દીધા. રાસબિહારી બોઝે જે મદદ થઈ શકતી હતી તે કરી. કહેવામાં આવે છે કે આઝાદ હિન્દ ફોજનું સુકાન મળ્યા બાદ જ નેતાજીની ખરી લડાઈ શરૂ થઈ હતી. રાસબિહારી બોઝનો જન્મ 25 મે, 1886નાં રોજ બંગાળના વર્ધમાન જિલ્લાના સુભલદા ગામમાં થયો હતો. શાળામાં હતા ત્યારથી જ તેઓ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ તરફ આકર્ષિત થયા હતા અને બહુ નાની

ગુરબક્ષસિંહ ઢિલ્લન
જન્મ: 18 માર્ચ, 1914
મૃત્યુ: 06 ફેબ્રુઆરી, 2006

# આઝાદી માટે લડનારા લાખો યુવાનોને એક સૂત્રમાં બાંધવાનું કામ કર્યું



અભ્યાસમાં કુશળ અને શારિરિક રીતે ચુસ્ત હોવાને કારણે ગુરબક્ષસિંહ ઢિલ્લનના પિતાના એક મિત્રએ તેમને સેનામાં દાખલ થવાની સલાહ આપી હતી. ગુરબક્ષસિંહે લશ્કરની તૈયારી શરૂ કરી દીધી અને 1933માં ભારતીય લશ્કરમાં ભર્તી થઈ ગયા. 14મી પંજાબ રેજિમેન્ટમાં પસંદગી થઈ અને તાલીમ લીધા બાદ તેઓ 1941માં બીજા વિશ્વયુદ્ધમાં લડવા માટે મલેશિયા જતા રહ્યા. જો કે, 1942માં જાપાનની સેનાએ તેમને બંદી બનાવી લીધા. જેલવાસ દરમિયાન તેમનું મન બદલાઈ ગયું અને પોતાના દેશ માટે લડવાનું નક્કી કર્યું અને બ્રિટિશ સેના સામે લડવા માટે તૈયાર થઈ ગયા.

**ગુરબક્ષસિંહ ઢિલ્લનને દેશ સેવા માટે પદ્મભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.**

જેલમાંથી છૂટ્યા બાદ તેઓ સુભાષચંદ્ર બોઝના નેતૃત્વ હેઠળની આઝાદ હિન્દ ફોજમાં ભર્તી થઈ ગયા અને દેશ માટે પ્રાણોની આહૂતિ માટે તૈયાર થઈ ગયા. આઝાદ હિન્દ ફોજના સિપાહી તરીકે ઢિલ્લને ભારે બહાદુરી બતાવી અને પોતાના સાહસનો પરિચય આપતા અંગ્રેજોના નાકમાં દમ કરી દીધો. જો કે, યુધ્ધમાં જાપાનીઓની હારને કારણે ઢિલ્લન સહિત આઝાદ હિન્દ ફોજના

આઝાદ હિન્દ ફોજને પાંચ રેજિમેન્ટમાં વહેંચવામાં આવી હતી

**સુભાષ બ્રિગેડ-કર્નલ શાહનવાઝ નેતૃત્વ કરી રહ્યા હતા**
**ગાંધી બ્રિગેડ-કર્નલ ઇનાયત કિયાનીના નેતૃત્વમાં**
**આઝાદ બ્રિગેડ-કર્નલ ગુલઝારા સિંહ**
**નહેરુ બ્રિગેડ-લેફ્ટનન્ટ કર્નલ ગુરબક્ષ સિંહ ઢિલ્લન**
**ઝાંસી કી રાની રેજિમેન્ટ-કેપ્ટન લક્ષ્મી સહેગલ. આ મહિલાઓની બ્રિગેડ હતી**

ઉંમરમાં ક્રુડ બોંબ બનાવતા શીખી ગયા હતા. બંકિમચંદ્રની નવલકથા આનંદમઠ વાંચીને તેમનામાં ક્રાંતિની ભાવના જાગી ઊઠી હતી. તેમનાં પર સ્વામી વિવેકાનંદ અને સુરેન્દ્રનાથ બેનરજીના રાષ્ટ્રવાદી ભાષણોની ઊંડી અસર પડી હતી. એમ માનવમાં આવે છે કે ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકીએ મુઝફ્ફરપુરમાં મેજીસ્ટ્રેટ કિંગ્સફર્ડની હત્યા કરવા જે બોંબનો ઉપયોગ કર્યો હતો તે બોંબ રાસબિહારી બોઝે જ બનાવ્યો હતો. આ ઉપરાંત, તેમણે 1912માં ક્રાંતિકારીઓનાં નેતૃત્વમાં તે સમયનાં ભારતના વાઇસરોય લોર્ડ હાર્ડિંગને મારવાની પણ યોજના બનાવી હતી, પણ તેમનો પ્રયત્ન નિષ્ફળ રહ્યો અને તેઓ ગદર આંદોલનમાં સક્રિય થઇ ગયા. અંગ્રેજોની નજરમાંથી બચવા માટે કોઇની સલાહથી તેઓ જાપાન જતા રહ્યા અને ભારતની મદદ માટે જાપાન સરકારને તૈયાર કરી. તેમણે જાપાની યુવતી સાથે લગ્ન કર્યા હતા. જાપાન સરકારે રાસબિહારી બોઝને દેશનાં બીજા સૌથી મોટા એવોર્ડ 'ઓર્ડર ઓફ રાઇઝિંગ સન'થી સન્માનિત કર્યા હતા. તેઓ અસાધારણ નેતા હતા જેમની સંગઠન શક્તિને કારણે ભારતીય સ્વતંત્રતા સંગ્રામને મજબૂતી મળી હતી. તેમનું બલિદાન આવનારી પેઢીઓને પ્રેરણા આપતું રહેશે.

સિપાહીઓની 1945માં ધરપકડ કરવામાં આવી અને તેમનાં પર 'લાલ કિલ્લા ટ્રાયલ' નામનો ઐતિહાસિક ખટલો ચલાવવામાં આવ્યો. ઢિલ્લનના કેસની વકીલાત કરવા અનેક જાણીતા વકીલો આગળ આવ્યા અને અદાલતમાં તેમનાં બચાવમાં જોરદાર દલીલો કરી. તેમનાં પર કેસ ચલાવવાનો મામલો રાષ્ટ્રીય મુદ્દો બની ગયો અને લોકોનો આક્રોશ ખુલીને સામે આવવા લાગ્યો. નેતાજીએ ભારતીયોને એક સૂત્રમાં બાંધવાની જે કલ્પના કરી હતી તે સાકાર થવા લાગી હતી. આઝાદ હિન્દ ફોજના સિપાહીઓને બચાવવા માટે દરેક ધર્મ અને સમાજના લોકો દૂરદૂરથી આવીને લાલ કિલ્લાની બહાર એકઠા થવા લાગ્યા હતા. અંગ્રેજોને એ સમજાઇ ગયું હતું કે જો ત્રણેયને સજા આપવામાં આવશે તો સમગ્ર દેશમાં બળવાની આગ ભડતી ઉઠશે. આખરે મજબૂર થઇને અંગ્રેજોએ ગુરબખ્શસિંહ ઢિલ્લન સહિત આઝાદ હિન્દ ફોજના તમામ સૈનિકોને મુક્ત કરી દીધા. આ ખટલાનું મહત્વ એટલાં માટે પણ છે કે તેણે આપણી આઝાદીના સંઘર્ષને અંત સુધી પહોંચાડ્યો. 5 નવેમ્બર, 1945થી 31 ડિસેમ્બર, 1945 એટલે કે 57 દિવસ સુધી ચાલેલો આ ખટલો હિન્દુસ્તાનની આઝાદીના સંઘર્ષમાં ટર્નિંગ પોઇન્ટ હતો. આ ખટલો અનેક મોરચે ભારતની એકતાને મજબૂત કરનારો સાબિત થયો. ભારત સરકારે 1998માં ગુરબખ્શસિંહ ઢિલ્લનને દેશ સેવા માટે પદ્મભૂષણથી સન્માનિત કર્યા હતા.



## કર્નલ નિઝામુદ્દીન

# જેમણે નેતાજીને બચાવવા માટે પીઠ પર ગોળીઓ ખાધી

વારાણસીમાં 9 મે, 2014નો દિવસ હતો. એક મંચ પર ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ એક વડીલના ચરણસ્પર્શ કર્યા હતા. એ વડીલ હતા કર્નલ નિઝામુદ્દીન, જેઓ નેતાજી સુભાષચંદ્ર બોઝના વડપણ હેઠળના સંગઠન આઝાદ હિન્દ ફોજના સભ્ય હતા. કહેવાય છે કે તેઓ નેતાજી સુભાષચંદ્ર બોઝની કાર ચલાવતા હતા અને 11 ભાષાઓના જાણકાર હોવાની સાથે સાથે નિશાનેબાજ પણ હતા. કહેવાય છે કે તેમણે એક વાર લડાઇમાં અંગ્રેજોનું વિમાન તોડી પાડ્યું હતું. ઉત્તરપ્રદેશના આઝમગઢ જિલ્લાના ઢકવા ગામમાં જન્મેલા કર્નલ નિઝામુદ્દીનને સુભાષચંદ્રએ 'કર્નલ'નું બિરુદ આપ્યું હતું અને તેઓ બર્મામાં તેમની કાર ચલાવતા હતા. નેતાજી સાથે તેમના મજબૂત સંબંધોનો સંકેત એ વાત પરથી પણ મળે છે કે વર્ષ 2015માં સુભાષચંદ્ર બોઝની પ્રપોત્રી રાજ્યશ્રી ચૌધરી નિઝામુદ્દીનને મળવા આઝમગઢ આવી હતી. કહેવાય છે કે નિઝામુદ્દીન બ્રિટિશ આર્મીમાં પેરાટ્રુપર હતા પણ મદ્રાસી અને કાશ્મીરી સૈનિકો સાથે સેના છોડીને તેઓ સુભાષચંદ્ર બોઝ સાથે આવી ગયા હતા. કર્નલ નિઝામુદ્દીન ઘણી વાર આઝાદ હિન્દ ફોજ સાથે સંકળાયેલી એક વાતનો ઉલ્લેખ કરતા કે તેમણે સુભાષચંદ્ર બોઝને બચાવવા માટે પોતાની પીઠ પર ત્રણ ગોળીઓ ખાધી હતી. તેઓ કહેતાં કે, કોઇએ નેતાજીને નિશાન બનાવવા માટે ગોળીઓ મારી હતી અને તેમને બચાવવાના પ્રયાસમાં તેમનાં પીઠ પર ત્રણ ગોળી વાગી હતી, જેને ડોક્ટર લક્ષ્મી સહેગલે કાઢી હતી. ફેબ્રુઆરી, 2017માં આઝમગઢના મુબારકપુરમાં નિઝામુદ્દીનનું અવસાન થયું હતું. ●

**નેતાજી સાથે તેમની પ્રથમ મુલાકાત સિંગાપોરમાં થઇ હતી, ત્યાં આઝાદ હિન્દ ફોજની ભરતી ચાલી રહી હતી**

# જેમને દુશ્મનો પણ સલામ કરતા હતા



જન્મ: 28 જાન્યુઆરી, 1899 | મૃત્યુ: 15 મે, 1993

**ફીલ્ડ માર્શલ ભારતીય સેનાનું સર્વોચ્ચ પદ છે. પણ સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં લશ્કરમાંથી માત્ર બે જ વ્યક્તિ આ હોદ્દા સુધી પહોંચ્યા છે. એક સામ માણેકશો અને બીજા જનરલ કોડાંદેરા મદપ્પા કરિઅપ્પા (કે એમ કરિઅપ્પા). તેઓ સેનાના પ્રથમ કમાન્ડર-ઈન-ચીફ હતા. તેમણે 15 જાન્યુઆરી, 1949નાં રોજ હોદ્દો ગ્રહણ કર્યો હોવાથી આ દિવસને સેના દિવસ તરીકે મનાવવામાં આવે છે...**

પરાક્રમ, તાકાત અને શિસ્તની બાબતમાં ભારતીય સેના વિશ્વની શ્રેષ્ઠ સેનાઓમાં સ્થાન પામે છે અને તેનો શ્રેય એ તમામ જનરલને જાય છે, જેમણે સમય સમયે સેનાનું વડપણ કર્યું. આ બધામાં સૌથી પ્રથમ નામ છે- જનરલ કે એમ કરિઅપ્પા. જેમને પોતાના વહીવટ, નીડરતા અને અડગ નિર્ણયોની સાથે સાથે દેશપ્રેમ માટે આજે પણ યાદ કરવામાં આવે છે.

વર્ષ 1922માં 'કાયમી કમિશન' સાથે સેનામાં સેકન્ડ લેફ્ટનન્ટ તરીકે સેવા આપનાર કરિઅપ્પા ફીલ્ડ માર્શલના હોદ્દા સુધી પહોંચનાર પ્રથમ જનરલ હતા. ફાઈવ સ્ટાર રેન્કનું આ સન્માન તેમનાં સિવાય માત્ર જનરલ સેમ માણેકને જ મળ્યું છે. 28 જાન્યુઆરી, 1899માં કર્ણાટકના કુર્ગમાં શનિવર્સાંથિ નામનાં સ્થળે જન્મેલા ફીલ્ડ માર્શલ કરિઅપ્પાએ માત્ર 20 વર્ષની ઉંમરમાં બ્રિટીશ ઈન્ડિયન આર્મીની નોકરી શરૂ કરી હતી.

### જ્યારે કમાન્ડર-ઈન-ચીફ બનાવવામાં આવ્યા

1946માં અંતરિમ સરકારમાં સંરક્ષણ મંત્રી રહેલા બલદેવ સિંહે એ સમયે બ્રિગેડિયરનાં હોદ્દા પર કામ કરી રહેલા નાથૂ સિંહને ભારતના પ્રથમ કમાન્ડર ઈન ચીફ બનાવવાની ઓફર કરી હતી. પણ નાથુ સિંહે નમ્રતાપૂર્વક આ ઓફર ફગાવી દીધી, કારણ કે તેમનું માનવું હતું કે સિનિયર હોવાને કારણે આ હોદ્દા પર કરિઅપ્પાનો દાવો વધુ મજબૂત છે. નાથુ સિંહ બાદ રાજેન્દ્ર સિંહજીને પણ આ હોદ્દો ઓફર કરવામાં આવ્યો, પણ તેમણે કરિઅપ્પાના સન્માનમાં આ હોદ્દો સ્વીકારવાનો ઈનકાર કરી દીધો. અંતે, 4 ડિસેમ્બર, 1948નાં રોજ કરિઅપ્પાને સેનાના પ્રથમ ભારતીય કમાન્ડર ઈન ચીફ બનાવવામાં આવ્યા.

### લેહને ભારતનો હિસ્સો બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા

નવેમ્બર 1947માં કરિઅપ્પાને સેનાની ઈસ્ટર્ન કમાન્ડના પ્રમુખ બનાવીને રાંચીમાં તૈનાત કરવામાં આવ્યા. પણ, બે મહિનાની અંદર જ કાશ્મીરમાં સ્થિતિ કથળવા માંડી. તેમને દિલ્હી અને પૂર્વ પંજાબના જીઓસી ઈન ચીફ બનાવવામાં આવ્યા. તેમણે બનાવેલી યોજના અંતર્ગત ભારતીય સેનાએ પહેલાં નૌશેરા અને ઝંગર પર કબ્જો કરી લીધો અને પછી જોજીલા, દ્રાસ અને કારગિલથી પણ હૂમલાખોરોને ધકેલી દીધા.

### પાકિસ્તાને સન્માન સહિત તેમનો પુત્ર પાછો આપ્યો

1965ની વાત છે. ભારત-પાકિસ્તાન વચ્ચે યુધ્ધ ચાલી રહ્યું હતું. જનરલ કરિઅપ્પા નિવૃત્ત થઈને વતનમાં રહેતા હતા. તેમના પુત્ર નંદા કરિઅપ્પા ભારતીય વાયુસેનામાં ફ્લાઈટ લેફ્ટનન્ટ હતા. યુધ્ધમાં નંદા કરિઅપ્પા પાકિસ્તાની થાણાઓ પર બોંબમારો કરનાર મિશનનું નેતૃત્વ કરી રહ્યા હતા. આ હૂમલામાં તેમનું વિમાન નાશ પામ્યું અને પાકિસ્તાને તેમને બંદી બનાવી લીધા. પાક. રાષ્ટ્રપતિ અયૂબ ખાન જનરલ કરિઅપ્પાના હાથ નીચે સેનામાં કામ કરી રહ્યા હતા. નંદાની ઓળખ થયા બાદ રેડિયો પાકિસ્તાને એલાન કર્યું કે ફ્લાઈટ લેફ્ટનન્ટ નંદા કરિઅપ્પા તેમના કબ્જામાં સલામત છે. અયૂબ ખાને ભારતમાં પાક. હાઈકમિશનર દ્વારા જનરલ કરિઅપ્પાને ઓફર કરી કે તેઓ ઈચ્છે તો તેમના પુત્રને છોડી શકાય તેમ છે. કરિઅપ્પાએ નમ્રતાપૂર્વક ઈનકાર કરતાં કહ્યું કે, નંદુ મારો નહીં, દેશનો પુત્ર છે. તેની સાથે એવું જ વર્તન કરવુ જોઈએ જેવું બીજા યુધ્ધ બંદીઓ સાથે કરવામાં આવે છે. તમારે તેને છોડવો હોય તો તમામ યુધ્ધ કેદીઓને પણ છોડી દો.

### પાકિસ્તાની સૈનિકોએ તેમનાં શસ્ત્રો નીચે મૂકી દીધાં

ભારત-પાકિસ્તાન યુધ્ધ પૂરું થયા બાદ કરિઅપ્પા ભારતીય જવાનોનું મનોબળ વધારવા માટે ભારત-પાકિસ્તાન સરહદ પર ગયા હતા. આ દરમિયાન, તેમણે સરહદ પાર કરીને 'નો મેન લેન્ડ'મા પ્રવેશ કરી લીધો. નંદુ કરિઅપ્પા તેમનાં પિતાની જીવનકથામાં લખે છે, "તેમને જોતાં જ પાકિસ્તાની કમાન્ડરે આદેશ કર્યો કે ત્યાં જ રોકાઈ જાવ. નહીંતર ગોળી મારી દઈશું. ભારતીય સરહદમાંથી કોઈએ મોટેથી કહ્યું, આ જનરલ કરિઅપ્પા છે. આ સાંભળતા જ પાકિસ્તાની સિપાહીઓએ તેમનાં શસ્ત્રો નીચે કરી લીધાં. તેમનાં અધિકારીઓએ જનરલ કરિઅપ્પાને સલામ કરી." જનરલ કરિઅપ્પા 1953માં લશ્કરમાંથી નિવૃત્ત થયા. 1956 સુધી ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં હાઈ કમિશનર તરીકે કામ કર્યું. ભારત સરકારે 1986માં તેમને ફિલ્ડ માર્શલનો હોદ્દો આપ્યો. 15 મે, 1993નાં રોજ બેંગલોરમાં 94 વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું. કરિઅપ્પાને 'ઓર્ડર ઓફ બ્રિટિશ અમ્પાયર' દ્વારા નવાજવામાં આવ્યા હતા. ●



**PMO India** @PMOIndia

युवा नए भारत का कर्णधार भी है, विस्तार भी है।

युवा नए भारत का नियंता भी है, नेतृत्वकर्ता भी है।

हमारे आज के युवाओं के पास प्राचीनता की विरासत भी है, आधुनिकता का बोध भी है।

और इसलिए, जिधर युवा चलेगा उधर भारत चलेगा।

और जिधर भारत चलेगा उधर ही अब दुनिया चलने वाली है: PM



**Rajnath Singh** @rajnathsingh · 5d

The infra projects inaugurated today will bolster security, ensure socio-economic development of far-flung areas & contribute in developing a New India.

The BRO is now ready to set up 'BRO Cafes' at 75 places in border areas, as part of #AzadiKaAmritMahotsav celebrations.



**Amit Shah** @AmitShah ·

एक किसान हितैषी सरकार कैसी होती है ये देश ने पिछले 7 साल से किसानों को आत्मनिर्भर बनाने हेतु निरंतर अहर्निश प्रयास कर रही मोदी सरकार के रूप में देखा है।

#PMKisan योजना ने खेती के सबसे महत्वपूर्ण समय पर किसानों को आर्थिक संबल देकर उन्हें कर्जमुक्त रखने का बहुत बड़ा काम किया है।



**Nitin Gadkari** @nitin_gadkari

उत्तर प्रदेश राज्य में कानपुर-लखनऊ एक्सप्रेस-वे (NE-6) के लखनऊ रिंग रोड पर शहीद पथ के निकट से NH-27 (स्पर सहित) खंड के 6 लेन के निर्माण को ₹1935.64 करोड़ बजट परिव्यय के साथ स्वीकृत किया गया है।

#PragatiKaHighway #GatiShakti @myogiadityanath @rajnathsingh @kpmaurya1 @BJP4UP



**Dharmendra Pradhan** @dp...

#NEP2020 के अंतर्गत खेलों को अन्य विषयों के समांतर ही महत्व दिया गया है।

उत्तर प्रदेश में तेजी से बढ़ते विश्वविद्यालयों का जाल, प्रदेश के युवाओं को बेहतर सुविधा, प्रशिक्षण व मार्गदर्शन देंगे और उन्हें #AatmanirbharBharat निर्माण का अहम स्तम्भ बनाएंगे।

#खेलेगा_यूपी_बढ़ेगा_यूपी



**G Kishan Reddy** @kishanre... · 3d

Providing enhanced connectivity & giving impetus to religious tourism @RailMinIndia is fast-tracking the Char Dham Railway project between Rishikesh-Karnaprayag.

It is the longest bridge (489mts) of the project and shall connect Srinagar town to proposed Railway station.

## देश बना दुनिया का दूसरा स्टार्टअप हब : मोदी

**पीएम ने छात्रों से कहा-आपके पास अब पूरे विश्व में टेक्नोलॉजी के क्षेत्र में काम करने का मौका**

अमर उजाला ब्यूरो

कानपुर। आईआईटी के 54 वें दीक्षांत समारोह में प्रधानमंत्री नरेंद्र मोदी ने छात्रों से कहा कि आजादी के 75वें साल में देश के पास 75 से अधिक यूनिकोर्न्स (वैश्विक स्तर पर पहचान बनाने वाले स्टार्टअप) और 50 हजार से अधिक स्टार्टअप हैं। इनमें से 10 हजार से अधिक स्टार्टअप तो केवल पिछले छह महीने में ही शुरू हुए हैं। भारत दुनिया का दूसरा स्टार्टअप हब बन गया है। तकनीक का युग है। उन्होंने छात्रों से कहा कि आपने जवानी के इतने महत्वपूर्ण साल तकनीक का एक्सपर्ट बनने में लगाए हैं। आपके पास इससे बड़ा अवसर और क्या होगा, जब आपके पास देश के साथ पूरे विश्व में टेक्नोलॉजी के क्षेत्र में काम करने का मौका है। पीएम ने कहा कि आर्टिफिशियल इंटेलीजेंस (एआई), एनर्जी एंड क्लाइमेट सॉल्यूशन, हाईटेक इंफ्रास्ट्रक्चर क्षेत्र में काम करने का स्कोप है। स्वास्थ्य क्षेत्र में भी तकनीक हावी है। आप लोग डिजिटल बायोलॉजी के युग में हैं, रोबोट असिस्टेंट ट्रीटमेंट के दौर में पैर रख रहे हैं।



आईआईटी कानपुर के दीक्षांत समारोह में अभ्युदय पांडेय को प्रेसिडेंट गोल्ड मेडल देते प्रधानमंत्री नरेंद्र मोदी।

**अवैध हथियारों के गैंग के लिए बदनाम यूपी अब डिफेंस कॉरिडोर का निर्माण कर रहा**

मोदी ने यहां रेलवे मैदान में 15 हजार करोड़ से अधिक की परियोजनाओं के लोकार्पण के अवसर पर कहा कि पिछली सरकारों और वर्तमान की डबल इंजन सरकार के काम में फर्क साफ दिखता है। उन्होंने कहा जो यूपी अवैध हथियारों के गैंग के लिए बदनाम था, वही यूपी अब डिफेंस कॉरिडोर का निर्माण कर रहा है।

***आज सोच कुछ कर गुजरने की है***

*मोदी ने कहा कि जो सोच और एटीट्यूड आपका है, वैसा ही आपके देश का है। पहले सोच काम चलाने की होती थी तो आज सोच कुछ कर गुजरने की है। पहले समस्याओं से पीछा छुड़ाने की कोशिश थी, आज समस्याओं के समाधान के संकल्प लिए जाते हैं।*

**यहां तक आपके पहुंचने में परिवार और शिक्षकों की भूमिका कम नहीं**

मोदी ने कहा कि शहर के लिए दोहरी खुशी का मौका है। एक तरफ मेट्रो की सुविधा मिल रही है और दूसरी ओर आईआईटी ने तकनीक की दुनिया को अनमोल उपहार दिया है। छात्रों से कहा कि आप यहां तक पहुंचे हैं, उसमें केवल आपकी ही नहीं बल्कि आपके माता पिता, शिक्षकों, प्रोफेसरों की मेहनत है। आपके माता-पिता को भी धन्यवाद। आईआईटी में प्रवेश से पहले आपकी सोच का दायरा स्कूल तक ही सीमित था, लेकिन आईआईटी ने ज्ञान के दायरे को बड़ा कैनवास दिया है। पहले फियर ऑफ अननोन था, अब आप पूरी दुनिया को एक्सप्लोर करने का हौसला लेकर आगे बढ़ें।

***आईआईटी के प्रयासों को सराहा***

*पीएम ने आईआईटी के कार्यों को सराहना की। आईआईटी की इन्क्यूबेटेड कंपनी ने बनारस के घाट पर दुनिया का पहला फ्लोटिंग सीएनजी फिलिंग स्टेशन बनाया है। 5जी में तो आईआईटी कानपुर ग्लोबल स्टैंडर्ड का हिस्सा बन गया है।*

रेडियो कार्यक्रम में प्रधानमंत्री ने जागरूकता का आह्वान किया

## ओमीक्रोन में सतर्कता सबसे बड़ी ताकत : मोदी





नई दिल्ली | विशेष संवाददाता

प्रधानमंत्री मोदी ने रविवार को देशवासियों को ओमीक्रोन वेरिएंट को हल्के में नहीं लेने की अपील करते हुए कोरोना संबंधी सभी नियमों का पालन करने की हिदायत दी है। उन्होंने कहा कि हमारी सामूहिक शक्ति ही कोरोना को परास्त करेगी, इसी दायित्वबोध के साथ हमें 2022 में प्रवेश करना है। उन्होंने कहा कि इस साल भी वह परीक्षाओं से पहले छात्रों के साथ परीक्षा को लेकर चर्चा करने की तैयारी कर रहे हैं।

इस साल के अपने आखिरी मासिक रेडियो कार्यक्रम 'मन की बात' में कहा कि देश आज अमृत महोत्सव मना रहा है। नए साल को बेहतर बनाने का संकल्प लें। कोरोना के नए वेरिएंट का जिक्र करते हुए उन्होंने कहा कि यह जनशक्ति की ही ताकत और सबका प्रयास है कि 100 साल में आई सबसे बड़ी महामारी से भारत लड़ सका। यह हम भारतीयों की इच्छाशक्ति का प्रमाण है।





चेन्नई में रविवार को मन की बात कार्यक्रम सुनते लोग।

**प्रधानमंत्री ने कैप्टन वरुण सिंह का जिक्र किया**

प्रधानमंत्री ने कहा कि मां भारती की सेवा में लगे अनेक जीवन आकाश की इस बुलंदियों को रोज नई से छूते हैं, ऐसा ही एक जीवन रहा ग्रुप कैप्टन वरुण सिंह का। प्रधानमंत्री ने कहा कि वरुण सिंह उस हेलिकॉप्टर को उड़ा रहे थे, जो इस माह तमिलनाडु में हादसे का शिकार हो गया। हादसे के बाद कैप्टन वरुण सिंह भी मौत से कई दिनों तक जांबाजी से लड़े, लेकिन वो भी हमें छोड़कर चले गए। **लखनऊ के नीलेश के एक पोस्ट की चर्चा :** प्रधानमंत्री ने लखनऊ के रहने वाले निलेश जी की एक पोस्ट की चर्चा करते हुए कहा कि निलेश जी ने लखनऊ में हुए एक अनूठे ड्रोन शो की बहुत प्रशंसा की है। आप भी इसी तरह आन्दोलन से जुड़े अनूठे पहलुओं कोसामने ला सकते हैं।

हिमाचल को पीएम की 11581 करोड़ की सौगात

## मोदी ने कहा, टीकाकरण में पिछड़ रहे कुछ राज्य

शिमला (एसएनबी)। प्रधानमंत्री नरेंद्र मोदी ने कहा कि आज देश में सरकार चलाने के दो अलग-अलग मॉडल काम कर रहे हैं। एक मॉडल है, सबका साथ-सबका विकास, सबका विश्वास और सबका प्रयास। वहीं दूसरा मॉडल है खुद का स्वार्थ, परिवार का स्वार्थ और विकास भी खुद के परिवार का है। अगर हम हिमाचल में ही देखें तो आज पहला मॉडल, जिस मॉडल को हम लेकर के आपके पास आए वो मॉडल पूरी शक्ति से राज्य के विकास में जुटा हुआ है। इसी का परिणाम है कि हिमाचल ने अपनी पूरी वयस्क जनसंख्या को वैक्सीन देने में बाकी सबसे बाजी मार ली। उन्होंने ऐसे राज्यों की आलोचना की जो कोविड टीकाकरण अभियान में पीछे हैं। पीएम ने कहा, स्वार्थ और विलंब की विचारधारा के कारण ऐसे राज्यों को जनता के स्वास्थ्य की चिंता कम है। प्रधानमंत्री ने यह बात सोमवार को मण्डी में राज्य के लिए लगभग 11581 करोड़ रुपये लागत की विकास परियोजनाओं के लोकार्पण और शिलान्यास अवसर पर लोगों को संबोधित करते हुए कही।




प्रधानमंत्री ने मण्डी से वर्चुअल माध्यम से हिमाचल प्रदेश पावर कॉर्पोरेशन लिमिटेड द्वारा 2082 करोड़ रुपये की लागत से निर्मित 111 मेगावाट क्षमता की सावड़ा कुड्डू जल विद्युत परियोजना का लोकार्पण किया। उन्होंने सिरमौर जिले में गिरी नदी पर 7000 करोड़ रुपये के रेणुका जी बांध और हमीरपुर व कांगड़ा जिले में ब्यास नदी पर बनने वाले भारत सरकार और राज्य सरकार के संयुक्त उपक्रम 66 मेगावाट क्षमता की धौलासिद्ध जल विद्युत परियोजना की आधारशिला भी रखी। इस अवसर पर लोगों को संबोधित करते हुए, प्रधानमंत्री ने कहा कि हिमाचल प्रदेश के लोगों के साथ उनके भावनात्मक संबंध हैं। उन्होंने राज्य सरकार को चार साल का महत्वपूर्ण कार्यकाल पूर्ण करने के लिए भी बधाई दी। उन्होंने कहा कि इस डबल इंजन सरकार ने यह सुनिश्चित किया है कि महामारी के दौरान भी विकास की गति निर्बाध रूप से चलती रहे।

बढ़ती महामारी से चिंतित सरकार ने जारी किया परामर्श

## केंद्र की नई 'गाइडलाइन'

● भीड़ को नियंत्रित करने के लिए जरूरत के हिसाब से स्थानीय स्तर पर पाबंदियां लगाने पर विचार करें राज्य : पांच चरणीय रणनीति जिसमें जांच, संक्रमितों के सम्पर्क में आए लोगों की पहचान, उपचार, टीकाकरण और संक्रमण के मामलों को बढ़ने से रोकने के लिए कोविड-19 संबंधी दिशानिर्देशों का पालन सुनिश्चित किया जाना चाहिए



**परामर्श में प्रदान किया गया मानक ढांचा**

**ऑक्सीजन और दवाओं की आपूर्ति सुनिश्चित रखी जाए**

## बच्चों को भी चार हफ्ते के अंतराल पर दोनों खुराक

नई दिल्ली | एजेंसी

देश में 15 से 18 साल के बच्चों को 3 जनवरी से कोरोना वैक्सीन लगाई जाएगी। सरकार ने यह फैसला ओमीक्रोन संक्रमण के बढ़ते खतरे को देखते हुए लिया है।

केंद्र सरकार की कोविड-19 टास्क फोर्स के चेयरमैन डॉ. एनके अरोड़ा ने रविवार को कहा कि बच्चों को भी बड़ों की तरह ही चार सप्ताह के अंतराल पर टीके की दोनों खुराक दी जाएंगी। उन्होंने इसे उचित समय पर किया गया फैसला बताया है। डॉ. अरोड़ा ने कहा कि 12 से 18 साल तक की उम्र वाले बच्चों का शारीरिक व्यवहार बहुत हद तक वयस्कों जैसा ही होता है। देश में कोविड-19 के कारण हुई कुल मौत में से दो तिहाई इस उम्र वाले बच्चों की हैं। ऐसे में इस उम्र वाले किशोरों को बचाव की ज्यादा जरूरत है। वे सब जगह घूमते रहते हैं और उनका संक्रमित होने का जोखिम ज्यादा होता है। डॉ. अरोड़ा ने कहा कि बच्चों का टीकाकरण करने में कोई विशेष मेहनत नहीं करनी होगी। यह बेहद कम समय में बिना किसी अतिरिक्त तैयारी के शुरू किया जा सकता है।

**कोवैक्सीन दी जाएगी :** अगले साल 03 जनवरी से 15-18 साल आयु वर्ग के किशोरों को दिए जाने वाले कोविड निरोधक टीकाकरण के लिए सिर्फ भारत बायोटेक के टीके 'कोवैक्सीन' के ही उपलब्ध रहने की संभावना है।

**9 से 12 माह हो सकता है बूस्टर डोज का अंतर**

नई दिल्ली। कोरोनारोधी टीके की दूसरी और तीसरी खुराक (एहतियाती खुराक) के बीच का अंतराल संभवत: 9 से 12 माह हो सकता है। आधिकारिक सूत्रों ने रविवार को यह जानकारी दी। भारत के टीकाकरण कार्यक्रम में वर्तमान में उपयोग किए जा रहे टीकों कोविशील्ड-कोवैक्सीन के लिए अंतराल की बारीकियों पर काम किया जा रहा है। इस पर अंतिम निर्णय जल्द लिया जाएगा। प्रधानमंत्री नरेंद्र मोदी ने शनिवार रात राष्ट्र के नाम एक संबोधन में घोषणा की कि 15-18 वर्ष के किशोरों के लिए कोविड-19 के खिलाफ टीकाकरण तीन जनवरी से शुरू होगा।


RNI No. :
DELGUJ/2020/78810
January: 16-31, 2022

NEW INDIA
SAMACHAR
FORTNIGHTLY

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date January 6, 2022, Pages - 52)

શહીદ દિવસ
30 જાન્યુઆરી

# અહિંસાના પુજારી
## રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની
## પૂણ્યતિથીએ શત શત નમન




"મહાત્મા ગાંધીએ એક એવી સમાજ વ્યવસ્થાનું બીડું ઝડપ્યું, જે સરકાર પર આધારિત ન હોય. મહાત્મા ગાંધી પરિવર્તન લાવ્યા એ બધાં જાણે છે, પણ એ કહેવું પણ યોગ્ય રહેશે કે તેમણે લોકોની આંતરિક શક્તિને જગાવીને તેમને પોતાનામાં પરિવર્તન લાવવા માટે જાગૃત કર્યા. આઝાદીના સંઘર્ષની જવાબદારી ગાંધીજી પર ન હોત તો તેઓ પણ સ્વરાજ અને સ્વાવલંબનનાં મૂળ તત્વને લઈને આગળ વધત. ગાંધીજીનું આ વિઝન આજે ભારત સામેનાં મોટાં પડકારોનો ઉકેલ લાવવાનું મોટું માધ્યમ બની રહ્યું છે. વીતેલાં વર્ષોમાં અમે જનભાગીદારીને પ્રાથમિકતા આપી છે. પછી એ સ્વચ્છ ભારત અભિયાન હોય કે ડિજિટલ ઈન્ડિયા હોય. લોકો આ અભિયાનોનું નેતૃત્વ ખુદ કરી રહ્યા છે."

-નરેન્દ્ર મોદી, **વડાપ્રધાન**

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**, Principal Director General, Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from**
**Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020